



સળંગ અંક ૮ ગુરુ ગણપતિ અંક જુલાઈ - ઓગષ્ટ ૯૪



# ‘‘ શ્રી ઉપાસના ’’

૨૪, આનંદધામ, આનંદપાર્ક, કડી–૩૮૨૭૧૫ ફોન : (કોડ નં. ૦૨૭૬૯) ૨૦૬૯, ૩૨૩૫

તંત્રી : શ્રી જીવણભાઈ એમ. પટેલ

સહતંત્રી : શ્રી બાબુભાઈ જે. બારોટ

સંચાલક : શ્રી દેવીબા - શિવગુરુજી

વર્ષ - ૧ સળંગ અંક : ૮ જુલાઈ-ઓગસ્ટ-૧૯૯૪



**: સંપાદક મંડળ :**

**સંપાદક :**
● શ્રી રમેશ ત્રિવેદી

**સહ સંપાદક :**
● શેઠ શ્રી કુમારપાળ કાન્તિલાલ
● શ્રી રસિકભાઈ નાયક ● શ્રી ચન્દ્રશંકર પંડ્યા
● શ્રી કાન્તિભાઈ ઠાકર ● શ્રી અજીતભાઈ કડીકર

**સંપાદન સલાહકાર :**
● શ્રી નંદકિશોરભાઈ ● શ્રી રજનીકાન્ત ભટ્ટ
● ડૉ. પંકજ પટેલ ● પ્રા. ડૉ. નરેન્દ્ર મહેતા

● **આવરણ :**
શ્રી બાબુભાઈ પટેલ

● **મુદ્રક :**
શ્રી ગોકુલેશ ટાઈપ સેટીંગ કું.
અમદાવાદ ફોન નં. C/o. ૩૬૧૮૨૧

● **વાર્ષિક લવાજમ :**
સો રૂપિયા (ભારત)
દશ પાઉન્ડ (વિદેશ)
ચાલીસ પાઉન્ડ (પાંચ વર્ષ માટે)

● **આજીવન ગ્રાહક :**
એક હજાર રૂપિયા (ભારત)
૧૦૧ પાઉન્ડ (વિદેશ)
(૧૨૫ ડોલર)

● **લવાજમ :**
રોકડા/ચેક તથા એમ. ઓ. થી સ્વીકારાય છે.

● **લવાજમ મોકલવાનું સ્થળ :**
મંત્રીશ્રી/કાર્યાલય, શ્રી રાજરાજેશ્વરી પીઠમ્,
શ્રી વિદ્યા ઉપાસક ચેરીટેબલ ટ્રસ્ટ,
આનંદપાર્ક સોસા., કડી-૩૮૨૭૧૫

**Shree Vidya Upasak Mandal (U.K.)**
**શ્રી વિદ્યા ઉપાસક મંડળ (યુ. કે.)**
37, Norwood Road Southall
Middesex U. K.


## આશિર્વચન

**વહાલાં બાળકો,**

સદ્‌ગુરુમાં ચૈતન્ય સંપૂર્ણપણે વિલસતું હોઈ એમની પરિશુદ્ધ રસના - વાણીમાં સ્વયં સરસ્વતી બિરાજે છે. યુગપરિવર્તનની અસાધારણ દિવ્ય શક્તિઓનું મુદ મંગલમય જંગમ મંદિર છે. સદ્‌ગુરુ શિષ્યમાં પોતાનું આત્મતત્ત્વ પ્રાણ તત્ત્વ આરોપી ઉત્સાહ પ્રેરક અને પ્રાણવાન બનાવી શ્રીવિદ્યાથી સંપૂર્ણ સજ્જ કરે છે. ભક્તિ મુક્તિને પ્રદાન કરે છે. "તલેકી બસ્તુ ગગન ઠહરાવે ગુરુજીકે શબ્દ શરસે" શિષ્યનું ભૌતિકમાં રમતું ચિત્ત અધ્યાત્મમાં રમમાણ કરી દે છે. સંકુચિતતાભર્યા ક્ષુદ્ર ભાવોને વિશ્વવ્યાપક વિશાળ ભાવોમાં પરિવર્તિત કરવા અહોનિશ અથાગ અને અનન્ય પુરુષાર્થ કરતા હોય છે. નારીમાંથી નારાયણી અને નરમાંથી નારાયણ બનાવનાર બ્રહ્મસ્વરૂપ ગુરુદેવનું ઋણ કોઈ ચૂકવી શકે ખરું ભલા ? સદ્‌ગુરુનું જીવન વિશ્વ માત્રના જીવોના કલ્યાણ અર્થે હોય છે. માટે તો સદ્‌ગુરુના ચરણકમલોમાં તન-મન-ધન અર્પણ કરી ન્યોછાવર બની જવાની શિષ્યને તમન્ના પ્રગટે છે. વિશ્વાનંદ પ્રગટાવવાના અને સર્વત્ર શાંતિ પ્રસ્થાપનના સદ્‌કાર્યમાં શિષ્ય અનુગામી બને એ જ સદ્‌ગુરુ પૂજન છે. અર્ચન છે. સપર્યા છે.

ઉપાધિના મૂળ અહંકારનો હવન કરી ગુરુદેવ મંડલ દેવતાઓની અનન્યકૃપા વર્ષા પામવા આપણે સૌ ગુરુદેવોના ચરણ કમલોમાં આપણી જાત સમર્પી દઈએ અને દરેક પરિસ્થિતિમાં સુરક્ષિત રહીએ. **ગુરુપૂર્ણિમાના દિવ્ય પર્વે મારાં સઘળાં વહાલાં આત્મીય બાળકો ભગવતીને ગમતો આ દિવ્ય સંદેશો જીવનમાં સાકાર કરે અને ભગવતીએ અર્પેલ જીવન ભગવતીને ગમતાં કાર્યોમાં યજ્ઞવત્ આચરે, દિવ્ય જીવન બનાવે. ધન્ય જીવન બનાવે એવા અંતઃકરણના શુભ આશિષ સહ.**

**શ્રીદેવી - શિવગુરુનાં આશિષ**

# ...અનુક્રમણિકા...


| ક્રમ | કૃતિ | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | આશીર્વચન | પૂ. શ્રી દેવીબા, પૂ. શિવગુરુજી | ૧ |
| ૨. | સત્સંગ-સુધા | સંકલન : શ્રી રસિકભાઈ નાયક | ૩ |
| ૩. | ગુર્વષ્ટકમ્ - ભાવાનુવાદ | શ્રી બાબુભાઈ જે. બારોટ | ૪ |
| ૪. | પ્રથમ ગુરુ - મા | શ્રી બાબુભાઈ જે. બારોટ | ૫ |
| ૫. | પિતૃદેવો ભવ | શ્રી બાબુભાઈ જે. બારોટ | ૭ |
| ૬. | આચાર્ય દેવો ભવ | શ્રી બાબુભાઈ જે. બારોટ | ૮ |
| ૭. | અતિથિ દેવો ભવ | શ્રી બાબુભાઈ જે. બારોટ | ૮ |
| ૮. | કાવ્યામૃત | શ્રી પુરુષોત્તમભાઈ દીવેચા | ૯ |
| ૯. | દીક્ષા ગુરુ- કુલગુરુ | | ૯ |
| ૧૦. | ગુરુભક્તિ દ્વારા બ્રહ્મજ્ઞાન | સંકલન : ડૉ. અશોક નાયક | ૧૦ |
| ૧૧. | સદ્‌શિષ્ય આદર્શ શિષ્ય | સંકલન : ડૉ. અર્ચના નાયક | ૧૧ |
| ૧૨. | દીક્ષા - બીજમંત્ર | સંકલન : શ્રી પી. એમ. નાયક | ૧૩ |
| ૧૩. | સાચી પ્રાર્થના | મહાત્મા ટોલસ્ટોય (બોધકથા) | ૧૫ |
| ૧૪. | ક્લેશ | રમેશ ત્રિવેદી (લઘુકથા) | ૧૫ |
| ૧૫. | મધુવિદ્યાની સંપ્રાપ્તિ | | ૧૬ |
| ૧૬. | પ્રસન્નતાનું પાથેય | સત્યમ્ | ૧૬ |
| ૧૭. | તન્ત્ર - વિદ્યા | ડૉ. પ્રજ્ઞા શાહ | ૧૭ |
| ૧૮. | આરતીઓ | | ૨૩ |
| ૧૯. | સદ્‌ગુરુ મહિમા | | ૨૪ |
| ૨૦. | સૌંદર્ય લહરી | | ૨૫ |
| ૨૧. | ગણપતિના વિવિધ નામ | | ૨૮ |
| ૨૨. | કુંડલીની સાધનાની સમજણ | | ૩૦ |
| ૨૩. | મંગલાચરણ - શ્રી મહાગણપતિ | બાબુભાઈ જે. બારોટ | ૩૧ |
| ૨૪. | શ્રી ગણેશાથર્વશીર્ષમ્ | ડૉ. હિંમતલાલ જાની | ૩૧ |
| ૨૫. | શ્રી ગણેશબંધુ કાર્તિક | મા. શ્રી રતિલાલ સાં. નાયક | ૩૫ |
| ૨૬. | ગણેશજી - આઠ મુખ્ય અવતાર | શ્રી ચન્દ્રશંકર શાસ્ત્રી | ૩૬ |
| ૨૭. | ગણેશ સ્તોત્ર | પ્રા. ડૉ. નરેન્દ્રભાઈ મહેતા | ૩૭ |
| ૨૮. | ગણેશ સ્વરૂપ દર્શન | શિવમ્ | ૩૮ |
| ૨૯. | ગણ - અધિનાયક - ગણેશ | સુન્દરમ્ | ૩૯ |
| ૩૦. | શ્રી ગણેશ -પ્રાગટ્ય | શ્રી શંકરલાલ મ. નાયક | ૪૧ |
| ૩૧. | ગણનાથ - વિઘ્નેશ | પ્રો. એમ. એમ. ત્રિવેદી | ૪૨ |
| ૩૨. | શ્રી ગણેશજીની આરતી | | ૪૪ |
| ૩૩. | આરોગ્ય | વૈદ્ય મહેન્દ્રનાથ વેદાલંકાર | ૪૫ |
| ૩૪. | સંસ્થાકીય | | ૪૭ |
| ૩૫. | ભાવ-પ્રતિભાવ | | ૪૭ |

# સત્સંગ સુધા

**સંકલન -રસિકભાઈ મ.નાયક**

**પૂ. બાનાં વચનામૃતો.**

**વ્હાલાં બાળકો,**

મેં આગળ કહ્યું હતું તેમ નવરાત્રિ એ સાધકો માટે સુવર્ણકાળ છે, સોનેરી સમયછે અતિ મૂલ્યવાન સમય છે. તે દિવસોમાં માને પોતાનું તમામ ઐશ્વર્ય આપી દેવાનો પાનો ચઢયો હોય છે. મા આ દિવસોમાં બાળકોને શોધે છે અને પોતે તૃપ્ત થાય ત્યાં સુધી બાળકોને પ્રદાન કરે છે તેથી તમો પણ ચૂકશો નહિ. આમ કહેવાનું તાત્પર્ય એ છે કે આપણું મન અને દેહ આપણને ગમે ત્યાં અને ગમે ત્યારે પાડી દે છે. સત્કર્મમાં શત્રુઓના અવરોધ વધે છે. જગતપિતાએ જગતનું સર્જન કરવાનું વિચાર્યું ત્યારે પણ અવરોધો આવ્યા, જગતનું સર્જન થાય જ નહિ. દેવોએ માને પ્રાર્થના કરી, માએ પોતાના અંગમાંથી મહાગણપતિદાદાનું પ્રાગટય કર્યું તેઓને પ્રાર્થના કરી... વક્રતુંડ મહાકાય,... નિર્વિઘ્નં કુરુ મે દેવ શુભ કાર્યેષુ સર્વદા. આ પ્રાર્થના પછી તેમની પ્રસન્નતા થતાં જગતનો વિસ્તાર થયો. મતલબ કે સત્કર્મોમાં વિઘ્નો આવે છે પરંતુ વિઘ્નહર્તા દેવ શ્રી ગણપતિદાદા છે તેમને પ્રસન્ન કરવાથી વિઘ્નો દૂર થાય છે. મનની મજબૂતાઈ વધે છે. સંકલ્પો દ્દઢ થાય છે, મા બળ પૂરે છે અને શત્રુઓ શાંત થઈ જાય છે.

આપણા મનીષિઓએ ગણપતિદાદાનું સ્વરૂપ આપણી સમક્ષ મૂકીને મહાન ઉપકાર કર્યો છે. અડખે પડખે શ્રી અને સિદ્ધિને રાખી રહેલા ગણપતિદાદાનું સ્વરૂપ અતિ રમ્ય છે. તેમનું સ્થૂલ સ્વરૂપ પણ ઘણું બધું જ્ઞાન આપે છે.

મનુષ્યે દેવ બનવા,ગણ એટલે સમૂહના પતિ, આગેવાન બનવા, ગમતી-અણગમતી પરિસ્થિતિ વિષે વિચારી તેમાંની કેટલીક વાતોને પેટમાં સમાવી મોટા પેટવાળા થવાનો બોધ કરે છે. આમ ગણપતિના જેવા ગુણવાન બનતાંની સાથે જ સિદ્ધિ અને સરસ્વતી પ્રસન્ન થાયછે. તેથી મનુષ્ય યશસ્વી અને શ્રીમાન બને છે. તથા તેનાં શુભ કાર્યોનો વિસ્તાર શરૂ થાય છે. તેમાં આવતાં વિઘ્નો દૂર થાય છે. માણસ માના ઐશ્વર્યની અનુભૂતિ પામે છે. દુઃખ ભૂલી જાય છે. દર્દ યાદ આવતું નથી.

માના આનંદમાં ખોવાવા સતત માની સ્મૃતિમાં લાગ્યા રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ. કર્મ અને કર્મફળ આગળ કોઈનું ડહાપણ ચાલતું નથી. મોટા મોટા પુરૂષો પણ દુઃખમાં રોદણાં રડયા નથી તેવે સમયે ઈશ્વર સ્મરણમાં વધુ એકાગ્ર થવાથી દુઃખો સતાવતાં નથી.

આમ મનુષ્યની પ્રગતિ માટે શુભ અને દ્દઢ સંકલ્પ, મનોબળની જરૂર છે. શુભ સંકલ્પવાળાં સારાં કાર્યો નિર્વિઘ્ને પૂર્ણ થવા મહાગણપતિની પ્રસન્નતા પામવાની જરૂર છે. ગણપતિની પ્રસન્નતા થતાં રિદ્ધિ સિદ્ધિ અને સરસ્વતી પ્રસન્ન થાય છે. સરસ્વતી બુદ્ધિ દાત્રી હોઈ જ્ઞાન પ્રદાન કરે છે. જ્ઞાન મળતાંજ માણસ દ્વંદ્વોમાંથી મુક્ત થાય છે. અને મનુષ્ય ભાવમાંથી મુક્ત થતાં જ દેવત્વ પામે છે.

મા ઉપર પૂર્ણ વિશ્વાસ રાખવાથી અને સતત પ્રયત્નશીલ રહેવાથી મા જ તમામ પરિસ્થિતિને યોગ્ય અને સુવ્યવસ્થિત બનાવી આપે છે. અસ્તુ.

★

## "જીવનયજ્ઞ"

યજ્ઞ જુદો અને જીવન જુદું એ ન ચાલે. આપણે એવો યજ્ઞ કરવો નથી. આપણું જીવન એ જ આપણો યજ્ઞ થાય. જન્મ થતાંની સાથે જ યજ્ઞ શરૂ થયો છે અને એમાં સાંજ સવાર આહુતિઓ અપાઈ રહી છે. ભેટ પૂજા ધરાઈ રહી છે અને સ્તુતિઓ ભણાઈ રહી છે.

આ સૃષ્ટિનું સર્જન થયું એ પણ એક યજ્ઞ છે. જેમાં આત્માનું સમર્પણ હોય, જાતનું બલિદાન હોય, જીવનનું વ્રત હોય, તે જ યજ્ઞ છે. જ્યાં સાધ્ય અને સાધન એક બને એનું નામ આત્મયજન, યજ્ઞોમાં એ શ્રેષ્ઠ યજ્ઞ.

★★

ખરેખર જ્યારે ત્રણ ઉત્તમ શિક્ષકો એટલે કે માતા, પિતા અને આચાર્ય હોય ત્યારે જ મનુષ્ય જ્ઞાની બની શકે છે. તે કુળ ધન્ય છે. તે સંતાન ભાગ્યશાળી છે. જેનાં માતા અને પિતા ધાર્મિક વિદ્વાન હોય.

**સ્વામી દયાનંદ.**

વન

# गुर्वष्टकम्

श्रीसद्गुरवे नमः

शरीरं सुरूपं तथा वा कलत्रं यशश्चारु चित्रं धनं मेरुतुल्यम् ।
गुरोरङ्घ्रिपद्मे मनश्चेन्न लग्नं ततः किं ततः किं ततः किं ततः किम् ।।१।।
कलत्रं धनं पुत्रपौत्रादि सर्वं गृहं बान्धवाः सर्वमेतद्धि जातम् ।
गुरोरङ्घ्रिपद्मे मनश्चेन्न लग्नं ततः किं ततः किं ततः किं ततः किम् ।।२।।
षडङ्गादिवेदो मुखे शास्त्रविद्या कवित्वादि गद्यं सुपद्यं करोति ।
गुरोरङ्घ्रिपद्मे मनश्चेन्न लग्नं ततः किं ततः किं ततः किं ततः किम् ।।३।।
विदेशेषु मान्यः स्वदेशेषु धन्यः सदाचारवृत्तेषु भक्तो न चान्यः ।
गुरोरङ्घ्रिपद्मे मनश्चेन्न लग्नं ततः किं ततः किं ततः किं ततः किम् ।।४।।
क्षमामण्डले भूपभूपालवृन्दैः सदा सेवितं यस्य पादारविन्दम् ।
गुरोरङ्घ्रिपद्मे मनश्चेन्न लग्नं ततः किं ततः किं ततः किं ततः किम् ।।५।।
यशो मे गतं दिक्षु दानप्रतापज्जगद्वस्तु सर्वं करे मत्प्रसादात् ।
गुरोरङ्घ्रिपद्मे मनश्चेन्न लग्नं ततः किं ततः किं ततः किं ततः किम् ।।६।।
न भोगे न योगे न वा वाजिराजौ न कान्तामुखे नैव वित्तेषु चित्तम् ।
गुरोरङ्घ्रिपद्मे मनश्चेन्न लग्नं ततः किं ततः किं ततः किं ततः किम् ।।७।।
अरण्ये न वा स्वस्य गेहे न कार्ये न देहे मनो वर्तते मे त्वनर्घ्ये ।
गुरोरङ्घ्रिपद्मे मनश्चेन्न लग्नं ततः किं ततः किं ततः किं ततः किम् ।।८।।
अनर्घ्याणिपद्मे रत्नानि भुक्तानि सम्यक् समालिङ्गिता कामिनी यामिनीषु ।
गुरोरङ्घ्रिपद्मे मनश्चेन्न लग्नं ततः किं ततः किं ततः किं ततः किम् ।।९।।
गुरोरष्टकं यः पठेत् पुण्यदेही यतिर्भूपति ब्रह्मचारी च गेही ।
लभेद्वाञ्छितार्थं पदं ब्रह्मसंज्ञं । गुरोरुक्तवाक्ये मनो यस्य लग्नम् ।।१०।।

## "ગુર્વષ્ટકમ્"

**"શ્રીસદગુરવે નમઃ"** **ભાવાનુવાદ**

જો શરીર સુન્દર હોય, સ્ત્રી પણ સુન્દર હોય, અદભુત વિશદ યશ અને સુમેરુપર્વતના સમાન વિપુલધન પ્રાપ્ત થયું હોય, પરંતુ મન શ્રીસદગુરુના ચરણકમલોમાં લીન થયું ન હોય તો એનાથી શો લાભ ?

જેને સ્ત્રી, ધન, પુત્ર-પૌત્ર વગેરે સઘળું કુટુંબ, ગૃહ બાન્ધવ-આ સઘળું ભલે પ્રાપ્ત થયું હોય, જેના મુખમાં છ અંગસહિત તથા છ શાસ્ત્રોની વિદ્યા વિદ્યમાન છે અને જે સુન્દર ગદ્ય-પદ્યવાળી કવિતા પણ કરે છે, જેમનું વિદેશોમાં ભારે સન્માન

છે, સ્વદેશમાં પણ જે ધન્ય મનાય છે તથા જેના સમાન બીજો કોઈ સદાચારી ભક્ત નથી, ભૂમંડલના સઘળા રાજસમૂહો દ્વારા જેમનાં ચરણકમલ સદા સેવિત છે દાનના પ્રતાપે દિશાઓમાં યશ વ્યાપ્ત છે. સઘળી ચીજો કરતલગત છે, ચિત્ત ન ભોગમાં લાગે છે, ન યોગમાં, ન ધનમાં આસક્ત થાય છે, એવા માણસનું મન જો શ્રી સદ્ગુરુના ચરણોમાં લીન થયું ન હોય તો એનાથી શો લાભ? જો મારું મન ન વનમાં, ને પોતાના ઘરમાં, ન કાર્યમાં અને ન બહુમૂલ્ય શરીરમાં લાગે છે, અને અગર જો તે શ્રીસદ્ગુરુના ચરણ કમલમાં લીન થયું ન હોય તો એનાથી શો લાભ?

જેનું મન ગુરુના ચરણકમળોમાં લીન થયેલું છે. એવા પવિત્રકાર્ય સંન્યાસી, રાજા, બ્રહ્મચારી અને ગૃહસ્થ જો આ ગુર્વષ્ટક સ્તોત્રનો પાઠ કરશે, એને જ મનવાંછિત બ્રહ્મનામક પદની પ્રાપ્તિ થશે.

શ્રીમદ્ શંકરાચાર્ય વિરચિત ગુર્વષ્ટકમ્"

★★

**સદ્વિદ્યાની મહત્તા :**

મુકાવે વિદ્યા મન, પૂર્ણ જશ વિદ્યા પામે,
વિદ્યા શોભે વાન, નૃપતિ વિદ્યાને નામે;
વિદ્યા માંહી વિવેક, વિમળ વિદ્યાથી વાણી;
વિદ્યાને વશ વિશ્વ, જગતમાં મોહિની જાણી;
સદ્વિચાર રત્ન વિશાળ છે, વિદ્યાથી રુડું નહિ કશું;
સદ્વિદ્યા આગળ ધન કશું; વિદ્યાહીન જન તે પશું.

★★

**અંધારી ગુફામાં ધ્યાન**

અંધકારમાં વિચારોનો વેગ ઘણો તેજ અને ઝડપી હોય છે. તેથી જ યોગી - પુરુષો એક ધ્યાનથી યોગ સિદ્ધ કરવા માટે અંધારી ગુફાઓમાં બેસતા હોય છે.

## માતૃદેવો ભવ
## પ્રથમ ગુરુ

શ્રી ગુરવે નમઃ..

**-બાબુભાઈ જે. બારોટ**

પ્રજાનાપતિ પ્રભુનું સૃષ્ટિનું સર્વ શ્રેષ્ઠ સર્જન જનની-જનેતા મા છે. નવજાત શિશુનું દિવ્ય જતન કરવાનું હોઈ. તેનો સંસ્કાર સભર ઉછેર કરવાનો હોઈ, તેનામાં દિવ્ય ગુણોનું નિર્માણ કરવાનું હોઈ, વિધાતાએ એને અનુરૂપ સાન્દ્રકરુણા, અવ્યાજકરુણા, સુખપ્રદ સર્વગુણોનું સિંચન કરી ગુણમૂર્તિ, મંગલમૂર્તિ સ્વરૂપે માસ્વરૂપે વિશ્વમાં મોકલી છે.

બાળકની સર્વ ભૌતિક સુવિધાઓ પોષવા એ સતત સદૈવ જાગૃત રહી તપોમય, ત્યાગમય જીવન જીવે છે.

ગર્ભાધાન કાલથી એક ઉત્તમ જીવનું દિવ્ય જીવન નિર્માણ કરવા જનેતાએ સંયમપૂર્વકનું, સદ્ભાવસભર જીવન જીવવાનું હોય છે.

નવ માસના જતન પછી જીવનો પ્રસવ થતાં જનેતા એની પ્રસવવેદના ભૂલી જઈ આનંદવિભોર થઈ નવસર્જનનો આનંદ માણે છે.

જીવનું જતન કરવું એ દુષ્કાર્ય હોવા છતાં માને માટે તો સહજ સરળ કામ બની રહે છે.

બાળકને હસતું, રમતું, ખેલતું અને આનંદમાં ઉછરતું જોઈ મા એનો સઘળો શ્રમ વિસરી જઈ બાળક સાથે એકત્વ સાધે છે. પોતાનું સત્ત્વ-ક્ષીર ચૂસાવી દઈ બાળકને પુષ્ટ કરે છે:

બાળકનું સ્વાસ્થ્ય સચવાય એ માટે ઔષધમય આહાર-પૌષ્ટિક આહારના પાકશાસ્ત્રનો શાસ્ત્રીય અનુભવ થી સજ્જ બને છે.

બાળક સતત માનું દર્શન કરી - નિરીક્ષણ કરી - અવલોકન કરી અનુકરણ કરી અનાયાસે સહજ રીતે સંસ્કારના પાઠો ભણ્યાજ કરે છે. માને માટે ખૂબજ સાવધાન રહી જીવન જીવે છે. મા એક સૌજન્યશીલ જીવનની નિર્માતા, દિગ્દર્શક, પોષક પાલનકર્તા, પ્રેમમૂર્તિ છે. માનવની ભૌતિક અને સાંસ્કૃતિક સુવિધાઓની સર્વ પ્રથમ જવાબદારી વહન કરનારી મા જ છે. જીવન



૨

ઘડતરના પ્રથમ પાઠ મા પાસેથી જ પામવાના હોય છે તેથી આર્ય સંસ્કૃતિના આધારભૂત શાસ્ત્રવેદે પણ માતૃદેવો ભવને પ્રથમ સ્નાન આપ્યું છે. અને કહેવું પડયું છે કે સર્વતીર્થમયી માતા- મા-જનેતામાં સર્વ તીર્થોનો વાસ છે. માટે તો કહ્યું છે. માતૃહસ્તેન ભોજનમ્ ।- ભાવોથી ભરેલા હૈયાવાળી માના હાથેજ ભોજન લેવાથી જીવનમાં ભાવ નિર્માણ થાય છે. પાવમાની - પુનિત સ્નેહનું અવિરત ઝરણું અ વ્યાજ કરુણાનું ઝરણું એવી પ્રથમ ગુરુ જનેતાના ચરણ કમળમાં ભાવ સભર નત્ મસ્તકે કોટિ કોટિ વંદના.

કહેવત છે કે એક માતા સો શિક્ષકની ગરજ સારે છે એટલે આપણે એક એવું સૂત્ર બનાવી શકીએ કે-

સો ગુરુ = એક માતા, હા, મા તો મહાગુરુ છે. ગુરુઓની ગુરુ છે. કારણ કે દયા, પ્રેમ, કરુણા, મમતા, વાત્સલ્ય દ્વારા બાળકને સંસ્કારી 'માનવ' બનાવવાનો અદ્‌ભુત કીમિયો કેવળ મા પાસે છે. માટે તો માતૃવંદના કરનારને સ્વર્ગપ્રાપ્તિ જેટલું સુખ, પુણ્ય પ્રાપ્ત થાય છે.

સુશિક્ષિત, સંસ્કાર સંપન્ન નારીને તો "નારી તું નારાયણી" એ પદે સ્થાપી છે. અને સુભાષિત કારે કહ્યું છે. किल सदुन रत्नं सुगृहिणी । સાચેજ સુગૃહિણી તો સદન (ઘર) નું રત્ન છે. આભૂષણ છે. મનુસ્મૃતિમાં ભગવાન મનુ પણ આનંદ ઉચરેછે કે यत्र नर्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः ।। જ્યાં નારી સન્માન છે. સત્કાર છે ત્યાં દેવો રમે છે. એટલે કે દેવો પણ હર્ષ સભરબની આવા નારી સન્માનવાળા સદનોમાં નિવાસ કરી સુખ-સંપત્તિની વર્ષા કરે છે. નેપોલિયનને પણ કહેવાનું ગમી ગયું છે કે "કહે નેપોલિયન દેશને કરવા આબાદાન, સરસ રીતતો એ છે કે દે માતાને જ્ઞાન" આપણે પુરુષને શિક્ષણ માટે પ્રાધાન્ય આપીએ છીએ અને સ્ત્રી શિક્ષણમાં થોડાક ઊણા ઊતરીએ છીએ એ આપણી ભૂલને સમજીને સ્ત્રી શિક્ષણને પ્રાધાન્ય આપીએ. શિક્ષણ અને સાંસ્કૃતિથી સજ્જ સન્નારી જ સૌષ્ઠવપૂર્ણ સમાજનું નિર્માણ કરી શકે છે. જ્યાં સ્ત્રી શિક્ષણની સજાગતા નથી ત્યાં જ જતનપૂર્વકના ઉછેરના અભાવે દૂષણો ભૂષણો બની ગયાં છે અને અનેક વિકટ પ્રશ્નો ઉપસ્થિત થઇ સમાજની એકસૂત્રતા જોખમાણી છે. "માતૃદેવો ભવ" મહામંત્રનું મનન કરવા જેવું છે અને આ ભાવનો પ્રચાર-પ્રસાર થાય તે માટે ભગીરથ પુરુષાર્થ જરૂરી છે. નારી જાતિને સુશિક્ષણ સુસંસ્કારને અગ્રીમતા આપી સર્વદા, સર્વથા એમને સર્વભાવનાથી સન્માનીને માતૃદેવો-ભવ સાથી કરીએ. માનવેતર યોનિઓમાં પણ માતૃત્ત્વ સભર ભર્યું છે. પ્રકૃતિમાં પણ માતૃત્વ વિલસી રહ્યું છે. અને જીવો ઉપર સતત સદા કરુણાથી યુક્ત સુધા અમૃત વરસી રહ્યું છે.

શુદ્ધ-પરિશુદ્ધ જીવનથી સંમાર્જિત થઇશું તો માતૃત્વનું સુંદર દર્શન થશે. અલૌકિક આનંદ અનુભવાશે. જીવન જીવવાનું દિવ્ય દર્શન થશે.

મા-ભાવને પામતાં અનેક પ્રશ્નોનો ઉકેલ આવી જશે. મા-ભાવ જાગ્યા પછી કદીએ માને દુભાવીશું નહિ. માને સદૈવ હૃદયસિંહાસન પર પ્રસ્થાપિત કરી માનો પડતો બોલ ઝીલીશું, માને સદૈવ આનંદ આપવા માની સેવામાં સદૈવ તત્પર રહીશું.

નિજ જનની જીવતી હોય તો આપણે ગમે તેટલી ઊમરના હોઈએ, ગમે તેટલા ઉચ્ચપદના અધિકારી બન્યા હોઈએ, ગમે તેટલી સમૃદ્ધિના સ્વામી બન્યા હોઈએ તો પણ પ્રથમ દૈનિક જીવનના કાર્યના મંગલાચરણમાં માને ભાવ પૂર્વક નમીને આશીર્વાદ પામીનેજ શુભકાર્યોમાં કાર્યરત બનીશું તો આપણાં સર્વકાર્યો સદૈવ નિર્વિઘ્ને પરિપૂર્ણ થશે. અસ્તુ.

મા દિવંગત હોયતો મા ના સ્વરૂપને ભાવપૂર્ણ વંદન કરી પ્રેરણા પામતા રહીશું. આશિષવર્ષા ઝીલતા રહીશું.

સર્વત્ર સદૈવ માનો જયજયકાર હો.

હવા જ્યારે ઘ્રાણેન્દ્રીય-નાશિકામાં પ્રવેશે છે ત્યારે માની હાજરી વર્તાય છે.

સૂર્યની પ્રભામાં માનાં દર્શન થાય છે. ચંદ્રની ચાંદનીમાં માની શીતળતા રેલાય છે. આકાશતો જાણે માનુ અટલ અચલ છત્રજ છે. નદીનાં જલ પ્રવાહમાં વહી રહેલી જણાય છે. વનસ્પતિમાં વહાલ કરવીને મરક મરક મુશ્કરાટ કરતી મા પ્રફુલ્લતી પામી શકાય છે. ધરિત્રીનો ધનધાન્ય અને અખૂટ ખજાનો પોતાનાં વહાલાં બાલુડાં માટે ધારણ કરવી વાત્સલ્યતાની મૂર્તિ સ્વરૂપે માણી શકાય છે.

મા તો પયઃ પાન માટે પયોદર પ્રદેશથી -સ્તનોમાંથી અમૃત રસ વહાવતી - પુષ્ટિસ્વરૂપે પાવન કરતી હોય એવી પ્રતીતિ થાય છે.

સુંમનમાં સૌરભ, સૌદર્ય અને સુકોમળતા વહાવતી અને ફોરમની કરુણાની દેવી સ્વરૂપે દર્શન કરીએ છીએ.

અત્ર - તત્ર અને સર્વત્ર સ્નેહસ્વરૂપે, વાત્સલ્યસ્વરૂપે, કરુણાસ્વરૂપે જે જે તત્ત્વ વિલસી રહ્યું છે તે સર્વમાં મધુરી મતવાલી - મમતાની દેવી મા નાં જ દર્શન થાય છે. આજ છે અણુ અણુમાં વિરાજતી જગત્ જનની જનેતા ભગવતી ત્રિપુર સુંદરી-ષોડશી પરામ્બા - લલિતામ્બા - આ જ મા જીવમાત્રનું જતન કરે છે. રક્ષણ કરે છે. પોષણ કરે છે. પાવન કરે છે. આવી માહામોંઘી માને પામવા ઉપાસના - આરાધનાનાં અમી પાન કરી દૃષ્ટિને પાવન કરી, મંગલમયી મૂર્તિનાં દિવ્ય દર્શન પામવા મામય બની, માને ગમતાં સદ્‌કાર્યોમય જીવન ઝરમર- જીવનયાત્રા પૂર્ણ કરીએ આ માટે સદ્‌ગુરુનું સતત સાન્નિધ્યકેળવી એમને તન-મન - ધન સમર્પી ગુરુદેવના બની જઈએ અને એમની સેવા દ્વારા, સ્પર્શન, દર્શન દ્વારા જીવનને ધન્ય ધન્ય બનાવી કૃતાર્થ બનીએ.

મીઠી મધુરી નજરોમાં મા છે.
વહાલભરી વાત્સલ્યમયતા દર્શાવતી મધુમતી વાણીમાં છે.
સુંવાળા સ્પર્શમાં મા છે.
ત્યાગ અને તપશ્ચર્યામાં મા છે.
નિઃસ્વાર્થ કાર્યોમાં મા છે.
વિશાળ વહાલભરેલા હૃદયમાં મા છે.
રક્ષતા અને પોષતા તત્ત્વોમાં મા છે.
સંગીતની સૂરાવલીમાં મા છે,
મધુરનીદોમાં મા છે.
સૃષ્ટિના સૌદર્યમાં મા છે.
જ્ઞાન-વિજ્ઞાન-કલાના મૂળમાં મા છે.
મનભર મધુરા ભાવોમાં મા છે.
મિષ્ટ માધુર્યમાં મા છે.
શૃંગારના શ્રેષ્ઠ દર્શનમાં મા છે.
કવિના કવનમાં મા છે.
લેખકની લેખિનીમાં વ્યક્ત થતા ભાવોમાં મા છે.
કલા, કારીગરી સર્જનમાં મધુરી મા છે.
બીજા ગુરુ પિતા છે.

★★

## પિતૃદેવો ભવ

જગન્નાથે જગતનું સર્જન કર્યું. જનેતાના સર્જનથી તો જગત હર્યું ભર્યું લાગે જ છે. પણ આવા જગતમાં વધારે ઓજસ નિર્માણ કરવા, જનનીના સર્જનમાં સહયોગી થવા જનક પિતા સ્વરૂપે પુરુષને પેદા કરીને તો પરમ પિતા પરમેશ્વરે પરમકરુણા કરી છે. પિતા માટેતો "સર્વદેવમય પિતા" કહી પિતાને સન્માનિત કર્યા છે.

પતિ-પત્નીના અદ્વૈત પુરુષાર્થનું પાવન ફળ શિશુરૂપે સંસારને સાંપડે છે. જનેતાના ભાવસભર અને પિતાના પુરુષાર્થ સભર જીવનના સહયોગથી જ - માંગલ્યમય દાંપત્ય જીવનની દિવ્યતાથી જ નવજાત શિશુનું પાલન પોષણ થાય છે. દિવ્ય જીવનનું નિર્માણ થાય છે. આ પ્રેમસભાર યજ્ઞીય કાર્યનું દર્શન કરી ગદગદકંઠે ઋષિ હૃદયમાંથી મંગલ વાણીની વર્ષા થઈ. ધન્યો ગૃહસ્થા શ્રમઃ।। ગૃહસ્થાશ્રમને ધન્ય છે.

બાળકના જીવન વિકાસમાં મા ભાવોનું સિંચન કરે છે. પિતા પુરુષાર્થનું સિંચન કરે છે.

બાળકના પ્રાથમિક જીવનમાં પ્રથમ પ્રવેશ મા નો છે. બાળકના જીવનમાં મા પછીનો બીજો પ્રવેશ પિતાનો છે.

જીવના જતનમાં મા ને જે ને જોઈએ તે તે સઘળું પ્રાપ્ત કરી મેળવી આપવાનું કાર્ય પિતા કરે છે. આમ બન્નેની સ્નેહ સભર સંભાળથી બાળકની ભૌતિક અને સાંસ્કૃતિક આવશ્યકતાઓ પોષાય છે.

બાળકના ઉછેરમાં અને જતનકાર્યમાં સદૈવ સતત જાગૃત પુરુષાર્થનો જીવન ત્યાગ એ જ મા-બાપનું જીવન હોઈ માતૃદેવો ભવ પછી તરત જ બીજા સૂત્રમાં પિતૃદેવોભવ એમ કહી માતા -પિતાના મહત્ત્વનું દર્શનકરાવી માતા-પિતાને પણ ગુરુસ્થાને જગતમાં જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે પ્રેમસભર, વાત્સલ્મય, સૂરીલું - સુસંગઠિત સદભાવ પ્રેરિત અને સુસૂત્રતાપૂર્ણ ભાવિક કુટુંબોનું દર્શન થાય છે તે માતા-પિતાના સમન્વયભર્યા - સ્નેહભર્યા સદકાર્યોનું જ પરિણામ છે.

વિશ્વબાગમાં સંત, ઋષિ, વૈજ્ઞાનિકો, વૈચારિકો, અને મહાન આપ્તપુરુષો, એવં જ્યોર્તિધરોનું સર્જન કરવામાં માતા-પિતાના સહિયારા સૌજન્યપૂર્ણ પ્રચંડ પુરુષાર્થનું જ પરિણામ છે.

આર્યવર્તના આર્યો એ વિશાળ દૃષ્ટિથી કલ્યાણકારી

કુટુંબોનું ભવ્ય દર્શન અને સર્જન શ્રુતિ-સ્મૃતિમાં નિરુપાયું છે, એનું દર્શન કરવા જેવું છે. એ ભાવોને જીવનમાં ચરિતાર્થ કરવા જેવા છે.

આર્યોના મધુર જીવનનું મધુ પાન કરીને મધુર જીવન બનાવવા જેવું છે.

★★

## આચાર્ય દેવો ભવ

આચાર્ય - શિક્ષાગુરુ છે. જીવનને સતત સંસ્કારોથી સુપલ્લવિત બનાવવાનું હોય છે. જીવનના સંસ્કારોનો પાયો નિર્માણ કરવાનું મહત્ત્વનું કાર્ય માતા-પિતાએ જ કરવાનું હોય છે. આ જીવન ઈમારતના પાયાનું સુયોગ્ય કાર્યકરી વધારે સારા સંસ્કારો અને જીવન નવનિર્માણ માટે ત્રીજો પ્રવેશ બાળકના જીવનમાં આચાર્યનો છે.

આચાર્ય ઉપવીત સંસ્કારની શુભવિધિથી બાળકને ગુરુકુલમાં પ્રવેશ આપી એના ઘડતરમાં પોતાનો પ્રાણ રેડે છે. પુત્રવત્ રાખી, જતન કરી પોતાની સમીપમાં સદૈવ રાખી - એના ઘડતરમાં લીન થઈ જાય છે.

ગુરુકુલમાં એવું પ્રેરક અને પાવન વાતાવરણ હોય છે જ્યાં સમાજમાંથી ભૂલેચૂકે કોઈ દોષ કે દુર્ગુણ લઈને શિષ્ય આવ્યો હોય તો તે દોષ અને દુર્ગુણ દૂર થઈ જાય છે.

બાળકનો ઉછેર માતા-પિતા કરેતો છે જ પરંતુ બાળકને જીવન માટે સજ્જ કરવાની તમામ વૈજ્ઞાનિક તેમજ મનોવૈજ્ઞાનિક સમજ અને દૃષ્ટિ હોતી નથી. જેનું નિવારણ કરવા શિષ્ય-શિલ્પી આચાર્યને એ ઉણપો દૂર કરવા અને વધારે સુયોગ્ય શિક્ષણ અને સંસ્કારોથી સજ્જ કરવા- યોગ્ય વ્યક્તિત્વના ઘડતર માટે આચાર્યને સોંપવામાં આવે છે. આચાર્ય એને શિક્ષા-દીક્ષા આપી ગુણસંપન્ન અને શિક્ષાસંપન્ન બનાવી માતા-પિતાને તેમના બાળકને આગળની જીવનયાત્રામાં ગતિ-પ્રગતિ કરવા સુપ્રત કરે છે. માતા-પિતા પછી ત્રીજા નંબરે આચાર્યનું સ્થાન છે. માટે ત્રીજા ચરણમાં આચાર્ય દેવો ભવ એમ કહ્યું છે.

★★

## અતિથિ દેવો ભવ

કેટલાક શ્રેષ્ઠ જીવાત્માઓ જગતના કલ્યાણાર્થે લોકહિતાર્થે સતત પરિભ્રમણ કરીને લોક શિક્ષણનો અવિરત પ્રવાહ વહેવડાવતા જ રહે છે. આવા પાવન પુરુષો જ્યારે આપણે દ્વારે પધારે ત્યારે આપણે એમને અતિથિ દેવના ભાવે દર્શન કરીએ છીએ.

એ આપણે ત્યાં આવીને વધારે રોકાતા નથી. આપણે આપણી શક્તિ-ભક્તિ પ્રમાણે એમણે આદર સત્કાર કરી સન્માવીએ છીએ. પ્રેમથી પ્રસાદ પીરસી તૃપ્ત-સંતૃપ્ત કરવાનો ભાવ માણીએ છીએ.

આપણા ઘરની પરિસ્થિતિ, વાતાવરણનું નિરીક્ષણ કરી જીવનમાં જરૂરી બોધ આપે છે અને ગૃહસ્થ જીવનને વધારે સ્નેહસભર અને સૌજન્ય શીલ બનાવવાનું માર્ગદર્શન આપે છે. અતિથિએ વિચરણ ગુરુ છે. આપણા પ્રસાદ-આગતા સ્વાગતાથી તૃપ્ત થઈ પ્રાસાદિક-પાવનકારી મધુર વાણીની પ્રસાદી તે આપણને પીરસી આપણા જીવનમાં મધુર સુમધુર ભાવોનું નિર્માણ કરી મુદ-મંગલમય વાતાવરણ સર્જીને વિદાય થતા હોય છે. આવા પરિવ્રાજક અતિથિઓ પણ આપણા જીવન ઘડતરમાં રસલઈ-ઓતપ્રોત થઈ આનંદની લહરીઓ વહાવતા જાય છે. આવા અતિથિઓ માટે આર્ય સંસ્કૃતિએ અતિથિ દેવો ભવ એવો ભાવ વ્યક્ત કર્યો છે. આવા માર્ગદર્શકે સુમધુર પાથેય પીરસ્વા અતિથિઓને ભાવ વંદના અતિથિનો ભ્રામક ખ્યાલ દૂર કરી અતિથિનું સાચું સ્વરૂપ સમજીશું તો આનંદની અભિવૃદ્ધિ થશે. વગર આમંત્રણે કલ્યાણભાવોના પ્રસાર માટે ઘરે ઘરે પહોંચી જવું અને લોક શિક્ષણને પોષતા રહેવાનો અતિથિનો આ નમ્રતા ભર્યો અભિમાનરહિત પ્રયાસ સાચેજ આવકાર દાયક છે. અભિનંદનીય છે.

નારદ જેવા, આદ્યશંકરાચાર્ય જેવા અને અન્ય અનેક મહાનુભાવો પારિવ્રાજક બન્યા છે. સતત પરિભ્રમણ કરી સમાજ, જગતનું દર્શન કર્યું છે. અને પરિસ્થિતિનો ત્યાગ કાઢી જરૂરી જ્ઞાન પીરસ્યું છે.

વગર આમંત્રણે, નિઃસ્વાર્થભાવે થતી આ સમાજ સેવાએજ જગતને હરિયાળું અને હેતભર્યું રાખવામાં પરિવ્રાજકો અને અતિથિઓનો અનેરો ફાળો છે. આ પરિવ્રાજક અતિઓના ચરણકમળમાં આદરભાવપૂર્વક, સન્માનથી અનેકાનેક વંદન કરીએ.

★★

## દીક્ષાગુરુ-કુલગુરુ

કરુણા સાગર ભગવાને જગતને સુમધુર બનાવવા સઘળું સર્જન કર્યું છે. અને વિશ્વબાગમાં મઘમઘતું વાતાવરણ સદૈવ રહેજ એના માટે દિવ્ય આત્માઓનું અવતરણ થયા જ કરે છે.

જેમણે સતત ઉપાસના-આરાધનાના યોગથી દિવ્ય ઈશ્વરી ગુણોનું જીવનમાં અવતરણ કર્યું છે. અને ઈશ્વરના તમામ ગુણો ઝીલી બ્રહ્મીભૂત-બ્રહ્માકાર બન્યા છે. એવા જીવાત્માઓ પ્રાણીમાત્ર ઉપર કરુણા વહેવડાવતા જ રહ્યાં છે. પ્રકૃતિની સાથે સદૈવ ઐકય સાધ્યું છે. અને જીવમાત્રનું યોગ-ક્ષેમ અને કલ્યાણ જ જેમના હૃદયમાં વસીને વસી રહ્યું છે. એવા દિવ્ય આત્માઓ લોકહૃદયના સિંહાસને સહજ રીતે બિરાજે છે.

જ્ઞાન વૈરાગ્યયુક્ત જીવનથી દિવ્યાનંદ રેલાવતું જ્ઞાન પીરસી રહ્યા હોય છે.

શ્રુતિ-સ્મૃતિ સંમત જીવનનાં જેમાં દર્શન થાય છે એવા સદ્ગુરુ પ્રાપ્ત થવા એ જીવનનો મહામોલો લહાવો છે. આવા દિવ્ય ગુરુજ દિવ્ય દર્શનથી, સુમધુર સ્પર્શથી, મુદ-મંગલમય મધુર વાણીથી અને કલ્યાણકારી જીવનથી જીવોનો ઉદ્ધાર કરી ભક્તિ-મુક્તિનું દર્શન કરાવી પ્રેમવર્ષા-ભાવ વર્ષા કરી રહ્યા હોય છે. સંપૂર્ણજીવન પ્રત્યેક શ્વાસ, પ્રત્યેક ડગલું, સંપૂર્ણજીવન ઈશ્વરી શાસનને અનુકૂળ હોય છે. દંભ, દુર્ભાવ કે કુભાવ, પાપ-પાખંડ કે પ્રપંચ પાસમાં-સમીપમાં પ્રવેશી શકતું નથી. આવું પરમાત્માને ગમે એવું જીવન જીવનાર ગુરુદેવનો પ્રત્યેક ભાવ અને બોલ ઝીલવા વિશ્વનું સમગ્ર ચૈતન્ય તત્પર હોય છે. આધિન હોય છે. સર્વાનુલ્લંઘન શાસન હોય છે. એમના શાસનને કોઈ ઉલ્લંઘી શકતું નથી. આવા સદ્ગુરુ પ્રાપ્ત થાય તો જ શિષ્યનો ઉદ્ધાર થાય નહિ તો લોભી ગુરુને લાલચુ ચેલા છે.

સદ્શિષ્યે સદ્ગુરુને તન-મન-ધન સમર્પિત કરી દેવાનું હોય છે ન્યોછાવર બનવાનું હોય છે માટે સદ્ગુરુનાં સર્વલક્ષણો ધારણ કરવા ગુરુ છે જ એવી પ્રતીતિ કર્યા સિવાય ઊર્મિશીલ બની જઈ આવેશમાં આવી જઈ વિના વિચારે, વિના સમજે ગુરુ કરીલેવા જેવા નથી ભાઈ નહિ તો પાછળથી પસ્તાવાના દિવસો જ આવે છે. કેમ શું લાગે છે? ખરું કે નહિ? સાપે છછુંદર ગળ્યા જેવી દશા થાય, ભાઈ! આતો કલિયુગ છે. ભલભલાને ભરમાવી નાખે એવા પ્રપંચ નાટક કરનાર બનાવટી ગુરુઓ પણ છે જ માટે ગુરુપાસેથી દીક્ષા લેતા પહેલાં થોડી ખામોશી રાખવી હો, બહેનો બહુજ ઊર્મિશીલ હોય છે. એ જલ્દીથી ભરમાઈ જઈ ભાવ પ્રવાહમાં ખેંચાઈ જતાં હોય છે. આવી ભલી-ભોળી બહેનોનો ગેરલાભ લેનાર પાખંડી-પ્રપંચી લોકો વધી ગયા છે. માટે સાવધ રહેવા જેવું છે હો સાચા સદ્ગુરુને સમર્પિત થવું જ જોઈએ સમર્પણ ભાવ વિના સિદ્ધિ શકય નથી. અસ્તુ....

(કાવ્યામૃત) **ગુરુ વંદના** -

**પુરૂષોત્તમભાઈ દીવેચા**
**લંડન**

ગમે તે સ્વરૂપે ગમે ત્યાં બિરાજો
    ગુરૂ મારા વંદન ગુરૂ મારા વંદન ..........
ભલે ન નિહાળું નજરથી તમોને
    મળ્યા ગુણ તમારા સફળ મારું જીવન
ગમે તે સ્વરૂપે ગમે ત્યાં બિરાજો
    જન્મ અસંખ્ય મળ્યા કે ગુમાવ્યા
ન ધરમ કર્યો કે ન તમોને સંભાર્યા
    હવે આ જીવનમાં કરૂં છું વિનંતી
સ્વીકારો તો તૂટે મારાં બંધન
    ગમે તે સ્વરૂપે ગમે ત્યાં બિરાજો ..........
મને હોંશ એવી હું જાણું જગતને
    કિરણ મળે જો મારા મનના દીપકને
તેજથી તેજ આપો જલાવું હું જ્યોતિ
    અમર પંથે સૌને કરાવજો તમ દર્શન.
ગમે તે સ્વરૂપે ગમે ત્યાં બિરાજો
    ગુરુ મારાં વંદન, ગુરુ મારાં વંદન

# ગુરુભક્તિ દ્વારા બ્રહ્મજ્ઞાન

**તસ્મૈ શ્રી ગુરવે નમ:**

**(ડૉ અશોક નાયક)**

**સંકલન..**

જ્યાં બ્રહ્મજ્ઞાન પણ ગુરુના વચનો તરફ શ્રધ્ધાપૂર્વક આદર સન્માન કરવાથી જ પ્રાપ્ત થાય છે તો સામાન્ય જ્ઞાનની તો વાત જ કયાં કરવી ? કેવળ ગુરૂ ભક્તિથી જ તે સહજ લાધે છે. આપણા ઉપનિષદોમાં એનાં અનેક ઉદાહરણો જોવા મળે છે. આને લગતી એક કથા અહીં રજુ કરવામાં આવે છે.

પ્રાચીન કાળમાં જબાલા નામની એક બ્રાહ્મણી સત્યકામ નામના તેના પુત્ર સાથે રહેતી હતી. પુત્ર વિદ્યાધ્યન કરવાની ઉમરનો થતાં તેણે ગુરુકુળમાં જવા તેની માતાને કહ્યું, મા ! "હું બ્રહ્મચર્યનું પાલન કરતો ગુરુ સેવામાં રહેવા માગું છું. ગુરુજી મને નામ અને ગોત્ર પુછશે ત્યારે મારું નામ બતાવીશ પણ ગોત્ર કયું બતાવીશ ? તું મને બતાવ.

જબાલાએ કહ્યું - બેટા તું કયા ગોત્રનો છે તે મને ખબર નથી તું સત્યકામ મારો પૂત્ર અને હું જબાલા તારી માતા છું એટલું જ જાણું છું ગુરુદેવ પુછે તો આ પ્રમાણે જણાવી દે જે. કે હું જબાલાનો પુત્ર સત્યકામ છું.

આ પ્રમાણે માની આજ્ઞા પ્રમાણે મહર્ષિ હરિદ્રુમાનના પૂત્ર ગૌતમ ઋષિને ત્યાં સત્યકામ પહોંચ્યો. મહર્ષિ ગૌતમના આશ્રમમાં જઈ પ્રાર્થના કરતો સત્યકામ તેમને કહેવા લાગ્યો - ભગવાન્, બ્રહ્મચર્યનું પાલન કરતો એવો હું આપની સેવામાં રહેવા ઈચ્છું છું. મારો સ્વીકાર કરો. ગુરુજીએ અતિ સ્નેહ પૂર્વક પૂછયું હે વત્સ ! તારું ગોત્ર કયું છે ? સત્યકામે નમ્રતાથી કહ્યું -- તે હું જાણતો નથી પણ અહીં આવતાં પહેલાં માતા પાસેથી એટલું જાણી લાવ્યો છું કે માના કહેવા પ્રમાણે તે યુવાવસ્થામાં અતિથિઓની સેવામાં સતત લાગી રહેતી હોવાથી તે પણ માત્ર એટલું જ જાણે છે કે તેનું નામ જબાલા છે અને મારું નામ સત્યકામ છે. તેથી ભગવત્ ! હું જબાલા પુત્ર સત્યકામ છું.

સત્યવાદી, સરળહૃદયી સત્યકામની સીધી સાચી વાત સાંભળી મહર્ષિ અતિ પ્રસન્ન થયા અને બોલ્યા - વત્સ આવી સત્ય અને કપટ રહિત વાત કહેવા વાળો ખરેખર તું બ્રાહ્મણ છે. બ્રાહ્મણ સિવાય આવી કપટરહિત વાત બીજું કોણ કરી શકે ? ખરેખર તું અવશ્ય બ્રાહ્મણ જ છે. હું તારો ઉપનયન સંસકાર કરીશ. જા સમિધ લઈ આવ.

વિધિવત્ ઊપનયન સંસ્કાર કર્યા પછી મહર્ષિએ સત્યકામને બોલાવી તેમની ગૌશાળામાંથી દુબળી પાતળી ચારસો ગાયો મંગાવી અને સત્યકામને સોંપતાં કહ્યું વત્સ ! આ ગાયોની સંખ્યા પૂરી એક હજાર ન થાય ત્યાં સુધી તારે પાછા ફરવાનું નથી. સત્યકામે ખૂબ પ્રસન્ન ભાવે ગુરુજીને કહ્યું અવશ્ય એમજ કરીશ. ત્યારબાદ સત્યકામ ગાયો માટે ઘાસચારો અને પાણીની સુંદર વ્યવસ્થા હતી ત્યાં કુટિ બાંધી રહેવા લાગ્યો. તથા તન-મનથી ગાયોની સેવા કરવા લાગ્યો.

બ્રહ્મજ્ઞાનનો જિજ્ઞાસુ ગુરુઆજ્ઞા થતાં ગાયો ચરાવવા જંગલમાં જાય, ચૂપચાપ સેવા કરે અને વર્ષો સુધી નિર્જન જંગલમાં રહે આપણને થાય કે બ્રહ્મજ્ઞાન અને ગૌસેવા સાથે શું સંબંધ ? શા માટે આમ ? આની પાછળ શું રહસ્ય ? ગુરુની શી ઈચ્છા ? પ્રથમ તબકકે કોઈ ખ્યાલ આવતો નથી. આ છે જ્ઞાન પિપાસુ ગુરુભક્ત ભારતીય ઋષિકુમારોની નિષ્ઠા. ભારતીય સંસ્કૃતિની પરંપરા. આજની સ્થિતિ તેનાથી સાવ વિપરિત છે.

આમ સેવા કરતાં કરતાં ગાયોની સંખ્યા એક હજાર થઈ ત્યારે એક દિવસ એક વૃષભે આવી કહ્યું, સત્યકામ ! અમારી સંખ્યા એક હજાર પૂરી થઈ છે હવે અમને ગુરુના આશ્રમમાં લઈ ચલો. હું તમને બ્રહ્મના એક પાદનો બોધ કરીશ. સત્યકામે કહ્યું જેવી આજ્ઞા કહો પ્રભુ ! વૃષભે કહ્યું એ - "પ્રકાશવાન" છે. આગળનો ઉપદેશ અગ્નિદેવ કરશે.

બીજે દિવસે પ્રભાતમાં સત્યકામ ગાયો લઈ આશ્રમ ભણી ચાલ્યો. રસ્તામાં રાત પડતાં વિશ્રામ કરવા રોકાયો. ગાયોની સેવા કરી નવરો પડતાં આજુબાજુથી લાકડાં લાવી સળગાવી પાસે બેઠો. અગ્નિદેવે તેને સંબોધન કર્યું

સત્યકામ હું તને બ્રહ્મના બીજા પદનો ઉપદેશ કરું છું. સત્યકામે નમ્ર ભાવે કહ્યું કહો ભગવન્! અગ્નિ દેવે કહ્યું તે અનંતવાન છે. હવે આગળનો ઉપદેશ હંસ કરશે.

રાત્રિ પુરી થતાં પુન સત્યકામ ગાયો લઈ આગળ ચાલ્યો સાંજ પડતાં એક સુંદર જળાશય પાસે રોકાયો. ગાયોની સેવા પુરી કરી જળાશય પાસે પૂર્વાભિમુખ થઈને બેઠો થોડીવારે ત્યાં હંસ આવ્યો અને બોલ્યો, સત્યકામ! હું તને બ્રહ્મના ત્રીજા પાદનો બોધ કરું છું જો સાંભળ તે 'જ્યોતિષ્માન' છે. હવે આગળનો ઉપદેશ તને મદ્દગુનામનું જળ પક્ષી કરશે. રાતભાર સત્યકામે ચિંતન કર્યું. પ્રભાત થતાં વળી ચાલ્યો, સાંજ થતાં વડના એક ઝાડ નીચે રોકાયો. ગાયોની ઉચિત સેવાથી પરવારી અગ્નિ પેટાવી પૂર્વાભિમુખ થઈ બેઠો ત્યાં જ મદ્દગુ નામનું જલપક્ષી આવીને કહેવા લાગ્યું સત્યકામ ધ્યાનથી સાંભળ હું તને બ્રહ્મના ચોથાપાદનો બોધ કરું છું - એ 'આયતન વાન' છે.

આ પ્રમાણે સત્ય, ગુરુસેવા અને ગૌસેવાના પ્રતાપથી વૃષભરૂપ વાયુદેવ, અગ્નિદેવ, હંસરૂપ, સૂર્યદેવ અને મદ્દગુરૂપ પ્રાણદેવતા વડે બ્રહ્મજ્ઞાન મેળવી સત્યકામ એક હજાર ગાયો સાથે આચાર્ય ગૌતમના આશ્રમમાં પહોચ્યો. તે સમયે તેના મુખપર બ્રહ્મતેજ છવાયું હતું. ચિત્ત આનંદથી પ્રફુલિત બની ચૂકયું હતું અને મુખારવિંદ ચિંતારહિત હતું. તેને જોતાં ગુરુજીએ પૂછયું વત્સ તું બ્રહ્મજ્ઞાની જેવો જણાય છે તેને બ્રહ્મજ્ઞાન કોણે આપ્યું!

સત્યકામે કહ્યં ભગવન્ મને મનુષ્યે તરોથી આ ઉપદેશ થયો છે એમ કહી બધી ઘટના કહી બતાવી. અને કહ્યું ભગવન્ મેં સાંભળ્યું છે કે આ બધું થવા છતાં આપ જેવા સદ્દગુરુ દ્વારા થયેલ ઉપદેશ જ શ્રેષ્ઠ છે. તેથી કૃપા કરી આપ પૂર્ણરૂપથી મને તે ઉપદેશ કરો. સત્યકામ ની નમ્રતાથી પ્રસન્ન થયેલા ગુરુજીએ કહ્યું બેટા તે જે મેળવ્યું છે તે જ સાચું બ્રહ્મજ્ઞાન છે. બ્રહ્મત્વ છે. હવે તારા માટે વિશેષ જાણવા જેવું કંઈજ બાકી નથી.

તાત્પર્ય કે કર્તવ્ય નિષ્ઠા, ગુરુભક્તિ અને આજ્ઞા પાલન માત્રથી સત્યકામ બ્રહ્મજ્ઞાની થઈ ગયા. આ જ જ્ઞાન-પ્રાપ્તિનો સાચો માર્ગ છે. ગુરુભક્તિ જ બ્રહ્મજ્ઞાન ભણી જવાનો સરળ અને સચોટ માર્ગ છે.

## સદ્દશિષ્ય

**(સંકલન :- ર્ડા અશોક નાયક)**

સદ્દશિષ્યે શ્રી સદ્દગુરુ પાસેથી સારા જીવન માટે સર્વમાંગલ્યમય ગુણોની સંપત્તિ સંપાદન કરવાની હોય છે. સદ્દગુરુની આધ્યાત્મિક સંપત્તિ પામવા વિનયશીલ જીવનનો આશ્રય કરવાનો હોય છે. કૂવામાં ડોલ નમે તો જ એમાં નીર ભરાય નહિતો ડોલ ખાલીજ રહી જાય. નમનશીલ જીવનનો મહિમા તુલસીકૃત રામાયણમાં ખૂબજ વર્ણાયો છે. રામાયણમાં એક આખું વંદના પ્રકરણ છે.

વિશિષ્ટ પ્રાપ્તિ માટે વિશિષ્ટ પ્રદાન કરવું જરૂરી છે.

દીક્ષા પામવી એટલે એક દિવ્ય જીવનમાં પ્રવેશ કરો આવા દિવ્ય જીવનમાં પ્રવેશ કરનાર ગુરુદેવ માટે ન્યોછાવર થઈ જવાની વાત છે. વિવેકાનંદ જેવા સમર્થ પુરુષો પણ રામકૃષ્ણદેવ જેવા સદ્દગુરુ માટે સમર્પિત થઈ ગયા છે અને ગુરુની દિવ્ય શક્તિને પામ્યા છે.

ગુરુનું ૠણતો કદાપિ ચૂકવી શકાતું નથી પણ ગુરુ પ્રત્યેનો અહોભાવ વ્યક્ત કરવા અને ભાવ સમર્પણ કરવા ૠષિઓએ ગુરુપૂર્ણિમાની પર્વનું આયોજન કર્યુ છે.

ગુરુના દિવ્ય જીવનને ઝીલીએ એમના કલ્યાણભાવનાને વિશ્વમાં વહાવીએ અને એ રીતે ગુરુતર્પણ કરી જીવનને ધન્ય બનાવીએ.

ગુરુના દિવ્ય વિચારોનો વિશ્વમાં વિસ્તાર કરી ઈશ્વરની સુંદર સૃષ્ટિમાં સદ્દકાર્યોથી સુગંધ ભરીએ અસ્તુ.

### ગુણાનુરાગ

થોડલો પણ ગુણ પર નાણે,<br>
સાંભળી હર્ષ મન આણે રે.

સાવ દોષવિહીન તો આ સંસારમાં કોણ હોય ? આપણી દોષ દૃષ્ટિને ગુણ દૃષ્ટિમાં પલટાવીને જોઈશું તો ચારે તરફ ગુણીજનો જ દેખાશે. માનવીનો મહિમા તો હોય છે એનામાં એણે પોતીકા પુરુષાર્થથી ખીલવેલા - નિપજાવેલા વિવિધ ગુણોને કારણે. આવા ગુણીજનોને દેખીને આપણને પ્રમોદભાવ જાગે તો સમજવું કે આપણે મૈત્રીભાવની નિકટ છીએ.

ગું ગુરુભ્યો નમ :

# આદર્શ શિષ્ય

(સંકલનઃ- ડૉ . અર્ચના નાયક)

ભારતીય સંસ્કૃતિમાં આદર્શોની પરંપરા છે. આ સંસ્કૃતિએ માતા-પિતા, પતિ-પત્નિ, ભાઈ-ભાઈ, અને ગુરુ-શિષ્યના આદર્શોના અનેક ઉદાહરણો પૂરાં પાડયાં છે. તેના પગલે ચાલીને સમાજ આજ દિન સુધી સમૃદ્ધ અને વિકાસ શીલ બની રહ્યો છે. આવા આદર્શોનું અનુકરણ અને અનુસરણ આજ પણ અત્યંત આવશ્યક છે. ઉન્નત સમાજ માટે ઉચ્ચ આદર્શોની કથાઓ મૂકવામાં મનીષિઓએ કચાશ રાખી નથી તેમાંના કેટલાંક દ્દષ્ટાંતો નીચે આપવામાં આવ્યાં છે. તે આપણા સૌના માટે વિચારવા લાયક તથા અનુસરવા યોગ્ય છે.

**શ્રીકૃષ્ણ - સુદામા**

મધુરેશ ઉગ્રસેનને જો પ્રણામ ન કરે તો દેવરાજ ઇન્દ્ર તેના પદ પર ન રહી શકે. અને દિગન્ત વિજયી કંસ જેવા પણ જેના હાથના એક ઝટકે સમાપ્ત થઈ ગયા એવા ઐશ્વર્યશાળી શ્રી કૃષ્ણ કે જેઓ કુમાર અવસ્થામાં જ રાજકુમાર, લોક હિતાય મહર્ષિ સાંદિપનીના શિષ્ય બન્યા હતા. જે ગુરૂદ્વારે શિષ્યવચ્ચે સાંસારિક અને સામાજિક વિષમતાઓ હોવા છતાં સમાન અવસ્થા માં ઉછરી ગુરુ સેવા કરતાં કરતાં, સમિધાઓ એકત્ર કરતાં કરતાં ઘણું પામી ગયા. તાત્પર્ય કે ગમે તેટલા ઐશ્વર્યશાળી હોય શ્રીકૃષ્ણ કે ગમે તેટલા દરિદ્ર હોય સુદામા શ્રીગુરુચરણોમાં તો બન્ને શિષ્યો જ હતા. માનવ-માનવ વચ્ચેના ભેદોથી કુરુકુલની સીમાઓ કયારેય અભડાઈ નથી. આવા આદર્શ ગુરૂઓ વડે આદર્શ શિષ્યો તથા આદર્શ શિષ્યો વડે પ્રાતઃ સ્મરણીય ગુરૂઓની પરંપરા રચાઈ છે.

**એકલવ્ય**

આદર્શ શિષ્યોની શૃંખલામાં એકલવ્યનું સ્થાન અવિસ્મરણીય છે. કુરુકુલગુરુ આચાર્ય દ્રોણ કે જેઓ રાજવંશીય કુમારોનેજ શિક્ષા દેતા તે આ ભીલ કુમાર એકલવ્યને શિક્ષાની અનુમતિ ન આપી શકયા પરંતુ એકલવ્યની નિષ્ઠા, ગુરુભક્તિ, અને સાચી લગની તેની સફળતા અને યશસ્વીતાને રોકી ન શકી. માટીમાંથી બનાવેલ મૂર્તિમાં શિષ્યત્વનું સમર્પણ કરનાર એકલવ્ય ગુરુપરંપરાની શક્તિ, મેળવી સંકલ્પિત શસ્ત્ર વિદ્યામાં નિપૂણ બન્યો. આચાર્ય દ્રોણના સર્વશ્રેષ્ઠ શિષ્ય અર્જુનને ચકિત કરી દીધો. આચાર્ય એકલવ્ય પાસે પહોંચ્યા અને ગુરુદક્ષિણામાં તેના સફળતાના સ્તંભ અને આધારશીલ રૂપ અંગૂઠાનું દાન માગ્યું ત્યારે પોતાનું સર્વસ્વ લૂંટાઈ રહ્યું છે એવું ભાન હોવા છતાં વિના સંકોચ અંગૂંઠો કાપી ગુરુચરણે ધરી દઈ ગુરુભક્તિની યશસ્વીતામાં યશકલગી લગાવી દીધી તથા શિષ્ય શિરોમણી બની ગયો.

**આરૂણિ**

આ પરંપરામાં પ્રાચીન ઋષિ ધોમ્યના શિષ્ય આરૂણિને પણ ભૂલી શકીએ તેમ નથી. કારણ કે જે જમાનામાં પાટી-પેન, પુસ્તકો - ફી કંઈ ન હતું માત્ર ગુરૂસેવા કરીને જ વિદ્યા પ્રાપ્ત કરવામાં આવતી તેવે સમયે ગુરુભક્તનો ઉત્કૃષ્ટ આદર્શ આ આરૂણિએ પૂરો પાડયો છે.

તીવ્ર વર્ષામાં પોતાના ખેતરની દેખભાળ કરવા ઋષિ ધૌમ્યે આરૂણિને ખેતરમાં જવાની આજ્ઞા કરી. બસ આજ્ઞા મળતાં જ કોઈ વિચાર કે તર્કને સ્થાન આપ્યા સિવાય આરૂણિ પહોંચ્યો ખેતરે. ખેતરમાં વિપરિત પરિસ્થિતિ થઈ ચૂકી હતી. તીવ્ર વર્ષાને લીધે ખેતરની પાળ તૂટવા માંડી હતી પાછા ફરી ગુરુજીને સમાચાર આપવાનો અવકાશ નહોતો સંદેશો પહોંચાડાય તેવી શકયતા નહોતી તે સમયે બીજી કોઈ બાબત વિચાર્યા વિના તૂટતી પાળી આડે રાતભર ઠંડા પાણી, સૂસવાતા પવનમાં એક પડખે પડી રહી ખેતર બચાવ્યું ગુરુસેવા કરી આરૂણિ રાત્રે આશ્રમમાં પાછો ન ફરવાથી ગુરૂદેવ તેને શોધવા નીકળ્યા. ખેતરે જઈ આરૂણિની નિષ્ઠા અને ગુરૂભક્તિ જોતાં ગુરુહૃદય દ્રવી ઊઠયું અને આરૂણિને મહર્ષિ ઉદ્દાલક ઊઠો એમ કહેતાં આરૂણિનો હાથ પકડી ગળે લગાવ્યો. મતલબ ગુરુસેવા સામાન્ય માનવીને માનવામાંથી મહર્ષિ બનાવી દે છે.

**ઉપમન્યુ**

મહર્ષિ ધૌમ્યના બીજા શિષ્ય ઉપમન્યુની કથાપણ જાણીતી છે. - માત્ર ગુરુવચન પર અટલ વિશ્વાસ અને શ્રધ્ધામાત્રથી ઉપમન્યુ સમસ્ત વિદ્યાઓનો જ્ઞાતા બને છે જેની કથા ટૂંકમાં આ પ્રમાણે છે. ગુરુકુલમાં ઉપમન્યુ માટે ગુરૂઆજ્ઞા હતી કે ભિક્ષા લાવી ગુરુચરણે ધરવી તેમાંથી

ગુરુજીના જમ્યા પછી જે શેષ બચે તે પ્રસાદ તરીકે ઉપમન્યુએ ગ્રહણ કરવું. ગુરુજી પરીક્ષા કરવા બધું જ જમી જતા. ઉપમન્યુ ગાયોનું દૂધ લેવા લાગ્યો તે પણ ગુરુજીએ બંધ કરાવ્યું. આમ લાંબો સમય સુધી ચલાવી ભૂખનો માર્યો ઉપમન્યુ નિર્બળ બન્યો.

શરીર અને ગાત્રો શિથિલ બન્યાં, આંખો નિસ્તેજ બની આવી અવસ્થામાં એક દિવસ તે પાણી વિનાના એક કૂવામાં પડયો. ત્યાંથી હે ગુરૂદેવ બચાવો એવો આર્તનાદ ઊઠયો. અહીંથી ગુરૂદેવ તેને શોધવા નીકળ્યા. ઉપમન્યુએ બધી વાત કહી નિસ્તેજ આંખોને લીધે પોતે કૂવામાં પડયો છે તે જાણી દેવવૈદ્ય અશ્વિનિ કુમારને પ્રગટ કર્યા. તેમણે આવી માલપૂઆ ખાવા આપ્યા પરંતુ ગુરુજીને અર્પણ કર્યા વિના તે કેમ જમી શકે ? તેની આ નિષ્ઠા જોઇ દેવવૈદ્ય અને ગુરૂજી બંને દ્રવિ ઊઠયા. તે એમનો કૃપા પ્રસાદ પામી ઈતિહાસના પાને અમરત્વ પામી ગયા.

આ કથાનકોમાં, આખ્યાનોમાં માનવીય જીવન મૂલ્યોના મહત્વની વાતો છે. ગમે તેવી પરિસ્થિતિમાં માનવીય જીવન મૂલ્યોના મહત્ત્વની વાતો છે. ગમે તેવી પરિસ્થિતિમાં માનવીય જીવન મૂલ્યોનું સંરક્ષણ મહત્ત્વનું છે. પ્રાણાન્તે પણ આવાં જીવન મૂલ્યોને જાળવનાર અમર બની શકે છે. સામાન્ય માનવીમાંથી મહામાનવ બની શકે છે.

★★

## દીક્ષાવેળા સાધકને અપાતો 'બીજમંત્ર' તે વિશિષ્ટ દેવતાનું સ્વરૂપ હોય છે.

**(સંકલન : પી. એમ. નાયક)**

જે સદગુણી શિષ્ય છે તેને સમર્થગુરૂએ પોતાનું જ અંગ સમજીને તેને સાધનામાં સુયોગ્ય સહાય કરી 'પરમ જ્ઞાન' અને 'સિદ્ધિ' પ્રાપ્ત થાય પર્યત તેને કયારેય 'પથભ્રષ્ટ' અને 'પરાભૂત' થવા દેવો નહી. જ્યારે સાધક સિદ્ધિની પ્રાપ્ત કરે છે. ત્યારે ગુરુ-શિષ્યનો 'દ્વૈતભાવ' સમાપ્ત થાય છે. ત્યારપછી ગુરુનું 'ગુરુપણું' અને શિષ્યનું 'શિષ્યપણું'-બંનેય 'સામરસ્યમાં વિલીન થઈ જાય છે.'

તંત્રગ્રંથોમાં 'મંત્ર' વિષે ઘણું કહ્યું છે. 'મનનાત્ ત્રાયત ઈતિ મંત્રઃ' એટલે કે જે મનનું મનપણું કાઢી નાખે તે 'મંત્ર' છે. તાંત્રિકો માને છે કે 'નાદ' (ધ્વની) એ સૃષ્ટિનું 'આદિ-સ્પંદન' હોઈ તે જ આગળ સૃષ્ટિ રચના - કાર્યમાં અગ્રેસર હતો, ધ્વનિ એ જીવની ચિતશક્તિનો એક સૂક્ષ્મ ભાગ હોય છે. જેવી રીતે આકાશમાં વાયુના વહનથી ધ્વનિનાં તરંગો પેદા થાય છે, તેવી જ રીતે જીવના દેહમાં પ્રાણવાયુના વહનથી ધ્વનિના તરંગો ઉત્પન્ન થાય છે. આ ધ્વનિમાંથી વર્ણાત્મક 'શબ્દ' ઉત્પન્ન થાય છે અને તે શબ્દમાંથી 'મંત્ર' નિર્માણ થાય છે. મંત્રના સ્થળે અચિંત્યશક્તિ રહે છે. પ્રતયેક મંત્રમાં પ્રાણવ (ૐ), બીજ અને દેવતા - આમ ત્રણ તત્ત્વ કહેલા છે. ઓકાર કે 'પ્રણવતત્ત્વમાં ઈશ્વરનું વિશ્વમય અને વિશ્વાતીત રહસ્ય રહેલું છે. 'બીજતત્ત્વ' ના યોગથી આપણું પ્રકૃત સ્વરૂપ શું છે, આપણો અને ઈશ્વરનો સંબંધ કયા પ્રકારનો છે અને આપણા અંતરમાં કઇ અવ્યક્તશક્તિ વ્યક્ત થવા માટે પ્રયત્ન કરી રહી છે, તે ખબર પડે છે. 'દેવતા તત્ત્વ'ના જ્ઞાનથી ઈશ્વરની કઇ ઈચ્છા આપણા દ્વારા સફળ થવાની છે તે ખબર પડે છે.

તંત્રજ્ઞ 'ગુરૂ' સાધકને જે 'મંત્ર'ની 'દિક્ષા' આપે છે. તે મંત્રના જપથી ઇષ્ય દેવતાની સિદ્ધિ થાય છે. પૂજા, પાઠ, સ્તવ, હોમ, ધ્યાન, ધારણા, સમાધિ અને દીક્ષામંત્રનો સિદ્ધિપ્રાપ્તિ જ એક ઉદ્દેશ હોય, તો પણ દીક્ષા મંત્ર જ બધામાં અધિક પ્રભાવકારી હોય છે. દીક્ષાવેળા સાધકને અપાતો 'બીજમંત્ર' તે વિશિષ્ટ દેવતાનું સ્વરૂપ હોય છે. તે બીજ હૃદયમાં પડતાં જ વધવા લાગે છે, પછી તેને સંધ્યા, ન્યાસ વગેરે ડાળીઓ ફૂટવા લાગે છે, સ્તવ, વંદના વગેરે પાન-ફૂલ આવે છે, છેવટે તેને સિદ્ધિરૂપ ફળ આવે છે.

'મંત્ર' એ સૌર અને સૌમ્ય તેમજ પુલિંગ, સ્ત્રીલિંગ અને નપુંસક લિંગ એવા છે. સૌર મંત્ર પુલિંગ છે, સૌમ્ય મંત્ર સ્ત્રીલિંગ છે. જે મંત્રને છેવાડે 'નમઃ' આવે છે, તે મંત્ર નપુંસકલિંગ હોય છે. પુલિંગ અને નપંસકલિંગ મંત્રને 'વિદ્યા' કહે છે. પુલિંગ મંત્રને છેડે 'હું ફટ' એ વર્ણ આવે છે, તો સ્ત્રીલિંગ મંત્રને છેડે 'ઠ', 'સ્વાહા' એ વર્ણ આવે છે.

નિત્યાતંત્રમાં એકાક્ષરી મંત્રને 'પિંડ' કહે છે, દ્વયાક્ષરી મંત્રને 'કર્તરી' કહે છે, ત્રણથી નવ સુધીના અક્ષરોવાળા મંત્રને બીજ કહે છે, દસથી વીસ અક્ષરોવાળા મંત્રને 'મંત્ર' કહે છે, અને વીશ કરતાં અધિક અક્ષરોવાળા



૪

મંત્રને 'માલા' એવા જુદા જુદા નામો આપેલાં છે, સામાન્યપણે એકાક્ષરી મંત્રને જે 'બીજમંત્ર' કહ્યો છે. પ્રત્યેક દેવતાનો પોતાનો આવો એક 'બીજ' હોય છે, જેમ કે 'કાલી દેવી' નો 'ક્રીં', 'માયા' નો 'હ્રીં' 'અગ્નિ' નો 'રં', 'સરસ્વતી' નો 'ઐં' વગેરે. આ બીજ સિવાય પ્રત્યેક દેવતાનો એક 'મૂળમંત્ર' પણ હોય છે. મંત્રના પુરસ્ચરણ કરવાં પહેલાં સાધકે પોતાના દેહ અને ઈન્દ્રિય પર મુખશોધન, જિહ્વાશોધન, અશૌચભંગ, કુલ્લૂક, (કોગળા), નિર્વાણ, સેતૂ, નિદ્રાભંગ અને મંત્રજાગરણ-એ સંસ્કાર કરાવા લાગે છે. આ બધામાં 'મંત્રાર્થ' અને 'મંત્રચૈતન્ય' નું વિશેષ મહત્ત્વ છે. મંત્રના અર્થ પર ધ્યાન દઈને જપ કરવા અને તે અર્થ દેહમાંના સર્વ તત્ત્વોની જગાએ સંચાલિત કરીને સંપૂર્ણ દેહ તે અર્થથી ભરી દેવો એ જ 'ત્રાર્થ' છે. (૧) મંત્ર (૨) મંત્રનો અર્થ (૩) મંત્રના દેવતા- આત્રણેનું એકીકરણ કરવું એને 'મંત્રચૈતન્ય' કહે છે. તંત્રગ્રંથમાં કહ્યું છે કે, 'મંત્રાર્થ મંત્રચૈતન્યં, યો ન જાનાતિ સાધકઃ, શતલક્ષપ્રજપ્તોઽપિ, તસ્યમંત્રો ન સિધ્યતિ."

એટલે કે જે સાધક 'મંત્રાર્થ' અને 'મંત્રચૈતન્ય' જાણતો નથી, તેને તે મંત્રના સો-લાખ જપ કર્યા હોય તો પણ તે જપની સિદ્ધિ પ્રાપ્ત થતી નથી.

હવે 'દેવતા' વિષે તંત્રશાસ્ત્ર શું કહે છે તે તમને હું જણાવું છું. તંત્રશાસ્ત્રમાં સાધકે દેવતા સાથે સંબંધ જોડાવો, તેનું આહ્વાન કરવું અને તેની સહાય મેળવવી એ વિષે વિવિધ પ્રકારે વિચાર કર્યો છે. દેવતા એ 'પરમેશ્વર' કે 'પરમેશ્વરી' એની વિશિષ્ટ શક્તિ હોય છે. સાધકે તેની સાથે મંત્ર દ્વારા સંબંધ પ્રસ્થાપિત કરવાનો હોય છે. 'સત્ય , જ્ઞાન, આનંદ' તેના પ્રતિ જવા માટે 'દેવતા' એ સાધકને સહાય કરે છે અને સાધકની ઈચ્છા થઈ તો તેને આદ્યાશક્તિના કૃપાછત્ર તળે લઈને તેને 'મુક્ત' પણ કરે છે. સર્વ દેવોપાસનાનો અંતિમ ઉદ્દેશ્ય 'ભગવાનના 'પરમાનંદ સ્વરૂપ' સાથે 'સાયુજ્ય' મેળવવો એ જ છે. પ્રત્યેક 'દેવતા' નું એક અલગ સ્વરૂપ હોય છે. તેનું 'ધ્યાન' તેનું 'વર્ણ' અને 'વાહન' વગેરે નક્કી થયેલું હોય છે. તેનો એક પરિવાર પણ હોય છે. સાધકની દિવ્ય દ્રષ્ટિએ દેવતાનું એ 'નામ'- 'રૂપ'-'ગુણ' પોતાની દિવ્ય દ્રષ્ટિ વડે જાણીને પછી સાધક વર્ગ માટે મૂર્તિવિજ્ઞાનવાદ, મંત્રવિજ્ઞાન વગેરે વડે તેનું પ્રતિપાદન કરીને રાખ્યું છે. તેથી (૧) ગુરુ (૨) મંત્ર અને (૩) દેવતા- એ તાંત્રિક સાધનાના મૂળતત્ત્વ નક્કી થાય છે. તંત્રશાસ્ત્ર કહે છે કે, "ગુરુદેવતામંત્રાનામૈકયમ્" એટલે કે ગુરુ, દેવતા અને મંત્ત એ ત્રણેય મળીને 'એક જ' હોય છે. તેથી તો 'જ્ઞાનાર્ણવ-તંત્ત' કહે છે. કે, " 'ગુરુ' મા મનુષ્યબુદ્ધિ, 'મંત્ર' માં અક્ષર બુદ્ધિ અને 'મૂર્તિ' માં પથ્થર બુદ્ધિ કરવામાં આવે, તો 'નરક' ની પ્રાપ્તિ થાય છે.

તંત્ર માર્ગમાં સાધકના ત્રણ 'ભાવ' માનવામાં આવ્યાં છે : (૧) પશુભાવ (૨) વીરભાવ અને (૩) દિવ્યભાવ. આ ત્રણ 'ભાવ' એટે તેની 'મનની અવસ્થા' જ છે. જે જીવમાં અવિદ્યાનું જાડું આવરણ હોય છે અને જેમાં 'અદ્વૈત' નો થોડો પણ ઉદય થયેલો નથી, તે અવસ્થાને 'પશુભાવ' કહે છે. આવો 'જીવ' પશુની જેમ જ અજ્ઞાનરૂપી દોરડા વડે સંસારમાં બંધાયેલો રહે છે. તે સદા 'બહિર્મુખી' હોય છે. વાસનાવિકારનો સંયમ કરવો તે તેને થતું જ નથી. તેથી આવા સાધકને 'તામસિક' કહ્યો છે.: સંસાર મોહમાં ફસી પડેલો તે અધમપશુ છે. જે સાધક સત્કર્મપરાયણ છે, તે 'ઉત્તમ પશુ' છે.

જે જીવને 'અદ્વૈતજ્ઞાન' નો થોડો સાક્ષાત્કાર થયો છે અને જેને તે અદ્વૈતામૃતની અસરમાં ભલે બિંદુમાત્ર અમૃત ચાખવા મળ્યું હોય, તે સાધક પશુભાવમાંથી, 'વિરભાવ' માં પ્રવિષ્ટ થાય છે. એવું કહેવાય છે કે આ ભાવમાં સાધક ચંચળ, તરવરિયો અને ઉગ્ર એવો 'રાજસિક' હોય છે. આ 'વીરભાવ' પુષ્ટ થતાં દ્વૈત થતાં દ્વૈતભાવ દૂર થવામાં સહાય થાય છે, પછી તે સાધક ઉપાસ્યદેવતાના અસ્તિત્વમાં પોતાનું અસ્તિત્વ વિલીન કરી શકે છે. આ અવસ્થા 'દિવ્યભાવ' ની હોય છે. આ અવસ્થામાં સાધકને અદ્વૈતાનંદનો આસ્વાદ લેતાં આવડે છે. આવો સાધક સંસ્કૃત અને ગંભીર હોય છે. બુદ્ધિના પ્રકાશમાં તે પોતાનો સાધનામાર્ગ પૂરો કરે છે. આવા સાધકની પ્રકૃતિ 'સાત્ત્વિક' હોય છે. સાધક જેવા ભાવ (મનની અવસ્થા)નો હોય છે, તે અનુસાર તંત્રમાર્ગની ઉપાસના પદ્ધતિ પણ ભિન્ન હોય છે. એ ત્રણ ભાવ એટલે 'અધિકાર ભેદ' જ સમજવા.'

★★

## 'સાચી પ્રાર્થના'

મહાત્મા ટૉલસ્ટોયની (વાર્તાના આધારે)

એક ટાપુપર ત્રણ ગમાર જેવા માણસો રહેતા હતા. આ ત્રણેયને આસપાસમાં રહેતા અબુધ ગ્રામજનો સંતો માનીને એમનો આદર-સત્કાર કરતા હતા. ધીરે ધીરે આ વાતની જાણ વડા ધર્મગુરુને થઇ, એ તો તરત ક્રોધે ભરાઇ ગયા. આ અવળે માર્ગે ગાડી દોડાવતા ગમારોને સત્યનું ભાન કરાવવા ધર્મગુરુજી નૌકામાં બેસીને પેલા ટાપુપર પહોંચી ગયા.

ધર્મગુરુને જોતાની સાથે જ ઘેલા ઘેલા બનેલા પેલા ગમાર સંતો તો એમના ચરણોમાં પડી ગયા. ને કહેવા લાગ્યા :

"અમારા ધન્ય ભાગ્ય કે આવા ધર્મગુરુજી અમારે આંગણે પધાર્યા !"

ધર્મગુરુએ ત્રણેને પૂછયું :

"લ્યા, તમે તમારી જાતને સંત શા માટે કહેવડાવો છો ?"

વાત શાની !?..." - ત્રણે જણ એક સાથે વિનમ્રભાવે "બાપુજી, અમે તો સાવ ગમાર છીએ, અમે વળી સંતો શાના ને બોલી ઊઠયા. "તમે કઇ પ્રાર્થના કરો છો ? ..."-ધર્મગુરુએ બીજો સવાલ કર્યો. આ સવાલ સાંભળીને તો ત્રણેય જણ સાવ મૂઢ જેવા બનીને એકબીજાની સામે જોવા લાગ્યા, શો જવાબ આપવો એની વિમાસણમાં પડી ગયા હોય તેમ સંકોચપૂર્વક હાથ જોડીને મૌન ઊભા રહ્યા. છેવટે એક જણે હિંમત કરીને કહ્યું :

"બાપુજી, અમે તો સાવ અબૂધ છીએ. અમે તો કંઇ ભણ્યા ય નથી ને ગણ્યા ય નથી.. અમે તો બસ, એટલું જ જાણીએ છીએ કે પરમાત્માનાં ત્રણ સ્વરૂપ છે. ને અમેય ત્રણ છીએ. એટલે તો હાથ જોડીને અમે કહીએ છીએ કે " હે ભગવાન, તમે ત્રણ છો, અમેય ત્રણ છીએ. અમારા ત્રણનું સદાય તમે ભલું કરો !"

આ સાંભળીને ધર્મગુરુ તો વળી વધારે ગુસ્સે ભરાયા, ને કહેવા લાગ્યા : " આવી સાવ વાહિયાત પ્રાર્થના તે વળી કદી કરાતી હશે ?" છેવટે એમણે ત્રણેને બાયબલમાંથી એક મોટી પ્રાર્થના શીખવાડી, ને પછી ચાર છ વખત બોલાવીને પ્રાર્થના ગોખાવી નાંખી. લે ભાગુ સંતોને સાચો રસ્તો બતાવ્યો એવો મિથ્યા સંતોષ અનુભવતા ધર્મગરુ તો તરત પાછા પોતાની નૌકામાં બેસીને પાછા ફરી રહ્યા હતા ત્યાં તો એમને પાછળથી બૂમ સંભળાઇ :

"બાપુજી, જરા થોભો, જરા ઊભા રહો..."

ધર્મ ગુરુએ તરત જ પાછળ નજર કરી તો એમની આંખો ભારે આશ્ચર્યથી પહોળી થઇ ગઇ: આ શું ? પેલા ત્રણે જણાએ ધર્મગુરુને પ્રણામ કર્યા, ને સકમ્પ સ્વરે કહ્યું : "બાપુજી, અમે કહ્યું નહોતું કે અમે તો સાવ ગમાર છીએ... લ્યો, અમે પ્રાર્થના તો ભૂલી ગયા હવે ફરી અમને શિખવાડવાની મહેરબાની કરો..." સાવ અવાક બની ગયેલા પેલા ઘમંડી, મિથ્યાજ્ઞાની ધર્મગુરુજીને તરત જ આ ત્રણે અબુધ, ગમાર સંતોની કોટીનો ખ્યાલ આવી ગયો, ને બીજી જ ક્ષણે ક્ષણે એમનો ગર્વ સાવ ચૂર ચૂર થઇ ગયોહોય તેમ એ ધર્મગુરુજી પેલા ત્રણેના ચરણોમાં પડી ગયા : "ભાઇઓ, તમે કરતા હતા એ જ સાચી પ્રાર્થના છે !"

## ક્લેશ

(લઘુકથા) રમેશ ત્રિવેદી

મારી બીમાર પત્નીને મહિના સુધી હોસ્પિટલમાં રાખ્યા પછી, ઘેર લઇ જવાની રજા મળી ગઇ. હું બીલ લઇને સુપરિન્ટેન્ડેન્ટ પાસે ગયો ત્યારે એ કોઇ ફાઇલ જોઇ રહ્યા હતા. મેં મનમાં બરાબર ગોઠવી રાખેલી મારી રામકહાણી-એમાં ખાસ કરીને પત્નીની લાંબી બીમારી, દવાઓનો મોટો ખર્ચ, મારી રિટાયર્ડમેન્ટ, ટૂંકું પેન્શન વગેરે પર ખાસ ભાર મૂકીને સુપરિન્ટેન્ડેન્ટ આગળ કહી સંભળાવી, ને પછી બીલમાંથી થોડીઘણી રાહત મળે એ માટે વિનંતી કરી જોઇ, મારી સામે એકાદ વખત અછડતી નજર કર્યા પછી સુપરિન્ટેન્ડેન્ટે મારા શબ્દો તરફ ખાસ કંઇ લક્ષ્ય આપ્યું નહીં. એ એમની બાજુમાં બેઠેલા માણસ સામે એકાદવાર જોઇને યથાવત્ ફાઇલનાં પાનાં ફેરવતા બેસી રહ્યા. થોડીકવાર પછી પેલા અજાણ્યા માણસે મારી સામે જોતાં કહ્યું : "તમે, જોષી સાહેબ તો !..." કશુંક પકડાઇ ગયું હોય તેમ સહેજ ચમકીને સંકોચપૂર્વક હું એની સામે જોઇ રહ્યો : 'કંઇ ઓળખાણ ન પડી !...' "સર, મને

ઓળખ્યો નહી ? હું કે. એન.' : ને તરત એ વેપારી જેવો લાગતો માણસ મારી સામે આદરપૂર્વક નમીને ખુરશી પરથી એકાએક ઊભો થઇ ગયો, ને એ જોઇને મારો સંકોચ દ્વિગુણિત બની ગયો. શું બોલવું એ માટે શબ્દો શોધતો, ગૂંચવાતો હું ચૂપચાપ ઊભો રહ્યો. પેલા માણસે સુપરિન્ટેન્ડેન્ટ સામે ગૌરવભરી નજરે જોતો હોય તેમ જોઇને કહ્યું : 'જુઓ, દેસાઈ, આ મારા એક વખતના આદરણીય સર છે... એમણે મને... એમનું બીલ હું ચૂકવી દઉં છું... બીલમાં માફી આપવાની નથી... સમજ્યા !..."

"ના રહેવા દો ભાઈ !" : મારો અવાજ સહેજ થોથવાઇ ગયો. "એમ કંઇ ચાલે, કેટલા વરસે આપની સેવા કરવાની તક મળી છે ! સાહેબ, તમે એમ કરો... જરા બહાર ઊભા રહો... હું કામ પતાવીને..."

"હા, જાઓ, સાહેબ, તમે હવે જઇ શકો છો..." : સુપરિન્ટેન્ડેન્ટે પહેલી જ વાર મારી સામે સહેજ ધ્યાનથી જોયું. હું કેબીનની બહાર આવી ફલશડોર પાસે ચાડિયા જેવો ગુમસૂમ ઊભો રહી ગયો. 'દેસાઇ,... જોષી સાહેબ જરૂર કોઇ મુશ્કેલીમાં હશે, બાકી એ કોઇની ય આગળ આ રીતે કાકલૂદી કરીને... વર્ગમાં એ અમને સ્વમાન, ને સ્વાવલંબનના કેવા કેવા ઉમદા પાઠ શીખવતા હતા !!'

કેબીનમાંથી છૂટેલું છેલ્લું શબ્દશર આવીને એકાએક મારા મર્મને ભેદી ગયું. હું હલબલી ઊઠયો. અને કે. એન. બહાર આવે તે પહેલાં જ ઝડપથી લિફ્ટ પાસે પહોંચી ગયો, પછી અંદર પાંજરામાં પ્રવેશ્યો, અને નતમસ્તકે ઊભો રહી ભીતરમાં ઊંડોને ઊંડો ઊતરતો ગયો...

બ્રહ્મપોળ, કડી - ૩૮૨૭૧૫

## મધુવિદ્યાની સંપ્રાપ્તિ

એવી મધુર વાણી, જીવનમાં કદી ન સાંભળી હોય તેવી વાણી ! આશ્ચર્યમાં ગરકાવ થઇ જવાય એવી મધુર વાણી. માનવીનો સવર આટલો મીઠો હોઈ શકે છે ! કંઠમાંથી નીકળેલા પ્રત્યેક શબ્દ જાણે કે અમૃત બિંદુ ! વેદમાં વર્ણવેલ "મધુવિદ્યા" ની સાધના કરવાથી સહજ રીતે મધથી પણ વધુ મીઠી વાણી ! જ્ઞાન સુધા પીવડાવવા આ સાધના જીવનમાં જરૂરી છે. મધુવિદ્યાના ઉપાસકની તેજો પ્રાપ્ત આંખો અનહદ પ્રેમથી જળહળી ઊઠે છે. અણભાવે દ્રઢ સંકલ્પ સાથે પ્રાણીમાત્રના કલ્યાણની કામના એ "મધુવિદ્યા" ના ઉપાસકની સાધના છે. સંસારના બધા જીવો પરસ્પર પ્રેમથી રહે, સુખથી સંપન્ન રહે. સર્વના મનમાં સર્વ કલ્યાણની ભાવના રહે તેવા સંકલ્પો કરે છે. બધાની ઈન્દ્રિયો સર્વહિતના કામમાં મગ્ન રહે છે. પિંડનું સુખ સમુદ્ર જેટલું ઉભરાય અને બ્રહ્માંડના મહાસાગર સાથે એક રૂપ થઇ જાય છે. પ્રાણોની બધી શક્તિ કેન્દ્રીકરણ કરીને બધાના શુભ ઉદયની કલ્પના કરે છે. જીવનના સમગ્ર રસને એકત્રિત કરીને સર્વહીતનો દિપક પ્રગટાવે છે. જેના કિરણો કલ્યાણની ભાવનાનો પ્રકાશ લઈને આ પૃથ્વીના ખૂણેખૂણામાં પહોંચે છે. આ જ મધુવિદ્યા છે. જીવ-જીવનના પ્રત્યે મધુમય ભાવનાનો સંકલ્પ મધુવિદ્યા ઉપાસકનું મુખ મંડલ હાસ્યની મધુરતાથી અરુણોદયની જેમ ખીલી ઊઠેલું હોય છે. અતૂટ મધુરિમાના શબ્દોનું સિંચન કરે છે. આ સાધનાથી જે મધુર ફળ આવે છે. તે ચમત્કાર હોતા નથી શુભ સંકલ્પની સુમધુર સિદ્ધિ માત્ર હોય છે. દ્રઢ સંકલ્પ કરીને જોઈએ. જે પણ શુભ ઈચ્છા હશે તે પૂરી થઈને જ રહેશે. શુભ સંકલ્પો, શુભકાર્યો આભારી સુવાસ છે. મધુવિદ્યાનો ઉપાસક સંપૂર્ણશક્તિ એકઠી કરીને પ્રવાહરૂપે ધરતીની ચારે દિશાઓમાં મોકલે છે. અને અરૂણ ભાવનાઓ સાકાર પ્રાપ્ત કરી રહે છે. ચાલો આપણે સર્વજીવો પ્રત્યે આ મધુવિદ્યાની સાધના કરીએ.

મધુવાતા ઋતાપતે મધુછરંતિ સિંધપઃ।

★★

## પ્રસન્નતાનું પાથેય

પ્રકૃતિ એની જાતે જ રોગનું નિવારણ કરતી રહે છે. તે વગર ફીનો ડૉકટર છે.

મનને આનંદમય રાખવા મનોરંજક પ્રવૃત્તિઓમાં પરોવી દેવું જોઇએ.

રોગીને દવા કરતાં સહાનુભૂતિની વધારે જરૂર હોય છે.

રોગીએ મનને શાંત રાખવું જોઇએ.

સહનશીલ બનવું જોઇએ અને સંયમ રાખવો જોઇએ તેણે મનને બીજા શ્રેષ્ઠ વિચારોમાં પરોવવું જોઇએ. મનોબળને ઢીલું ન પાડવા દેવું જોઇએ.

ચહેરા પર હાસ્ય તે મનુષ્યના સૌભાગ્યનું ચિહ્ન છે. પ્રસન્નચિત્ત મનુષ્યને જોઇને બધા ખુશ થાય છે. પ્રસન્નતા દૈવી ગુણ છે.

પ્રસિદ્ધ ચિંતક બાયરે લખ્યું છે કે "જ્યાંસુધી શકય હોય ત્યાંસુધી હસો. તે એક સસ્તી દવા છે.

તત્ત્વજ્ઞાની સ્ટર્ને કહ્યું છે કે "મને વિશ્વાસ છે કે જ્યારે કોઇ માણસ હસે છે ત્યારે દરેક વખતે તેના જીવનમાં વૃદ્ધિ થાય છે."

ચિકિત્સા શાસ્ત્રી ડો વિલિયમે પોતાના પ્રયોગોના આધારે એ સાબિત કર્યું છે કે ખડખડાટ હસવાથી, પ્રસન્ન રહેવાથી પાચનક્રિયા સારી રહે છે. તથા લાલ કણોમાં વધારો થાય છે. સ્નાયુતંત્ર તાજુ અને સક્રિય રહે છે. હાસ્ય - વિનોદ માણસના સ્વભાવને સુંદર બનાવવાની રામબાણ દવા છે.

સુંદર કળી જ્યારે ખીલી ઊઠે છે ત્યારે તેની શોભા કેટલી રમણીય લાગે છે.

ઈમર્સને કહ્યું છે. કે "ખરેખર હાસ્ય તો એક ચતુર ખેડૂત છે કે જે માનવજીવન રૂપી માર્ગમાંથી કાંટા, ઝાંખરા વગેરેને ઉખાડીને ફેકી દે છે. અને સદ્‌ગુણોનાં સુગંધિત વૃક્ષો રોપે છે. જેનાથી આપણી જીવનયાત્રા સરળ બની જાય છે.

મનોવૈજ્ઞાનિકોએ પોતાના પ્રયોગો, સંશોધનો અને અનુભવોના આધારે એ સાબિત કર્યું છે કે ઈર્ષ્યા, દ્વેષ, ક્રોધ, ઉત્તેજના, ભય, ચિંતા જેવા મનોવિકારોથી મનુષ્યના શરીરમાં જે વિષ પેદા થાય છે એને દૂર કરવા હાસ્ય અત્યંત જરૂરી છે. પ્રસન્નતા જીવન યાત્રાને મધુર અને મંગલમય બનાવે છે.

★★

## : Tantra :
## Its Therapeutic Aspect
## Origination of Disease :

Very recently a survey has been reported in the news papers in which it is stated that. "If doctors are on strika death rate decreases". Health is wealth is an universal fac and we can't neglect it.

It is thoughtful consideration that mankind is enterin into another dimension of phusical disease and meteal sufferings.

Our life has become so mechanical and commercial that we have lost the capacity to understand the real nature of body and mind with the result that we are suffering from pyhsical and mental ailments of various types like tensions, blood pressures etc.

In the words of caraka, all diseases originate from foibles of human thinking They are namely grief, fear, anger, lust etc. which are at the root of deases. This also reflects that in disease not only body but mund also plays prominent role. we known as psychosomatic diseases in moderm medical terminology. For Tantra health measns harmony between vital forces (Prama Sakti) and mental forces. (citta Sakti) which control body and mind respectively Hence for Tantra, disease means disharmony between these two types of forcs.

Remedy :

Human race has worked out many remedies. Some of them give instant cure while other take time The patient, in this age, is in a hurry that he is always in search of rapid relief : so he expects from doctors instant cures.

Sometimes some doctors, at the cost of patient's health and just for money, prescribe the choaper and of lower quality of drugs known as pain killers. Patient feels relief for some time but the side effects of the lower quality drugs re-appear in a worst from of new diseases. For cutting that new disease again he has to o to doctor for inviting new diseases. This vicious circle diminishes the power of resistance of body with the result that body becomes weaker and weaker and more susceptible to disease. So very often malpractices of doctors and inefficiency of drugs increases deathe rates when doctors are

present.

Is drug therapy the only remedy for disease ? If it is so then how our ancient seers had lived healthy and happy life staying on the peaks of ice mountais without having any kind of antibiotic drugs ? They had found out the techniques of cultivating inner natural power of resistance of body against diseases. It is maintained and nightly so by psyiologists that human body retains within itself an inbuilt system of resistance against any attacks of disease on the body. Addition to prequent drugs reduces the inherent power of th body to resist any attack of disease.

It is therefore, advised by traditional practioners of medicine especially Indian system of Ayurveda not to resort any medication unless it is bodly so required, Instead we must help body to resist itself with its own inherent powers Ancient fathers had cultivated these powers and with the help of them they preserved the pure and perfect body and enjoyed prolorged life.

A single remedy which every one of us can have is presoribed by Tantra and that is cultivation of strong will power which can fortify our body against any attacks from outside as well as inside.

Tantra :

Tantric techniques are especially designed for cultivation of will power what Tantra is, is it a black magic ? If it is so then how it helps possitively, such questions can be asked.

Tantra has always been generally misunderstood as a reality Tantra is that system which deals with the cultivation of inner powers. For this purified and perfect body is required.

Tantra has presoribed Mantray yantra, meditation and also various forms of practices for this purpose All these have their therapeutic value and to explain this aspect of Tantra is the objective of this article. Who does not desire to be healley throughout the whole life span ? Every one of us wishes to posses healthy life. A healthy body is the first and foremost requisite for happy life.

★★

## ભાવાનુવાદ

## તંત્ર : તેનો આરોગ્ય વિષયક દ્દષ્ટિકોણ

તાજેતરમાં હમણાંજ એક સર્વે - પરિપ્રેક્ષણનો અહેવાલ વર્તમાનપત્રમાં બહાર પડયો જેમાં નોંધ્યું છે કે "જો ડોકટરો હડતાલ ઉપર જાય તો મૃત્યુ અંક નીચો જાય." તંદુરસ્તી એ ધન છે એ સનાતન સત્ય છે. એને આપણે નકારી શકીએ નહિ.

એક ચિંતનશીલ નિર્ણય એવો છે કે માનવજાત એક જુદી દિશાના શારીરિક રોગ તરફ તથા માનસિક યાતનાના વિસ્તાર તરફ ગતિ કરી રહી છે.

આપણું જીવન એટલું બધું યંત્રવત્ અને અર્થપ્રધાન બની ગયું છે કે આપણે શરીરની તેમજ માનસિક પ્રાકૃતિક સમજની શક્તિ ગુમાવી બેઠા છીએ. પરિણામ એ આવ્યું છે કે આપણે કેટલીયે પ્રકારના શારીરિક તેમજ માનસિક તનાવ અને લોહી દબાણોની યાતનાઓ વેઠી રહ્યા છીએ.

'કારક'ના શબ્દોમાં કહીએ તો સર્વ રોગના જનમના મૂળમાં વિકૃતિવાળા માનવના મનના ચિંતનમાં હોય છે. વિકૃતિઓ જેવી કે તીવ્રશોક, ભય, ગુસ્સો, વાસના કે

લાલસા વગેરે છે.

આ વિકૃતિઓ પ્રતિબિંબ પાડે છે કે રોગ માટે કેવળ શરીર જ નહિ પરંતુ મન પણ અગત્યનો ભાગ ભજવે છે. અદ્યતન તબીબી પરિભાષામાં એને માનસિક ચિકિત્સક રોગ તરીકે જાણીએ છીએ. તંત્રમાં તંદુરસ્તી એ પ્રાણશક્તિ અને ચિત્તશક્તિ વચ્ચેનો સુમેળ છે. જે શરીર અને મનને નિયમનમાં રાખે છે. એટલે તંત્રતો પ્રાણશક્તિ અને ચિત્તશક્તિની વિસંગતતા એટલે રોગ એમ કહે છે.

**ઈલાજ**

માનવજાતે, તંદુરસ્તીના ઘણા ઈલાજ સિદ્ધ કર્યા છે. એમાંના કેટલાક તો તાત્કાલિક આરોગ્યપ્રદ છે. કેટલાક ધીમીગતિએ પરિણામ આપનાર પણ છે.

આ યુગનો દર્દી હંમેશાં ઉતાવળે જલ્દી સાજા થઈ જવાની ઉતાવળમાં હોય છે. તેથી તે ડૉકટર પાસેથી જલ્દીથી સાજા થઈ જવાની ધારણા રાખે છે.

કેટલીકવાર કેટલાક ડૉકટર દર્દીની તંદુરસ્તીના ભોગે અને ધનના પ્રલોભનનો લઈને વધારે સસ્તી અને હલકા પ્રકારની દવાઓ જેવીકે 'પેઈન-કિલર્સ'-દર્દનાશક દવાઓ લખી આપે છે. દર્દી કેટલોક સમય રાહત અનુભવે છે. પણ હલકી દવાઓને લીધે આડકતરી અસરો ઊભી થતાં ઘાતક સ્વરૂપે નવાં દર્દ પેદા થાય છે.

હવે વળી પાછાં આ નવાં દર્દ થતાં એ દર્દોને હટાવવા વળી પાછાં ડૉકટરોનાં બારણાં ખખડાવવામાં પડે છે. આ રીતે આ દુષ્ટ રોગોનો ચકાવો શરીરની રોગપ્રતિકારક શક્તિને ઘટાડે છે. પરિણામે શરીર વધારે ને વધારે નબળું-અશક્ત થતું જાય છે. અને રોગ ઘર કરી બેસે છે. ડૉકટરોની ગેરરીતિઓને લીધે અને હલકી દવાઓને લીધે મૃત્યુઅંક વધી જાય છે. ફક્ત ઔષધ એજ રોગ નિવારણનો ઉપાય છે ? જો એમ જ હોય તો આપણા પ્રાચીન દર્શકો તંદુરસ્ત અને સુખી જીવન, હિમાચ્છાદિત પર્વતોના શિખરો ઉપર કોઈપણ પ્રકારની વિષઘ્ન ઔષધિ વિના કેવી રીતે જીવતા હતા ?

એમણે શરીરના અંદરના તંત્રને કુદરતી રીતે શક્તિ સંપન્ન રાખવાની અને અંદરની રોગપ્રતિકારક શક્તિને સાચવી રાખવાની ફળદ્રુપ કુશળતાનું જ્ઞાન શોધીને પ્રાપ્ત કરી લીધું હતું.

સાચેજ આત્મજ્ઞાનીઓએ પ્રતિપાદિત કર્યું છે કે માનવ શરીરમાં કોઈપણ રોગના હુમલા સામે સ્વયં પ્રેરિત પ્રતિકારક બળ હોય છે જ.

વારંવારના દવાઓના વધારાથી શરીરની અંદર રહેલી રોગવિરોધક પ્રતિકાર શક્તિને ઘટાડે છે. માટે ડૉકટરોની, ખાસ કરીને આર્યુર્વેદની સલાહ છે કે અસાધારણ સંજોગો સિવાય દવાનો વધારે પડતો આશ્રય કરવો જોઈએ નહિ.

શરીર જે જાતે પોતામાં રહેલી સહજ શક્તિથી શરીરને રક્ષે છે તેને તેવી રીતે કામ કરવા મદદ કરવી જોઈએ.

પ્રાચીન પૂર્વજોએ શરીર રક્ષવાની સહજ શક્તિ પ્રાપ્ત કરી લીધી હતી અને એની મદદથી શુદ્ધ અને સંપૂર્ણ શરીરનું જતન કરી શકતા હતા. અને દીર્ઘજીવન માણી શકતા હતા.

તંત્ર એકજ ઉપાય સૂચવે છે અને તે મજબૂત ઈચ્છા શક્તિ ધારણ કરવી તે અને આજ (મજબૂત ઈચ્છાશક્તિ) શરીરને બહારના તેમજ અંદરના કોઈપણ હુમલાથી રક્ષણ કરવા સમર્થ બની રહેશે.

**તંત્ર**

તંત્રમાં કેવળ મનોબળને મજબૂત બનાવવાની યુક્તિ-પ્રયુક્તિઓની યોજનાઓ ઘડી છે. તંત્ર શું છે ? શું એ મોહજાળ છે ? જો એમજ હોય તો પછી તે વિધેયક બની શી રીતે મદદ કરે છે એવા પ્રશ્નો પૂછી શકાય. મહદ્અંશે તંત્રને સમજવામાં આપણે સદૈવ ઊણા ઊતર્યા છીએ. તંત્ર એક એવી પદ્ધતિ છે જે ભીતરની શક્તિઓનું સર્જન કરે છે. જે પરિશુદ્ધ અને પરિપૂર્ણ શરીર માટે જરૂરી છે.

તંત્ર, મંત્ર, યંત્ર, ચિંતન-મનન ના નિયમો નક્કી કરી આપે છે. અને આ હેતુ સિદ્ધ કરવા કેટલાક પ્રયોગો પ્રસ્થાપ્યા છે.

આ બધાને ઉપચાર સંબંધી મૂલ્ય છે. અને તંત્રનો આ દૃષ્ટિકોણ સમજાવવાનું લેખનું લક્ષ્ય છે.

(૧) જો વ્યક્તિ, સમાજને અને વાતાવરણને સદ્દભાવ અને સહયોગથી ભર્યો ભર્યો રાખવો હોય તો એનો એકજ ઉપાય છે, કે સત્ય પ્રવૃત્તિ સંવર્ધનનો પ્રયોગ કરવો જોઈએ તે પ્રમાણે કાર્યક્રમ બનાવવો જોઈએ અને તેમાં અધિકમાં અધિક લોકો વધુમાં વધુ ઉત્સાહપૂર્વક લગાડવા જોઈએ. એવું ન બનતાં તેનું પરિણામ એકજ આવશે કે દુષ્પ્રવૃત્તિઓ વિકસશે. વ્યક્તિઓ અનાચારી બનશે. અપરાધો, અનાચારોનો ક્રમ ચાલુ રહેશે અને આક્રોશ,

વિગ્રહ, ત્રાસ તેમજ રોષ અને નફરતપૂર્ણ પ્રતિક્રિયા અપનાવવાનું સ્વરૂપ પ્રગટ કરવા લાગશે.

(૨) **વાક્ બ્રહ્મ :**

જીવનમાં જે કાંઇ મધુ હોય, મધુર અને સુંદર હોય તેને જાણી લેવું અને માણી લેવું. બોધપાઠને જીવનમાં ઉતારવાથી ઉપયોગી થાય છે. શુદ્ધ આચાર જ વિચારોને દૃઢ બનાવે છે. આચાર અને વિચાર તો એકજ સિક્કાની બે બાજુ છે મંત્રો તો મનન કરવા માટે છે. જીવન ઘડવા માટે છે. જીવનને શુદ્ધ સંસ્કારી બનાવવું એ કર્તવ્ય છે.

સાત્ત્વિક વિદ્યાઓના પ્રભાવથી અજ્ઞાનના અંધકાર ઓલવાય છે. જીવનમાં સંસ્કારનો પ્રકાશ ફેલાય છે.

શરીરના મળ ધોવા માટે તો રોજ રોજ સ્નાન કરીએ છીએ એ રીતે જીવનમાં જે મળ ભેગા થાય છે. જડતા જામી જાય છે. જે અંધારાં પથરાઇ જાય છે તે દૂર કરવા માટે તો જ્ઞાન અને વિદ્યાનાં અજવાળાં જ કામ આવે છે.

સર્વત્ર મધુ જોવાની જીવનદૃષ્ટિ પ્રાપ્તકરી જીવનને મધુર, સુંદર બનાવવાનું હોય છે.

(૩) **ત્રણ ઋણ**

માતા-પિતા ગુરુજન અને સમાજ -સમાજના દેવાનાં ઋણ પણ આપણે માથે ખરાંજ

માતાપિતાની સેવાથી, ગુરુજનની આજ્ઞા પાલનથી અને સમાજને ઉપયોગી પરોપકારના કાર્યકારીઓના જીવનનાં એ ત્રણેય ઋણ ચૂકવી શકાય. એમાંનું એકાદ ઋણ ચૂકવીએ નહિતો વરૂણના પાશ, સંસારના બંધનમાંથી છુટકારો થાય જ નહિ

(૪) **પ્રાર્થના**

હે ! અગ્નિદેવ, ગુરૂદેવની રક્ષા કરો. સાંભળ્યું છે કે. સમિધ્ય થયેલા અગ્નિ, રાત દિવસ રક્ષણ કરે છે. અને કાર્યો સફળ કરે છે. મારા ગુરૂદેવે સદૈવ અગ્નિદેવને સમિધ્ અર્પણ કર્યો છે. તો હે અગ્નિદેવ તમો સદૈવ સતત મારા ગુરુદેવનું રક્ષણ કરો.

આરોગ્યપદ આયુષ્ય આપો જેથી જગતના જીવોનું કલ્યાણ થાય.

અરણિના લાકડામાં અગ્નિ સૂતો છે. અરણિનાં મંથન કરતાં એ પ્રગટ થાય છે એ રીતે આત્માનું જ્ઞાન અગ્નિના જેવું છે એશિષ્યમાં સૂતેલું છે. એ ગુરૂએ જગાડવાનું છે. ગુરૂઅને શિષ્યનાં મિલન તો અરણિ મંથન જેવાં છે.

**વિભૂતિ :**

જ્ઞાન હોય પણ ગર્વ ન હોય, સિદ્ધિ હોય પણ અહંકાર ન હોય, સંયમ હોય પણ શુષ્કતા ન હોય, પદવીહોય પણ પદનો અહમ્ ન હોય

આવી વ્યક્તિઓ વિભૂતિ બને છે.

★ સાધુએ તો સારા ગુણો ગ્રહણ કરવાના હોય છે.

★ જ્યારે આપ વડાઇનો અસ્ત થાય છે. ત્યારે વિજયનો ઉદય થાય છે.

પ્રખ્યાત રશિયન લેખક ગોર્કીએ પોતાના દેશના ખેડૂતોને સંબોધન કરતી વખતે કહ્યું હતું કે : યાદ રાખો. તમે સૃષ્ટિના સૌથી શ્રેષ્ઠ અને ઉપયોગી પ્રાણી છો એવું કોઇ કારણ નથી કે કોઇ વ્યક્તિ પોતાને બિનજરૂરી, તુચ્છ અથવા હલકી સમજે જો તે પોતાનું મૂલ્ય નહિ સમજે તો બીજાઓ તેને કેવીરીતે ઉપયોગી માનશો ?"

વિશ્વામિત્રે આપેલો મંત્ર

સૌને મિત્ર જુઓ,

સૌના દુઃખમાં ભાગ લો, અને સૌનું હિત કરો.

★★

## 'સીતાની ક્ષમાશીલતા'

રામે રાક્ષસો પર વિજય પ્રાપ્ત કર્યો. એમની આજ્ઞાથી હનુમાન સીતાને લેવા ગયા. બીજના ચંદ્ર, જેવી વંદ્ય અને અતિ દુર્બળ બની ગયેલી સીતાને જોઇ, એમને વીટળાઇ બેઠેલી કરાલદર્શના રાક્ષસીઓને જોઇ હનુમાન અત્યંત દુઃખી અને ક્રોધના આવેશમાં સીતાને કહેવા લાગ્યા :

"મા ! આ રાક્ષસીઓએ તને બહુ કનડી છે. તારા પર યાતનાઓ વર્ષાવવામાં એમણે જરાય મણા રાખી નથી. તું આજ્ઞા કરે તો હમણાં જ આ બધીનો ટોટો પીસી નાખું !"

હનુમાનની આ વાત સાંભળી સીતા મંદ મંદ હસી અને બોલી :

"બેટા ! રાક્ષસીઓ રાવણને આધીન હતી. આતતાયી રાવણની ઇચ્છા પ્રમાણે કર્યા વિના એમનો છૂટકો ન હતો. એમણે મારા પર જે ગુજાર્યુ તેમાં એમનો શો દોષ ! ?..." વળી થોડુંક વિચારીને એ બોલી :

"વત્સ ! આર્યજને પાપી કે પુણ્યાત્મા સૌ પ્રત્યે

કરુણા જ કરવી ઘટે જગતમાં દોષ કોણ નથી કરતું !?..."

સીતાની આ વાણીમાં એનું કેટલું ઔદાર્ય દેખાય છે ! કોણ અપરાધ નથી કરતું ? એમ કહેવામાં એ લક્ષ્મણ પ્રત્યેના પોતાના ધૃણિત આચરણને જ યાદ કરતી લાગે છે. કર્મ અને પ્રતિકર્મની પરંપરા તોડવી જ ઘટે એમ કપરા અનુભવે સીતાને સમજાયું હતું. પરિતાપના આકરા તાપમાં તપીને સીતાનું હૃદય નિર્મળ સાત્ત્વિક ભાવથી સંપન્ન થયું હતું તેથી જ તેનામાં અદ્દભુત ક્ષમાવૃત્તિ જન્મી હતી.

**શ્રી ભાઈ શંકર પુરોહિત**

★★★

## ઘમંડનું ફળ

માત્ર આંબલીના કચુકા વીણીને પેટ ભરતી કોઈ એક ગરીબ બાઈના સારા નસીબે શ્રીમંત પતિ પ્રાપ્ત થયો. પતિને ઘેર ગયા પછી અછોઅછો સાહ્યબીમાં આળોટતી આ બાઈ તો પછી પોતાના ગરીબીના દિવસો તો જાણે સાવ ભૂલી જ ગઈ. એકવાર એ પતિની સાથે વગડે ફરવા ગઈ હતી ત્યારે આંબલીનું ઝાડ જોઈને એણે પોતાના પતિને આશ્ચર્યથી પૂછયું : "આ ઝાડ ઉપર આ વાંકાં વાંકાં ફળ લાગ્યાં છે તેનું શું નામ છે ! ?"

## શિષ્યનું કર્તવ્ય

શ્રી રામકૃષ્ણ પરમહંસે પોતાના પ્રિય શિષ્ય નરેન્દ્રનાથને પૂછયું :

"બોલ, તારે જીવનમાં શું જોઈએ છે ? શું બનવાની ઈચ્છા છે તારી ?" થોડુંક મનોમન વિચાર્યા પછી નરેન્દ્રનાથે જવાબ આપ્યો :

"ગુરુદેવ, હું શુકદેવની જેમ હરપળ, હરક્ષણ સમાધિમાં ડૂબેલો રહેવા માગું છું..."

શિષ્યનો આવો સુંદર જવાબ સાંભળીને કયા ગુરુનું મન આનંદ ને ગૌરવ થી નાચી ન ઊઠે !?... પરંતુ શ્રી રામકૃષ્ણ દેવે તો પ્રસન્ન થવાને બદલે ઉલટાનું ખૂબ ગુસ્સે થઈને કહ્યું :

"નરેન્દ્ર, ધિક્કાર છે તને !. હું એમ માનતો હતો કે તું એક એવું વટવૃક્ષ બનવાની મનોકામના રાખતો હોઈશ કે જેની વિશાળ શીળી છાયા અનેક જીવોને શાંતિ અર્પે... નરેન્દ્ર, ખરેખર તું પણ કેવળ પોતાની જ મુક્તિ માટેની સ્વાર્થી મનોવૃત્તિ સેવી રહ્યો છે ! ?

★

આ પછી એકવાર કલકત્તાના કાશીપુરના બગીચામાં પરમ ગુરુદેવ શ્રીરામકૃષ્ણદેવ બેઠા હતા. એમણે મૌન ધારણ કરેલું હતું એટલે જિજ્ઞાસુઓને ઉપદેશ આપવા માટે કાગળના એક ટુકડા પર લખ્યું કે -" નરેન્દ્ર લોકોને ઉપદેશ આપશે" ગુરુજીની આજ્ઞાનો, એમના આદેશનો નરેન્દ્રનાથે વિનયપૂર્વક અસ્વીકાર કર્યો ત્યારે શ્રી રામકૃષ્ણદેવે જણાવ્યું કે -

"નરેન્દ્ર, તું વાણીથી ઉપદેશ નહીં આપે તો તારાં હાડકાં જ આમ કરશે, સમજ્યો !" - ને પાછળથી આ વાત અક્ષરસઃ સાચી પડી એ આખું જગત જાણે છે. નરેન્દ્રનાથ એમના કર્મયોગના બળથી આખાય વિશ્વના મહાન ઉપદેશક એવા સ્વામી વિવેકાનંદ બની રહ્યા.

★

મહાકાલિના, પરમ શક્તિના મહાન ઉપાસક એવી શ્રી રામકૃષ્ણ દેવે પોતાના સદ્દશિષ્ય નરેન્દ્રનાથમાં વાણી દ્વારા શક્તિનો અદ્દભુત સંચાર કર્યો હતો. એકવાર એમણે કહેલું. નરેન્દ્ર, આ શક્તિ દ્વારા જગતના કલ્યાણ માટે અનેક કાર્યો કર્યા પછી જ તું પાછો ફરીશ !..."

ખુદ નરેન્દ્રનાથે પણ સ્વામી વિવેકાનંદ બન્યા પછીય આ વાતને કબૂલ કરતાં વારંવાર કહેલું કે !"ગુરુદેવની એજ શક્તિ મારી પાસે સતત આ અગર પેલું કામ કરાવ્યા કરે છે!"

## સમાજસેવા એક પૂજા

એકવાર લોકમાન્ય ટિળક કોંગ્રેસ - અધિવેશનમાં ભાગ લેવા લખનૌ આવ્યા હતા. અહીં એમનો કાર્યક્રમ એટલો બધો ભરચકરીતે ગોઠવાયેલો હતો કે એમને પોતાનાં અંગત કાર્યો કરવા માટે થોડો પણ સમય કાઢવો ઘણો જ મુશ્કેલ બની ગયો હતો. અરે ! જમવાનો સમય એ પણ મહામુસીબતે કાઢી શકયા હતા.

જમતી વેળાએ ટિળક સાહેબને પીરસનારા એક સ્વયંસેવકે વિનયભરી વાણીમાં કહ્યું : "મહારાજ, આજે તો આપને કદાચ પૂજા-પાઠ કર્યા વગર જ ભોજન લેવું પડયું

હશે !"

આ શબ્દો સાંભળીને લોકમાન્ય એક ક્ષણ માટે ગંભીર બની ગયા. પેલા સ્વયંસેવક સામે જોઇને મર્મભરી વાણીમાં બોલ્યા :

"ભાઇ, અત્યાર સુધી આપણે જે કંઇ કરી રહ્યા હતા એ પણ એક પ્રકારની પૂજા જ હતી હોં ! ..."

પેલો જિજ્ઞાસુ સ્વયંસેવક સમજુ હતો એ તરત જ સમજી ગયો કે માત્ર કર્મકાણ્ડ કે પોપટની જેમ મંત્રજાપ કરવો એટલામાં જ પૂજાનો સમાવેશ નથી થતો, પરંતુ સમાજસેવા એ પણ સૌથી મોટી પૂજા છે. શ્રેષ્ઠ આરાધના છે, કારણ એમાં સૌના કલ્યાણની ઉપાસના, આરાધના થતી હોય છે જગજનની ને પણ આ જ પ્રકારની આરાધના પ્રિય છે.

## મહાન કોણ ?

એકવાર સ્વામી રામકૃષ્ણ પરમહંસના બે શિષ્યો પરસ્પર વિવાદ જાગ્યો કે આપણા બંનેમાં મહાન કોણ ?'

ખાસ્સા લાંબા ઉગ્ર સંવાદ, વિવાદ બાદ બંને શિષ્યો છેવટે સ્વામીજીની પાસે ગયા સ્વામીજીએ ખૂબ શાંત ચિત્તે બંનેની વાત સાંભળી અને બંનેની મૂર્ખાઇ પર મનોમન હસતા હોય તેમ એ બોલ્યા :

"બસ, આટલી નાની અમથી વાત પર તમે અત્યાર સુધી બાટકતા રહ્યા !?... તમારી વાતનો ઉકેલ તો એકદમ સરળ છે. અરે ! ભાઇ, જે બીજાને પોતાના કરતાં મોટો સમજે તે વ્યક્તિ જ મહાન ગણાય, સમજ્યા !?."

ગુરુની ગહન-ગંભીર છતાં સરળ વાણી સાંભળીને બંને શિષ્યો ભારે સંકોચને લઇને શરમાઇ ગયા. એમના વિવાદનું સ્વરૂપ એક જ ક્ષણમાં સુખદ સંવાદમાં ફેરવાઇ ગયું. હવે તો બંને જણા પરસ્પર એક બીજાને 'તું માટો છે, મહાન છે !" -એમ કહીને વર્તવા લાગ્યા.

## જીવન નાટકનો અંત

જર્મનીના સુપ્રસિદ્ધ નાટયકાર ગેટે એકવાર કાલિદાસના "અભિજ્ઞાન શાકુંતલમ્ - નામના જગવિખ્યાત નાટ્યગ્રંથને વાંચીને નાચવા લાગી ગયેલા. આમ કરવા પાછળનું એક કારણ એ પણ હતું કે નાટયપ્રેમ એમની રગેરગમાં ઓતપ્રોત થયેલો હતો. આ મહાન વિભૂતિ પોતાના લક્ષ્યની સિદ્ધિમાં તનમનની સંપૂર્ણ નિષ્ઠાથી આજીવન લાગી રહી હતી. મૃત્યુની ક્ષણો જ્યારે એક પછી એક કરીને એમનીવધુને વધુ નિકટ આવતી રહી ત્યારે પણ મૃત્યુને આવકારવામાં પણ લોહી અને પ્રત્યેક શ્વાસ - ઉચ્છ્વાસમાં વણાઈ ગયેલું પરમ સખા જેવું મૃત્યુ જ દેખાયું ! એમના અંતિમ શબ્દો હતા :

"લ્યો, હવે પડદો પડી રહ્યો છે .... એક મજેદાર નાટકનો અંત આવી રહ્યો છે ! ...."

કવિગેટેનું મંગલ મૃત્યુ કેવું પ્રેરક છે !

માનવમાત્રમાં રહેલી મંગલમયી માનું તન-મન-ધનથી આરાધના કરો, માનવ-સેવા-વ્રત ધારીને સૌને સુખ પહોંચાડનારને પણ અંતકાળે મંગલ મૃત્યુને આવકરાતાં ગાવાનું મન થઇ જાય કે : આજની ઘડી તે રળિયામણી".

★★

એકવાર શ્રી રામકૃષ્ણદેવે કલકત્તાના કાશીપુરના બગીચામાં નરેન્દ્રનાથને પૂછ્યું હતું, "તારે શું જોઇએ છે ?" નરેન્દ્રનાથે જવાબ આપ્યો, "હું શુકદેવની જેમ હંમેશા સમાધિમાં ડૂબેલો રહેવા માગું છું." કોઇપણ ગુરુના હૃદયમાં શિષ્યનો આવો ઉત્તર ગર્વ અને આનંદની લાગણી ઉપજાવે, પણ શ્રીરામકૃષ્ણદેવે કહ્યું, "ધિક્કાર છે તને ! હું તો એમ ધારતો હતો કે તું એક વિશાળ વટવૃક્ષ માફક હોઇશ જેની છાયા નીચે હજારો લોકો શાંતિ પામશે. પણ તું કેવળ પોતાની જ મુક્તિ માટે લલોપિત છે. એક દિવસ કાશીપુરના બગીચામાં શ્રીરામકૃષ્ણદેવે કાગળના એક ટુકડા પર લખ્યું, "નરેન્દ્ર લોકોને ઉપદેશ આપશે." નરેન્દ્રનાથે આ વાતનો અસ્વીકાર કર્યો ત્યારે શ્રીરામકૃષ્ણ દેવે કહ્યું, "તું નહી, તારાં હાડકાં જ એ કરશે." પાછળથી આ વાત સાચી પડી. નરેન્દ્રનાથ વિશ્વના ઉપદેશક સ્વામી વિવેકાનંદ બન્યા.

શ્રીરામકૃષ્ણદેવે નરેન્દ્રનાથને ફક્ત પ્રેરણા જ ન આપી અદ્‌ભુત શક્તિ સંચાર પણ કર્યો. શ્રીરામકૃષ્ણદેવે કહ્યું, "આ શક્તિ દ્વારા જગતના કલ્યાણ માટે અનેક કાર્યો કર્યા પછી તું પાછો આવીશ."

મને એમ લાગ્યા કરે છે કે એ જ શક્તિ મારી પાસે સતત આ પેલું કામ કરાવ્યા કરે છે.

## ગુરુપૂર્ણિમાનો તહેવાર ઉજવાય બાને બારણે રે

શ્રી મણિભાઈ આ. નાયક

આવ્યો રૂડો અષાડી લો માસ, ઉત્સવ આવ્યો આંગણે રે.
ગુરુપૂર્ણિમાનો તહેવાર ઉજવાય બાને બારણે રે
હળીમળી આવ્યાં છે સૌ બાળકો રે.
હૈયામાં છે હરખ અપાર, પૂજન કરવા કારણે રે.
આનંદ ઉમટ્યો છે આનંદ ધામમાં રે.
મંગલ ગીતો વગાય, શ્રી ગુરુ બાને બારણે રે.
પૂજન કરાવે બ્રહ્મ દેવતા રે.
વેદોની વાણી સંભળાય શ્રી ગુરુ બાને બારણે રે.
અભિષેક અમૃતનો થાય છે રે.
શાસ્ત્રોના શ્લોક ભણાય, શ્રી ગુરુ બાને બારણે રે.
ષોડષ પ્રકારે પૂજા થાય છે રે.
મંત્રોનું ગૂંજન થાય શ્રીદેવી બાને બારણે રે.
પિતા શિવગુરુ આજે સાંભળે રે.
અંતરિક્ષ દર્શન પાય, શ્રી ગુરુ બાને બારણે રે.
શિષ્યો ચરણ માના પૂજતા રે.
લળી લળી લાગે છે થાય, શ્રી ગુરુ બાને બારણે રે.
ભક્તો ભોજન જમે ભાવથી રે.
ગુરુગરિમાના ગાન થાય, શ્રી ગુરુ બાને બારણે રે.
બાને પૂજીને સહુ હરખતાં રે.
આશિષ પામીને સુખી થાય, શ્રીદેવી બાને બારણે રે.

## પૂજીશું પગલાં શ્રીદેવીમાનાં

પૂજીશું પગલાં શ્રીદેવીમાનાં, હૃદયકમળમાં ભરી ભરીને,
આ ભવસાગર તરી જવાના, શ્રી દેવીમાને સ્મરી સ્મરીને.
જપીશું મંત્રો જે માએ દીધા, અમોને પાવન કરી તે દીધાં,
એ મંત્ર કેરાં જતન કરીશું, રટીશું માને ફરી ફરીને.
અમારા દિલમાં છે આશા મોટી, મણિદ્વીપમાં વસી છે મોટી,
એ માને મળવા શ્રીદેવીમાને કરું વિનંતી વળી વળીને.
તમારી આપો મા થોડી શક્તિ,
ભરું હૃદયમાં શ્રીમાની ભક્તિ.
નિહાળો શ્રીદવીમા, અમોને અમીની દૃષ્ટિ કરી કરીને.
તમારી વાણીનાં જ્ઞાન લઇને તમારી આશિષનાં દાન થઇને,
શ્રીરાજ રાજેશ્વરી શ્રીમાના જવું ચરણમાં ઢળી ઢળીને.
કરો કૃપાળી કૃપા અમો પર,
બે હાથ ઢાળો અમારા શિશપર,
કરીશું ઉજ્જવળ જીવન અમારું, શ્રીદેવીમાને ધરી ધરીને.

## હું તો નમન કરું છું ગુરૂદેવને

મને શરણું મળ્યું છે ગુરૂદેવનું
મારા ટળિયા ત્રિવિધના તાપ, હું તો નમન કરું છું ગુરૂદેવને.
જેણે જન્મ ધર્યો છે મૃત્યુલોકમાં.
મંગળમૂર્તિ દીસે છે સાક્ષાત્. હું તો નમન કરું છું ગુરૂદેવને.
જેણે ત્યાગ કીધો છે વિશ્વ સુખનો.
ધર્યાં અંગે આભૂષણ લાલ. હું તો નમન કરું છું ગુરુદેવને
દિશે દિશામાં ડંકો વગાડિયો,
ધ્વજ ફરકાવ્યો આનંદ ધામ. હું તો નમન કરું છું ગુરૂદેવને.
જેની કીર્તિ વ્યાપી છે દેશ દેશમાં
જેનાં પૂજન ઘરેઘર થાય. હું તો વંદન કરૂં છું ગુરૂદેવને.
હું તો નમન કરીને માગું એટલું,
મારું ચંચળ ચિત્ત સ્થિર થાય. હું તો વંદન કરું છું ગુરુદેવને.

## માતા ત્રિપુરાનું ધામ છે રે લોલ

ઉત્તર ગુજરાતમાં ગામ છે રે લોલ,
કડી શહેર એવું રૂડું નામ છે રે લોલ
માતા ત્રિપુરાનું ધામ છે રે લોલ,
દેવો કરી રહ્યા પ્રણામ છે રે લોલ.
તીર્થો આવી વસ્યાં તમામ છે રે લોલ.
માતા ત્રિપુરાનું ધામ છે રે લોલ.
આઠે પ્રહર જ્યાં આનંદ રેલાય છે,
માનવ મહેરામણનો મેળો ઊભરાય છે.
થાકેલાં જનનો વિશ્રામ છે રે લોલ.
હારેલાં હૈયાની હામ છે રે લોલ.

માતા ત્રિપુરાનું ધામ છે રે લોલ.
જાગતી જનેતા શ્રીદેવીબા પ્રકાશતાં.
શિવરૂપ શિવગુરૂ સાથે ત્યાં બિરાજતાં
ભક્તો આવે છે ગામ ગામથી રે લોલ
પૂરણ થતી સહુની કામના રે લોલ
માતા ત્રિપુરાનું ધામ છે રે લોલ.
મોટા મોટા શાસ્ત્રતણા જ્ઞાતાઓ આવતા
મહિમા શ્રી માતાનો ભણતા ને ભણાવતા
માના હૈયે સહુ સમાન છે રે લોલ
નાનાં ને મોટાં તમામ છે રે લોલ
એવું માતા ત્રિપુરાનું ધામ છે રે લોલ.

★★★

## લોકનાયક - આપ્ત પુરુષો

નિર્મળ અને પ્રેમાળ વ્યક્તિત્વ ધરાવનાર પુરુષોને કોઈએ નજરે જોયા હોતા નથી પણ તેમના ગુણોથી જ તેઓ લોકોના હૃદય સિંહાસન ઉપર અપૂર્વ પ્રતિષ્ઠા પામે છે. એમના ગુણોનું અંજન એવું હોય છે કે તેઓ તેમના ગુણોથી નાધશ થઈ દર્શન આપે છે. ભાવ રસથી તૃપ્ત થવાય છે. આ આપ્ત પુરુષો માનવ મૂલ્યોની પ્રતિષ્ઠા કરે છે. સંસ્કારોનું ઘડતર કરે છે. વિભૂતિઓ હોવા છતાં જીવનના પ્રત્યેક વ્યવહારમાં સામાન્ય માનવીની જેમ વ્યવહાર કરે છે. લોક આરાધનાની ખાતર જ જીવન હોય છે. તેમના હૃદયના પ્રત્યેક ધબકારમાં સર્વતોમુખી પ્રજા કલ્યાણની ભાવના હોય છે. સાધારણમાં સાધારણ તેમજ દોષાયુક્ત લોકોને પણ સદ્ભાવ આપી પોષે છે અને તેમના કલ્યાણ માટે જાગૃત રહી પ્રવૃત્તિશીલ રહે છે. માનવીય જીવનના સર્વ પ્રકારના ઉત્તમ ગુણો તેમનામાં પ્રગટેલા જોવા મળે છે. લોકોને સાથે રાખીને સદ્ગુણોના ખેડાણ દ્વારા લોકોત્તર પુરુષ કેમ બનવું તેવું ઉમદા ઉદાહરણ આવા પુરુષો પૂરું પાડે છે અને લોકનાયક તરીકે પ્રતિષ્ઠા પામે છે.

## "સદ્ગુરુ મહિમા"

રજનીકાન્ત મ. ભટ્ટ

બ્રહ્માનંદ પરમ સુખદં કેવલં જ્ઞાન મૂર્તિમ્
ધ્વંધ્વા તીત્તં ગગન સદશ તસ્ય મસ્યાદિલક્ષ્યમ્ ।
એકં નિત્યં વિમલચલં સર્વદા સાક્ષીભૂતમ્
ભાવાતીતં ત્રિગુણ રહિતં સદ્ગુરું તં નમામિ. ।।

મનુષ્ય શરીર એ ચોરાસી લાખ યોનિઓમાં છેલ્લી અને શ્રેષ્ઠ યોનિ ગણાય છે અને તે ભવસાગર પાર કરી પરમપદ પ્રાપ્ત કરવા માટે છે. આ માટે માર્ગદર્શક સદ્ગુરૂની આવશ્યક્તા રહે છે.

ગુરૂ શબ્દના અનેક અર્થ છે. પરંતુ તેનો મુખ્ય અર્થ "ગુ" એટલે અંધારૂં અને "રુ" એટલે પ્રકાશ. અજ્ઞાનરૂપી અંધારમાંથી જ્ઞાનરૂપી પ્રકાશમાં દોરી જનાર સદ્ગુરૂ છે.

તમામ પદવીમાં ગુરૂ પદવી શ્રેષ્ઠ છે. પરંતુ ગુરૂ ધારણ કરતા પહેલાં પૂરેપૂરો વિચાર કરવો જોઈએ, નહિ તો અખા ભગત જેવી દશા થાય.

અખો ભગત જાતના સોની હતા. તેમણે સંસારી અવસ્થામાં શ્રીનાથજીમાં ગોકુલનાથને પોતાના ગુરૂ બનાવ્યા હતા. સંસાર ઉપર વૈરાગ્ય આવવાથી અખાજી સંસારનો ત્યાગ કરી, સાધુ બની પોતાના ગુરૂ ગોકુલનાથને મળવા ગયા. પરંતુ ગોકુલનાથની આજ્ઞાથી દરવાને અખાજીને નિવાસ સ્થાનમાં દાખલ થતાં રોકયા. છેવટે અખાએ કાશી જઈ ગુરૂ બ્રહ્માનંદ પાસે ઉપદેશ ગ્રહણ કર્યો અને આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું.

શાસ્ત્રમાં ગુરૂના ત્રણ પ્રકાર વર્ણવ્યા છે. કનિષ્ટ ગુરૂ શિલા જેવા એટલે પોતે ડૂબે અને શિષ્યને ડૂબાડે. મધ્યમ ગુરૂ પાંદડા જેવા પોતે તરે પણ શિષ્યને ડૂબાડે. શ્રેષ્ઠ ગુરૂ નૌકા જેવા જે પોતે તરે અને શિષ્યને તારે.

સદ્ગુરૂ શ્રીરામકૃષ્ણ પરમહંસ ઘણી વખત પોતાના યોગ્ય અને પ્રિય શિષ્ય નરેન્દ્રની અધિરાઈથી રાહ જોતા અને કહેતા કે

"આજનો દિવસ પૂરો થયો પણ નરેન્દ્ર આવ્યો નહિ, અરે કોઈ નરેન્દ્રને બોલાવો."

નાસ્તિક નરેન્દ્રને પોતાના સાનિધ્યમાં બોલાવી તેને

સ્પર્શ કરી પોતાનું તેજ અર્પણ કરી નરેન્દ્રને આસ્તિક બનાવી પ્રભુના ધ્યાનમાં કેન્દ્રિત કર્યો એજ નરેન્દ્રે સ્વામી વિવેકાનંદ બની આખા જગતમાં સદગુરૂનાં ઉપદેશનો પ્રચાર કરી સનાતન ધર્મનો ડંકો વગાડયો.

ગુરૂ પોતે ધુમ્રપાન કરે અને શિષ્યોને છોડવાનો આદેશ કરે તો શિષ્ય તેનો સ્વીકાર કેવી રીતે કરે ? ગુરૂએ શિષ્યના આદર્શ બનવું જોઇએ.

અનેક જન્મોના સંચિત પુણ્યના પ્રતાપે અને પ્રારબ્ધમાં હોય તેને જ સદગુરૂ મળે છે.

ઘણાખરા લોકોના મનમાં એ શંકા થશે કે જીવનમાં ગુરૂ કરવાની શી જરૂર છે?

આજના વિજ્ઞાનીઓએ ચંદ્ર સુધી પહોંચવા રોકેટ બનાવ્યું. તેના કરતાં પણ દૂરના ગ્રહોને જોવા વિમાનો દ્વારા ત્યાં સુધી પહોંચવાની કોશિષ કરી રહ્યા છે. આવી યાંત્રિક શોધો કરી. યાત્રા સરળ અને જલ્દી થાય એટલે મોટર બનાવી. પરંતુ જેની સાથે સાથે એ મોટરને થોભાવવાનું સાધન પણ બનાવ્યું જેને આપણે "બ્રેક" કહીએ છીએ. વિજ્ઞાનીઓએ રેલગાડી બનાવી તેમાં પણ બ્રેક બનાવી જેનાથી ગાડીને ઉભી રાખી શકાય. વિજ્ઞાને જેટલી વસ્તુ બનાવી છે તેન રોકવા માટે "બ્રેક" બનાવી છે.

પરંતુ આજના માનવના મનને રોકવા માટે કે જે મન ચંચળ અને ગતિશિલ થઇ ગયું તેને રોકવા માટે વિજ્ઞાન બ્રેક બનાવી શકતું નથી.

એવી બ્રેક વગર મન નિયંત્રણ થઇ શકતું નથી. મનને કાબુમાં રાખી શકાતું નથી અને માનવ અશાંત છે અને એટલાજ માટે આપણે આપણા મનની ગતિને કાબુમાં રાખવાનું સાધન અને સામગ્રી શોધવા ગુરૂ પાસે જવું પડે છે. સદગુરૂ જ આપણને આપણા મનને કાબુમાં રાખવાની "બ્રેક" માટે પૂરતું જ્ઞાન અને સાધનસામગ્રી પૂરી પાડે છે. "મન જીત્યું એટલે જગ જીત્યું" આ સદગુરુજ કરાવી શકે. માટે જ આપણને સદગુરૂની જરૂર છે.

# સૌંદર્ય લહરી

લેખક : પ્રા. હનુમંતરાવ બાલાજી ભિડે,
એમ. એ. એલએલ. બી.
(ભૂતપૂર્વ અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક
શામળદાસ કૉલેજ, ભાવનગર)
(સંકલન : ડૉ. અશોક પી. નાયક)

शङ्क शंङ्कराचार्य देवं मानुषरूपिणम् ।
सकलादिगुरूं वन्दे शिवशक्तिमयं परम् ।।

શ્રી શંકરાચાર્ય વિરચિત "સૌન્દર્ય લહરી" સ્તોત્ર એ વિશાળ સંસ્કૃત સાહિત્યસમુદ્રમાંનું એક અમૂલ્ય રત્ન છે. સ્તોત્ર આકારથી ન્હાનું છે; પરંતુ મૂલ્યથી ભારે છે. આપણે ધર્મ કયા સ્વરૂપનો છે તે ટૂંકમાં બતાવનાર આ સ્તોત્ર જેવું બીજું પુસ્તક ભાગ્યે જ મળશે, એમ કહેવામાં અતિશયોક્તિ દોષ નથી. આ મારું કથન બરાબર છે કે નહિ, તે સમજવન માટે 'ધર્મ'નો અર્થ હું શો માનું છું તે સમજવાની જરૂર છે.

ધર્મની વ્યાખ્યાઓ અત્યારે અનેક વિદ્વાનો અનેક પ્રકારે કરી રહ્યા છે. પણ ધર્મની વ્યાખ્યા આપવાનો મારો અધિકાર નથી. તેથી એક પ્રાચીન અને માન્ય એવા દૃષ્ટાએ આપેલી વ્યાખ્યા મારા માટે પૂરતી ઉપયોગી છે. તે વ્યાખ્યા પ્રમાણે છે : —"અભ્યુદયનિઃશ્રેયસહેતુઃ ધર્મઃ" એટલે અભ્યુદય માટે અને નિઃશ્રેયમ માટે જે કારણભૂત છે, તે ધર્મ. આમાં અભ્યુદય એટલે ઐહિક અને પારલૌકિક સુખ; અને નિઃશ્રેયસ એટલે મોક્ષ. ઐહિક સુખ એટલે આ જન્મમાં મળે તેવું સુખ; અને પારલૌકિક સુખ એટલે મૃત્યુ પછી પરલોકમાં કળે તેવું સુખ. આ જન્મ-મરણના ચક્રમાંથી મુક્તિ તે જ મોક્ષ. બાદરાયણના 'બ્રહ્મસૂત્રો'નું છેલ્લું સૂત્ર છે, "न स पुनरावर्तते न स पुनरावर्तते ।" પુનર્જન્મ ન થવો તે મોક્ષ. તે જ નિઃશ્રેયસ' જે ધર્મનું આચરણ કરતાં ઐહિક અને પારલૌકિક સુખ અને છેવટે મોક્ષની પણ પ્રાપ્તિ થાય તે જ ખરો ધર્મ. કેવળ આ જન્મમાં મળે તેવી જાતના સુખ તરફ જે લક્ષ રાખે અને પરલોકમાં થાય તેવા સુખનો અને મોક્ષનો વિચાર જેમાં કરવામાં આવતો નથી તે સાંચો ધર્મ ન કહેવાય. તેમજ

કેવળ મોક્ષ તરફ લક્ષ રાખીને આ જન્મમાં પણ મેળવવા જોઈએ તેવા સુખના પ્રકારો તરફ દુર્લક્ષ્ય કરે અથવા તેનો ત્યાગ કરવા શીખવે, તેને પણ સાચો ધર્મ ન કહી શકાય. "भोगश्च मोक्षश्च करस्थ एव" કરવા જે શીખવે તે જ ખરો ધર્મ.

ધર્મની આ પ્રકારની વ્યાખ્યાને ધ્યાનમાં રાખીને જો આપણે "સૌન્દર્યલહરી"નું અધ્યયન કરીએ તો સમજાશે કે અભ્યુદયને અને નિઃશ્રેયસને કારણીભૂત એવા ધર્મનું વાસ્તવિક દિગ્દર્શન એ સ્તોત્રમાં છે. શાસ્ત્રનું અને તત્ત્વજ્ઞાનનું વિવેચન કરવા માટેનો આ ગ્રન્થ નથી; તેથી કર્મકાણ્ડનો વિસ્તાર, શાસ્ત્રીય ચર્ચા અને તત્ત્વજ્ઞાનનું નિરૂપણ, એ બધું આ શતશ્લોકીમાં લાવવાનું જરૂરી ન હતું. તેથી ભક્તિ, ઉપાસના અને જ્ઞાન, આ બધાયનું સૂચન માત્ર પ્રસ્તુત ગ્રન્થમાં કરવામાં આવ્યું છે.

ધર્મની જે વ્યાખ્યા મેં ઉપર ઉધ્ધૃત કરી છે, તે વિષે એક વાત કરવાનું મન થાય છે. ધર્મ ભોગ અને મોક્ષ, બન્નેનું સાધન હોવો જોઈએ. પ્રભુએ જીવોને જન્મ મરણના ચક્રમાં મૂકયા છે, તે કેવળ દુઃખ આપવા માટે નથી, કારણ જો એવું હોય તો પ્રભુ ઉપર નિર્ઘૃણતાનો, નિર્દયતાનો દોષ આવે, પણ તેમ નથી, જન્મ-મરણના ફેરામાં પડયા છીએ. ત્યાં સુધી સુખેથી કાલક્રમણ કરી શકાય, તેવું સાધન પ્રભુએ આપણને આપી રાખ્યું છે. પરંતુ અવિદ્યાને વશ થઈ આપણે તે સાધનનો ઉપયોગ કરતા નથી, અને આડે માર્ગે ચઢી જઈ દુઃખના રણમાં હેરાન થઈએ છીએ. ઉપરોક્ત સાધન એટલે જ ધર્મ.

અત્રે એક શંકા ઉત્પન્ન થાય તેમ છે. ભોગ અને મોક્ષ આ બન્ને વસ્તુઓ ધર્મનું આચરણ કરવાથી સાધ્ય છે ખરી ? જગતમાં અત્યાર સુધીમાં અનેક દેશોમાં અનેક ધર્મોના ઉદય અને અસ્ત થઈ ગયા. અત્યારે પણ અનેક ધર્મો જૂદા જૂદા દેશોમાં પ્રચલિત દેખાય છે, પણ અભ્યુદય અને નિઃશ્રેયસ આ બન્નેની સુલભતા કરી આપે તેવો એકે ધર્મ જોવામાં આવતો નથી. જો એવો એકાદ ધર્મ હોત તો ધર્મોના ઝગડા હજારો વર્ષથી ચાલતા આવ્યા છે તે થાત નહિ. માટે જ કેટલાએક વિચારવાન પુરૂષો ધર્મની બાબતમાં ઉદાસીન રહે છે; અને કેટલાએક વિરોધ કરીને કહે છે કે ધર્મ એ એક ધતિંગ છે, તેને પડતો મૂકીને ફક્ત આ સંસારમાં સુખ કેમ મળી શકે, તેનો જ વિચાર અને પ્રયત્ન કરવો. આ પ્રમાણે ઇતિહાસના પરિશીલનના પરિણામે કહેવું પડે છે કે મોક્ષ તો દૂર રહ્યો, પણ ભોગ પ્રાપ્તિના સાધન તરીકે ય ધર્મ કયાંય પણ જોવામાં આવતો નથી.

આ શંકાનું સમાધાન કરી શકાય તેમ છે. વિસ્તારથી વિવેચન કરવાનું આ સ્થાન નથી. પરંતુ ટૂંકમાં બે મુદ્દાઓનો નિર્દેશ કરીશ. જગતમાં સર્વત્ર અને સર્વદા દુઃખજ દેખાય છે તે સત્ય વાત છે. પણ એનું કારણ એ છે કે ધર્મના નિયમોનું યથાયોગ્ય પાલન થતું નથી. અહિંસા, સત્ય, અસ્તેય, ત્યાગ, શાન્તિ, શૌચ, આર્જવ ઈત્યાદિ ગુણો કેળવીને આચરણમાં લાવવા જોઈએ. આ બધા યમનિયમોના પ્રકારો છે. બધા લોકો જો આ નિયમોનું પાલન કરે તો સમાજમાં સુખ અને શાન્તિ ફેલાયા વિના રહે નહિ, તે દેખીતી વાત છે. આ ગુણો કેળવવા નહિ; કામ, ક્રોધ અને લોભ, આ ત્રણેને અધીન થવું, અને પછી દુઃખ આવી પડે તો ધર્મનો વાંક કાઢવો તે ન્યાય નથી.

બીજો મુદ્દો વધારો મહત્ત્વનો અને પ્રસ્તુત પ્રકરણમાં અગત્યનો છે. યમ નિયમો જે ઉપર દર્શાવ્યા છે, તે સર્વ ધર્મોના મૂળમાં છે, તે માન્ય કરી શકાય, અને તે પ્રમાણે સમાજ વર્તન કરે તો તે સુખ શાન્તિને પામે, એમ માન્ય રાખી શકાય; પણ મોક્ષની બાબતમાં શું ? ગમે તે ધર્મનું આચરણ કરવાથી મોક્ષ મેળવી શકાય ખરો ?

આપણો હિન્દુધર્મ આ પ્રશ્નનો નિઃસન્દિગ્ધ જવાબ આપી શકે તેમ છે. હિન્દુધર્મ સિવાયના બીજા બધા ધર્મોનો જવાબ "ના" જ આવે છે.

પણ હિન્દુધર્મનો જવાબ "હા" છે. શ્રી વાસુદેવાનન્દ સ્વામી વિરચિત "શ્રી દત્તમાહાત્મ્યમાં એક કથા છે, તે આ બાબતમાં ખાસ જોવા જેવી છે. દત્ત કર્તવીર્યને એક કથા સંભળાવે છે, તેનો સારાંશ આ પ્રમાણે છે. એક વખત ઈંદ્ર ગુરૂ બૃહસ્પતિના દર્શને ગયા, ત્યાં ઈંદ્રે જોયું કે બૃહસ્પતિ શિષ્યોને જૂદાં જૂદાં શાસ્ત્રો ભણાવતા

હતા, તેમાં લોકાયત (ચાર્વાકશાસ્ત્ર) સૌગત (બૌદ્ધશાસ્ત્ર) વિગેરે વેદ-બાહ્યશાસ્ત્રો પણ હતાં. તે જોઈને ઈન્દ્રને આશ્ચર્ય થયું અને તેણે ગુરૂને પૂછયું :-'આ શું કરો છો ? પાખંડી લોકોનાં શાસ્ત્રો તમે કેમ શીખવો છો !" તેવાં શાસ્ત્રો તો લોકોને પાપમાં નાખે છે. ત્યારે બૃહસ્પતિએ ઈન્દ્રને કહ્યું કે તારી ભુલ થાય છે. ગમે તે શાસ્ત્ર લ્યો; તે શાસ્ત્રના નિયમોનું જો યથાયોગ્ય પાલન થાય તો (કાલાન્તરે પણ) મન ઉપર કાબુ મેળવી શકાય છે; મનઃસંયમ તે ચિત્ત શુદ્ધિનું પ્રથમ પગથીયું છે. ચિત્તશુદ્ધિ થયા પછી ક્રમે ક્રમે માણસ જ્ઞાનનો અધિકારી થાય છે અને છેવટે મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. એટલું કહ્યા પછી બૃહસ્પતિએ ઈન્દ્રને સાત કથાઓ સંભળાવી છે; તેમાં જાુદાં જાુદાં શાસ્ત્રો પરંપરાથી જ્ઞાન પ્રાપ્તિનાં સાધન બનેલાં બતાવ્યાં છે તેમાં કામશાસ્ત્ર, સંગીતશાસ્ત્ર અને વાસ્તુવિદ્યા આ ત્રણેના દાખલાઓ આપીને બતાવ્યું છે કે કામશાસ્ત્ર પણ મોક્ષ પ્રાપ્તિ માટે સાહાય્યક બને છે.

સારાંશ આપણો ધર્મ કહે છે કે; તમે ગમે તે ધર્મના અનુયાયી હો, પણ તમારો ધર્મ કહે છે તે પ્રમાણે બરાબર વર્તો તો તમે મોક્ષના માર્ગ પર છો તેમ માનજો; અને અનેક જન્મ પછી પણ તમે પ્રભુને પ્રાપ્ત થશો તેમાં શંકા નથી. 'स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः અને 'बहूनां जन्मनामन्ते ज्ञानवान्मां प्रपद्यते' ગીતાનાં આ બે વચનોમાં, આ બધું આવી જાય છે,

મોક્ષ માર્ગ બતાવનાર એક આપણો હિન્દુ ધર્મ જ છે, પણ તે બીજા ધર્મોની નિંદા કરતો નથી. તમે આસ્તિક હો કે નાસ્તિક, વેદાનુયાયી હો કે વેદવિરોધી; બૌદ્ધ, જૈન, મુસ્લિમ કે ખ્રિસ્તી ગમે તે ધર્મવાળા હો; પણ તમારા ધર્મના નિયમોનું અખંડિત પાલન કરો, તો તમને અન્તમાં શ્રેયઃ પ્રાપ્તિ થયા વિના રહેવાની નથી, એમ હિન્દુ ધર્મની શિખામણ છે, આવી ઉદારતા અને સહિષ્ણુતા અન્ય કયા ધર્મમાં છે ?

હિન્દુ ધર્મમાં પણ ઘણા ઉપભેદો છે, ઉપાસ્ય દેવતાઓ ભિન્ન ભિન્ન છે, અને તેથી ભિન્ન ભિન્ન સંપ્રદાયો ઉત્પન્ન થયા છે. તત્વજ્ઞાની પ્રક્રિયાઓ પણ અનેક છે, અને તેથી ભિન્ન ભિન્ન દર્શનો અસ્તિત્વમાં આવ્યાં છે. આ સર્વે એક રીતે મોક્ષ પ્રાપક છે ? એનો વિચાર અત્રે વિસ્તારથી કરી શકાય તેમ નથી. આ ભાસ્કરર્યે "नित्याषोडशिकार्णव" ઉપર 'सेतुबन्ध' નામની સુંદર ટીકા લખી છે, તેમાં વેદવિરોધી અને વેદાનુયાયી આગેવાનો અને વેદાનુયાયી ભિન્ન ભિન્ન શાસ્ત્રોનો સરસ સમન્વય કરી બતાવ્યો છે. તેમાં તેઓ કહે છે કે અધિકારભેદથી તે તે વ્યક્તિને તે તે તે શાસ્ત્ર પ્રમાણે ચિત્ત શુદ્ધિ થયા પછી ભક્તિનો અધિકાર પ્રાપ્ત થાય છે. ભક્તિ ઉપાસના તરફ પ્રેરે છે, ઉપાસનાઓમાં પણ ક્રમ છે. ક્રમે ક્રમે ઉપાસક, પર્ણાદ્વૈત પ્રાપક ત્રિપુરોપાસનાનો અધિકારી બને છે. અને પછી શ્રી ભગવતીની કૃપાથી તે મુક્ત થાય છે.?

આવી રીતે શ્રી ત્રિપુરાપાસના સર્વ ઉપાસનાઓમાં શ્રેષ્ઠ છે; અને તે શ્રી ત્રિપુરા ભગવતી સ્તુતિ "સૌન્દર્ય લહરી" સ્તોત્ર છે.

શ્રી ત્રિપુરોપાસના એ શક્તિ-ઉપાસનાનો જ એક પ્રકાર છે. ઉપાસકો ભિન્ન ભિન્ન અધિકારવાળા હોય છે. તેમને અનુરૂપ એવાં જાુદાં જાુદાં રૂપોમાં આદ્ય શક્તિ અવતીર્ણ થાય છે, જેમકે ત્રિપુરા, કાલી, લક્ષ્મી, સરસ્વતી પાર્વતી, દુર્ગા ઈત્યાદિ; ઉપાસ્ય ભેદથી, ઉપાસના ક્રમાં તફાવત પડે જ, પણ છેવટે પ્રાપ્ત સ્થાન એકજ છે. જાુદી જાુદી નદીઓ જાુદે જાુદે સ્થળે ઉત્પન્ન થાય છે; પણ છેવટે એક જ સમુદ્રમાં લીન થઈ જાય છે, તેમજ ઉપાસના ભલે ભિન્ન હોય; પણ ચિત્તશુદ્ધિ પૂર્વક જો તે કરવામાં આવે તો તે મૂળ સ્થાને પહોંચાડવા વિના રહેશે નહિ. ઉપર જે મેં કહ્યું છે તેજ અત્રે બીજી રીતે કહેવામાં આવે છે. મહિમ્નસ્તોત્રમાં પુષ્પદન્ત કહે છે કે ऋजुकुटिलनानापथजुषां नृणामेको गम्यस्त्वमसि पथसामर्णव दैव ।। એ પણ આ અભિપ્રાયથી જ છે.

શક્તિ-ઉપાસનાનો ધર્મ સર્વ-પ્રાચીન અને અર્વાચીન દેશોમાં ચાલતો હતો અને અત્યારે કેટલાએકમાં હજાુ ચાલે છે; આપણે સંસ્કૃતિનો ઈતિહાસ જોવા જઈએ તો ગયા દસહજાર વરસ સુધીનો ઈતિહાસનો પત્તો લાગે

છે. હિંદની બહાર ઈજીપ્ત અને સુમેર, આ બે દેશોની સંસ્કૃતિ સૌથી પ્રાચીન ગણાય છે. ત્યાર પછી, બેબિલોનિઆ, ખાલ્ડિયા, હિબ્રુ, ગ્રીક, રોમન અને ખ્રિસ્તી સંસ્કૃતિઓ આવે છે. આપણી પૂર્વ તરફ ચીનની સંસ્કૃતિ છે. આપણા ભારતવર્ષમાં અને આ બધા દેશોમાં શક્તિ પૂજા પ્રચલિત હતી. હિંદુસ્થાનમાં શક્તિપૂજા વૈદિક કાળથી જ છે. ગયા પર વરસમાં મોહન-જો-ડેરો. હરપ્પા વિગેરે સ્થળે જે ઉત્પન્ન થયું છે, તેમાં શક્તિ પૂજાદર્શક અવશેષો ઘણા મળી આવ્યા છે. એ સંસ્કૃતિ વૈદિક હોય; પણ એક વાત તો સર્વમાન્ય છે જ અને તે એ કે એ અવશેષો પાંચ હજાર વરસો પહેલાંના તેથી સિદ્ધ થાય છે કે હિન્દુસ્તાનમાં શક્તિ પૂજા એથી ય વધારે પ્રાચીન કાળથી ચાલતી આવેલ છે. આ પ્રમાણે શક્તિ ઉપાસના એક વખતે સર્વવ્યાપિની હતા, તે સિદ્ધ થાય છે.

આ વિધાન ઉપર એક આક્ષેપ આવવાનો સંભવ છે. આપણાં જ અમુક પુરાણોમાં દેવી-ઉપાસનાના અને તત્સદ્દશ અન્ય ઉપાસનાના ગ્રંથો, જેઓ તન્ત્ર, આગમ, યામ ઈત્યાદિ નામોથી જાણીતા છે, તેમની નિંદા કરેલી જોવામાં આવે છે. દાખલા તરીકે એક વચન ટાંકુ છું – चकार मोहशास्त्राणि केशवः स शिवस्तथा ..... पाञ्चरात्रे तथान्यायानि सहस्त्रशः ।। (कूर्मपुराण). સૌંદર્ય લહરીમાં જ એક શ્લોક છે કે –चतुषष्टया तन्त्रैः सकलमभिसन्धाय भुवन स्थितस्तत्तत्तिसिद्धिप्रसवपरतन्त्रैः पशुपतिः ।। શ્લો–૩૦. બીજાં પણ કેટલાંક પુરાણોમાં આ પ્રકારનું જ વર્ણન છે. આ તો આપણા પુરાણોની વાત થઈ. આધુનિક લેખકોમાં પણ તન્ત્રશાસ્ત્ર વિષે આદર તો નથી જ, પણ તન્ત્રશાસ્ત્રને તે તિરસ્કાર યોગ્ય ગણે છે. વાડેલ નામનો લેખક કહે છે કે શૈવ અને શક્તિ માર્ગના ગ્રન્થો એટલે જાદુ શીખવનારા ગ્રન્થો; કેટલાક તેને અભિચારના ગ્રન્થો કહે છે. એ પાશ્ચાત્ય વિદ્વાનોની વાત થઈ, પણ આપણા વિદ્વાનો કહે છે કે તન્ત્રશાસ્ત્ર અનીતિ, દુરાચાર, જીવ્હાલૌલ્ય અને વિષયલંપટતા શીખવે છે. તથાપિ હમણાં હમણાં આવા વિચારો સામે પ્રતિક્રિયા શરૂ થઈ છે. વુડ્રોફે પ્રથમ શરૂઆત કરી ત્યાર પછી અમુક પાશ્ચાત્ય સંશોધકોમાં, વિશેષતઃ જર્મન સંશોધકોમાં, એ મતપરિવર્તન સ્પષ્ટતાથી જોવામાં આવે છે.

આ આક્ષેપનો જવાબ આપી શકાય તેમ છે. શક્તિઉપાસનામાં જે મૂલભૂત સિદ્ધાંત છે, તેનો સંહિતા, બ્રાહ્મણ ગ્રન્થો અને ઉપનિષદો, આ બધાંયમાં સ્પષ્ટપણે નિર્દેશ કરેલો જોવામાં આવે છે. જગતને ઉત્પન્ન કરનાર શિવશક્તિ છે.

★★

## ગણપતિના ૨૧ નામ
### (પૂજાના ઉપયોગમાં લેવાય છે.)

ગણેશપૂજામાં (ગપપતિ ઉપાસનામાં) મોટે ભાગે ૨૧ નામો પૂજામાં ઉપયોગમાં લેવાય છે. આ ૨૧ નામનો અર્થ સમજવા માટે ગંગા અને શંકરના સંવાદરૂપ સ્તોત્ર આમાં આપેલું છે. તે નામોનો અર્થ અહી આપવામાં આવેલો છે. જે સાધકને ઉપયોગી થઈ પડશે.

ગંગાજી પૂછે છે. હે શિવ ! ગણપતિનાં એકવીસ નામોનો યથાર્થ અર્થ કહો. જેથી મને ગણેશ પ્રત્યે આદર થાય.

આના જવાબમાં શિવજી કહે છે કે, ગણપતિનાં એકવીસ નામો છે. જેમ કે :

૧. ગણેશ, ૨. એકદંત, ૩ ચિંતામણિ, ૪. વિનાયક, ૫. ઢુંઢિરાજ, ૬. મયૂરેશ, ૭. લંબોદર, ૮. ગજાનન, ૯. હેરંબ, ૧૦. વક્રતુણ્ડ, ૧૧. જયેષ્ઠરાજ, ૧૨. નિજ સ્વરૂપ (સ્થિત), ૧૩. આશાપુર, ૧૪. વરદ, ૧૫. વિકટ, ૧૬. ધરણીધર, ૧૭. સિદ્ધિબુદ્ધિપતિ, ૧૮. બ્રહ્મણસ્પતિ, ૧૯. માંગલ્યેશ, ૨૦. સર્વપૂજ્ય અને ૨૧. વિઘ્નરાજ.

આ નામોના અર્થ નીચે મુજબ છે :

(૧) ગણેશ : ચરાચર જગત ગકારરૂપે છે અને પરબ્રહ્મણકાર રૂપે છે એટલે એ બેના સંયોગથી ગણ થાય છે અને એમના ઈશ-પરમેશ્વર હોવાથી તેઓ ગણેશ કહેવાય છે.

(૨) એકદંત : દન્ત એટલે માયાનું સ્વરૂપ અને માયાનો અધિપતિ ઈશ્વર એક શબ્દથી ઓળખાય છે એટલે ગણેશ એકદંત કહેવાય છે.

(૩) ચિંતામણિ : સર્વના ચિત્ત હૃદયમાં રહેલા વિચારને ચિંતા કહે છે અને એના અધિપતિ હોવાથી તેમજ એનાથી ભિન્ન પણ હોવાથી ઈશ્વર મણિ કહેવાય છે એથી તેમનું નામ ચિંતામણિ છે.

(૪) વિનાયક : જેનો અધિપતિ નથી તે વિનાયક છે. છતાં ભગવાન જગતના અધિપતિ હોવાથી વિ + નાયક = વિશેષ નાયક હોવાથી વિનાયક કહેવાય છે.

(૫) ઢુંઢિરાજ : વેદો, પુરાણો, મહેશ્વર વગેરે દેવો, શાસ્ત્રો, યોગીશ્વરો, માનવો, નાગો, અસુરો, બ્રહ્મર્ષિઓ તથા સર્વ પ્રાણીઓ જેમને શોધે છે, તેઓ ઢુંઢિ કહેવાયા છે અને ગણેશ તેમના અધિપતિરૂપ હોવાથી ઢુંઢિરાજ કહેવાય છે.

(૬) મયૂરેશ : મયૂર (મોર) સ્વરૂપે માયા વાચક શબ્દ છે અને તેના વિવર્ત (ભ્રમ) રૂપે દેખાતા હોવાથી તેમને ભગવાનને (ગણેશને)મયૂરેશ કહે છે.

(૭) લંબોદર : જેમના ઉદરમાંથી આ વિશ્વ ઉત્પન્ન થયેલું છે અને જેમના ઉદરમાં પરબ્રહ્મ (પણ) રહેલા છે. એવું એમનું વિશાળ ઉદર હોવાથી તેઓ લંબોદર કહેવાય છે.

(૮) ગજાનન : જેમના ગળાની નીચેનો ભાગ જગત છે અને (હાથીના સ્વરૂપે જેમના) મસ્તકનો ભાગ બ્રહ્મ છે આથી તેઓ ગજાનન કહેવાય છે.

(૯) હેરંબ : વેદોમાં જેઓ હે શબ્દથી દીનોના પાલક છે અને રંબ શબ્દથી પરબ્રહ્મ શબ્દથી છે અને તેઓના પાલક હોવાથી (જગત અને પરબ્રહ્મના સ્વરૂપે હોવાથી) તેમને હેરંબ કહે છે.

(૧૦) વક્રતુંડ : જેમનું શરીર (ધડ) વિશ્વસ્વરૂપે છે અને મુખ પરબ્રહ્મ સ્વરૂપે છે. તેથી તેઓ વક્રતુંડ કહેવાય છે.

(૧૧) જયેષ્ઠરાજ : વેદો કહે છે જેમનાં માતા-પિતા નથી. અર્થાત્ જે અનાદિ છે. છતાં તેઓ જગતના માતા-પિતા રૂપે છે. તેથી તેઓ જયેષ્ઠરાજ (આદિ પુરૂષ) કહેવાય છે.

(૧૨) નિજ સ્વરૂપ (સ્થિત) ભિન્ન સ્વરૂપે જગતરૂપે જેઓ વ્યાપ્ત છે છતાં તેઓ પૂર્ણરૂપે સમાધિ રૂપે (આધિવ્યાધિ-ઉપાધિ રહિત) છે તેથી નિજ સ્વરૂપ કહેવાય છે.

(૧૩) આશાપુર : ચરાચરના જગતના પ્રાણીઓના મનોરથને પૂરનારા-આશા પૂરી કરનારા હોવાથી તેઓ આશાપૂર કહેવાય છે.

(૧૪) વરદ : અખિલ જગતને વરદાનોથી પૂરી દેનારા હોવાથી વેદવેત્તાઓ જેમને વરદાતા કહે છે તેથી વરદરાજ ભગવાનનું વરદ નામ છે.

(૧૫) વિકટ : આ માયામય અખિલ જગત મિથ્યા સ્વરૂપ અને ભ્રમિત કરનારું છે ભગવાન તેનાથી પર હોવાથી સત્ય સ્વરૂપ પરબ્રહ્મ વિકટ નામે કહેવાય છે.

(૧૬) ધરણીધર : ચિત્તની અનેક પ્રકારની બુદ્ધિ (વિકલ્પ) વાળા (જગતને) વિશ્વને પૃથ્વી (ધરણી) કહે છે તેને ધારણ કરનારા હોવાથી ભગવાન ધરણીધર કહેવાય છે. જેમ પૃથ્વી અખિલ વિશ્વને ધારણ કરનારી છે તેથી તેને ધરણી કહે છે અને તેના અધિપતિ તરીકે હોવાથી ભગવાન ધરણીધર છે.

(૧૭) સિદ્ધિ બુદ્ધિપતિ : જેઓ બુદ્ધિરૂપે બ્રહ્મમય અને સિદ્ધિ રૂપે વિમોહ કરનારા છે તે ભગવાન સિદ્ધિ અને બુદ્ધિપતિ હોવાથી સિદ્ધિ બુદ્ધિ પતિ કહેવાય. છે. બુદ્ધિ રૂપે નિર્મોહ અને સિદ્ધિરૂપે વિશેષ મોહવાળા છે.

(૧૮) બ્રહ્મણસ્પતિ : જેઓ મિથ્યા જગતના કર્તા, પાલક અને સંહારક તથા તેનાથી પર તુરીયાવસ્થારૂપે જ્ઞાનીઓમાં પ્રસિદ્ધ છે. તેવા યોગમય ભગવાનને બ્રહ્મણસ્પતિ કહે છે.

(૧૯) માંગલ્યપતિ : આ અમંગલ સ્વરૂપ નશ્વર જગતને પોતાની સાથે મંગલરૂપ બનાવી મંગલ સ્વરૂપે દેખાડે છે અને શાંતિ આપે છે, તેથી તેઓ (ભગવાન) માંગલ્યપતિ કહેવાય છે.

(૨૦) સર્વપૂજ્ય : જ્ઞાનીઓ દ્વારા જેઓ સર્વ કાર્યોમાં પ્રથમ પૂજાય છે અને વેદોમાં જેઓ સર્વ પૂજ્ય મનાયા છે તેવા ભગવાન સર્વ પૂજ્ય કહેવાય છે.

(૨૧) વિઘ્નરાજ : જેઓ પોતાના ભક્તોને પ્રસન્ન થઇ મુક્તિ અને ભક્તિ આપે છે અને અભક્તોને વિઘ્નો આપે છે અને વિઘ્નોના અધિપતિ છે, આથી તે ભગવાના વિઘ્નરાજ કહેવાય છે.

શંકર કહે છે કે હે ગંગા ! ભગવાનનાં આ એકવીસ નામોને યથાર્થ જેઓ સમજે છે તેઓ ભગવાનની માયામાં બંધાતા નથી અને બ્રહ્મમય બને છે - મોક્ષ પામે છે.

# કુંડલીની સાધનાની સમજણ

મનુષ્ય શરીર બ્રહ્માંડનું લઘુરૂપ છે. પણ એને નાનારૂપમાં સરળતાથી સમજવા માટે એક પૃથ્વી માની લઈશું તો ઘણી બધી વાતો જાણવા મળશે.

પૃથ્વી પોતાના ઉત્તર ધ્રુવ મારફતે આકારવા ભંડારમાંથી જરૂરીઆત વસ્તુઓ ગ્રહણ કરે છે. ઉત્તરધ્રુવને આપણે પૃથ્વીનું મુખ કહી શકીએ. મુખ ગમે તે વસ્તુ ખાતું નથી. જે ઉપયોગી વસ્તુ હોય છે એને જ સ્વાદ અને સ્વરૂપના આધાર પર પકડે છે. અને પેટમાં પહોંચાડે છે. એ જ પ્રમાણે ઉત્તરધ્રુવ બ્રહ્માંડની અસંખ્ય શક્તિઓમાંથી પૃથ્વીને જેની જરૂર હોય તેજ શક્તિઓને ખેંચે છે.

શક્તિનો ઉપયોગ કર્યા પછી જે કચરો બચે છે તેને દક્ષિણ ધ્રુવ મારફતે આકાશમાં ફેંકી દે છે. મનુષ્યનું શરીર પણ આ ક્રિયાનું અનુસરણ કરે છે. એનો ઉત્તરધ્રુવ મગજ છે અને જનનેન્દ્રિય ગુદાદ્વારની વચ્ચે આવેલ મૂલાધાર ચક્રને દક્ષિણધ્રુવ કહેવામાં આવે છે.

ઉત્તરધ્રુવ મગજને સહસ્ત્રાર ચક્ર કહેવામાં આવે છે. આ બન્ને ધ્રુવો વચ્ચે શક્તિની એક પ્રચંડધારા વહે છે. એને કુંડલિની શક્તિ કહેવામાં આવે છે.

ઉત્તરધ્રુવદ્વારા ખેંચવામાં આવેલી શક્તિઓનો પ્રવાહ ભૂમધ્ય રેખાની સાથે સાથે ચાલે છે. દુનિયાની મહત્ત્વની વેધશાળાઓ આ ભૂમધ્યરેખા પર બનાવવામાં આવી છે. શરીરની ભૂમધ્ય રેખા કરોડરજ્જુ છે. અને મેરૂદંડ પણ કહેવામાં આવે છે. અધ્યાત્મ પ્રયોગની દૃષ્ટિથી તે આશ્ચર્યજનક છે. એના બન્ને છેડા અસાધારણ છે. એને જાદુઈ કહીએ તો પણ ચાલે.

મેરૂદંડના શક્તિ પ્રવાહમાં ત્રણ ધારારો વહે છે. એને ઈડા, પિંગલા અને સુષુમ્ણાના નામથી ઓળખવામાં આવે છે.

વીજળીના બે પ્રવાહ હોય છે. એકને નેગેટીવ અને બીજાને પોઝેટીવ કહેવામાં હોય છે. જ્યાં આ બન્નેનું મિલન થાય છે. ત્યાં ત્રીજો કરંટ વહેવા લાગે છે. ઈડા, પિંગલાનું જ્યાં મિલન થાય છે. ત્યાંથી ત્રીજી ધારા સુષુમ્ણાનો ઉદ્ભવ થાય છે. આ સંગમને શાસ્ત્રોમાં ત્રિવેણી નામ આપવામાં આવ્યું છે. ગંગા-યમુનાના મિલનને સરસ્વતી કહેવામાં આવે છે. સરસ્વતી પ્રત્યક્ષ નથી. તે પાતાળમાંથી આવીને મળે છે. આજ વાત સુષુમ્ણાના સંબંધમાં છે. આ ત્રિવિધ સંગમને લક્ષ્મી, કાળી અને સરસ્વતીના સંગમની ઉપમા આપી શકાય છે.

જ્યારે પવન ઝડપથી વહે છે. ત્યારે ચક્રવાત ઉત્પન્ન થાય છે. નદીના પ્રવાહમાં પણ ભમરા પડે છે. ચક્રવાત અને ભમરામાં સામાન્ય પ્રવાહની તુલનામાં સેંકડો ગણી શક્તિ હોય છે. આજકાલ વૈજ્ઞાનિકો એ વાત માટે પ્રયોગો કરી રહ્યા છે. કે ચક્રવાત અને ભમરાની પ્રચંડ શક્તિને કેવી રીતે નાથી ને ઉપયોગી કામમાં લગાડવામાં આવે.

મેરૂદંડ વચ્ચે વહેતી ઈડા પિંગલામાં પણ એવાં જ ચક્ર બને છે. ઈડા અને પિંગલા એ બન્નેનું ઉદ્ગમ સ્થાન કૈલાશ કહેવામાં આવે છે. એના બન્ને છેડા મગજમાં જ આવેલા છે. આ બન્ને છેડા મગજની મધ્યમાં જ આવેલા છે. આ બન્ને છેડા મગજની મધ્યમાં ભેગા થાય છે. એ સ્થાનને સહસ્ત્રાર કહેવામાં આવે છે. બ્રહ્મરંધ્ર એની સાથે જોડાયેલું છે.

કુંડલિની જાગરણની પ્રક્રિયા છે. એને ષટ્ચક્ર કહેવામાં આવે છે. વાસ્તવમાં તે સાત છે. મેરૂદંડની સીમામાં ફક્ત છ જ ચક્રો આવે છે. સહસ્ત્રાર એનાથી સ્હેજ ઉપર છે. એટલા માટે મેરૂદંડની સીમાથી એક ડગલું આગળ વધવામાં આવે તો સહસ્ત્રારનો કૈલાશ પર્વત આવી જાય છે. એને ગંગા અને યમુનાનું મૂળભૂત ઉદ્ગમ સ્થાન માનવામાં આવે છે.

મૂલાધાર- મળ-મૂત્ર છિદ્રોની વચ્ચે આવેલું છે. ત્યાં સૂક્ષ્મ નાડીઓનો ગુચ્છો જોવા મળે છે. એ ગુચ્છાના માધ્યમથી મોટા ભાગે કામવાસના જાગે છે. અને પ્રજનન અંગમાં શુક્રાણું ડિંબાણુ બને છે. એમાં દાઢી, મૂંછ, પૌરૂષ, સાહસ વધારનારાં હારોન્સ પેદા થાય છે. યોગાભ્યાસમાં એને અગ્નિકુંડ અને કુંડલિની નિવાસ કહેવામાં આવે છે.

મગજની વચ્ચે વિદ્યુત ઉત્પાદનનું કેન્દ્ર આવેલું છે. આ સહસ્ત્રાર જ અસલી હૃદય છે. છાતીમાં ધબકતું હૃદયનો ફક્ત લોહીને પંપ કરવાનું કામ કરે છે. સહસ્ત્રારમાં પેદા થતી હજારો વિદ્યુત ચિનગારીઓને શતદલ કમળ કહેવામાં આવે છે.

# મંગલા ચરણ

**શ્રીમહાગણપતયે નમઃ**

## શ્રી મહાગણપતિ ઉપાસના પાથેય

હે બાલચંદ્રની કોમળ કાંતિથી ઝળહળતા ભાલસ્થલવાળા, નિર્મળ કુંલસ્થળમાં થી ઝરતા દાનવારિના સુગંધથી મનોહારી મુખકમળ વાળા, બ્રહ્માંડના બે કકડાઓ રૂપી બે ગંઢરસ્થવાળા, દિશાઓના અંત પર્યંત પહોંચ્યા હોય એવા દીર્ઘ કર્ણવાળા, વિશાળ વક્ર શૂંઢાથી ૐકાર સ્વલ્પ, ભક્તોનાં દુઃખ હરવા વિશાળ બાહુઓમાં સુંદર કમળ, પાશ, અંકુશ ધારણકરનાર, અનંત બ્રહ્માંડોને ધારણ કરતું હોવાથી દેવોએ લંબોદર કહી સ્તુતિ કરી છે એવા, ઝણકારતી કટિ મેખલા અને ઉજ્જવલ મણિમુક્તા આદિથી વિશાળ કટિભાગવાળા, મુનિવરો દ્વારા પુષ્પોથી પૂજાતા હ્રસ્વ અને કોમળ ચરણવાળા, બાલસૂર્ય જેવા રક્ત કાંતિવાળા, હે ગજવદન ગણપતિદાદા આપતો વિઘ્નો હરનાર અને સદા મંગલ કરનાર મંગલ મૂર્તિ સ્વરૂપ છો આપનું અમો હૈયાના હેતભર્યા ભાવોથી આહ્વાન કરી વંદીએ છીએ.

દૈદિપ્ય માન સુવર્ણમય બ્રહ્માંડમાં ઉછાળામારતા તરંગોવાળા ઈક્ષુરસના સમુદ્રમાં મણિદ્વીપમાં કલ્પતરુઓની ઘટામાં બાલસૂર્યની જેવી લાલિમા વાળું તમારું નિર્મળ ભવ્ય ધામ શોભી રહ્યું છે. તમારું તે દિવ્ય ધામ અમારા આનંદ માટે હો. । સકલ સુખ સંપત્તિથી યુક્ત વિશાળ મહાલય અમારા અંતઃ કરણમાં પ્રકાશી રહો.

હે તેજસ્ મહા પ્રભો, સર્વરોગનાશક, સર્વપાપ-તાપ અને સંકટોથી રક્ષણ કરનાર, દુરાચાર તથા અંધકારનો નાશ કરનાર, મહામહાસંપત્તિવાન, તૃષ્ટિ-પુષ્ટિ કરનાર, શીઘ્રફળદાયી, અક્ષપ્યસુખ અને સુયશને આપનાર, સર્વ કલ્યાણના પ્રદાના, , સન્માર્ગ પ્રેરક, સંરક્ષક, સામર્થ્ય વર્ધક, સદ્‌પુરુષોનો ઉત્કર્ષ કરનાર, સદાયે આનંદી, મહા ઉદાર, કવિઓમાં શ્રેષ્ઠકાય, નિયંતા અને નિયામક, સભાવિજયીજ્ઞાની, વેદોથી વંદિત, વેદજ્ઞ, સમગ્ર વિશ્વના અધિપતિ છો.

વિદ્વાનો તમને આદ્ય અને પરમ પુરુષ (પરમાત્મા) તરીકે જાણે છે.

કેટલાક તમને નિર્ગુણ બ્રહ્મ તરીકે તો કેટલાક ભક્તિમાર્ગવાળા રસિક પુરુષો સગુણ બ્રહ્મ કહે છે. હે ભગવન્, ભક્તોના અનુપમ સુખને માટે તમો જુદાં જુદાં સુંદર સ્વરૂપો ધારણ કરો છો. કેટલાક ભક્તો તમને હૃદયમાં પૂજે છે. કેટલાક સહસ્રાર પદ્મમાં રહેલા અજ અમૃતમય તરીકે પૂજે છે. એવા આપના પાવન ચરણ કમલોમાં અમે કોટિ કોટિ વંદન કરીએ છીએ. પ્રભો અમારું સર્વથા સદૈવ રક્ષણ કરો. કલ્યાણ કરો.

## ।। श्रीगणेशाथर्वशीर्षम् ।।

### ૧. આધિદૈવિક સ્વરૂપ

ॐ 'भद्रं कर्णेभिः'

'सदनाववतु' इति शान्तिः ।।

ॐ नमस्ते गणपतये ।

त्वमेव प्रत्यक्षं तत्त्वमसि ।

त्वमेव केवलं कर्तासि ।। त्वमेव केवलं धर्तासि ।।

त्वमेव केवलं हर्तासि ।। त्वमेव सर्वं खल्विदं

ब्रह्मासि ।। त्वं साक्षादात्मासि नित्यम् ।। १ ।।

નમસ્કારો મારા ગણપતિ ! તમોને નિશદિન,
તમે છો પ્રત્યક્ષ પ્રબલતમ તત્ત્વ પ્રતિ પલ;
સૃજો, ધારો, મારો જગત; સઘળું બ્રહ્મ પણ છો,
અને મારો આત્મા અચલ અવિનાશી અમર છો. ૧

હે ગણપતિ ! તને નમસ્કાર છે. તું જ પ્રત્યક્ષ તત્ત્વ એટલે બ્રહ્મ છે. કેવળ તું જ (આ સૃષ્ટિનો) કર્તા છે. તું જ કેવળ આધાર છે. (ધારણ કરનાર છે). આ સૃષ્ટિનો સંહાર કરનાર તું જ છે. આ બધું બ્રહ્મ તું જ છે. પ્રત્યક્ષ અવિનાશી આત્મા તું જ છે.૧

### ૨. સત્ય-પ્રતિજ્ઞા

ऋतं वच्मि ।। सत्यं वच्मि ।।२।।

કૃપા તારી થાઓ પ્રમથપતિ ! મારા પર ખરી વદું

જેથી વાણી નિરમળ અને સત્ય સઘળી;
વળી તેના અર્થો ખૂબ અટલ સામર્થ્ય યુત હો,
છતાં તે જ્ઞાનીને મન હરણકર્તા સરસ હો. ૨

હું ऋतं એટલે મનનો સત્યસંકલ્પ હોય તેવું

અથવા જૂઠ અને દ્વેષ ભાવ રહિત નિર્મળ બોલું છું. સાચું કહું છું.

### ૩. રક્ષણ-પ્રાર્થના

अव त्वं माम् ।। अव वक्तारम् ।। अव श्रोतारम् ।। अव दातारम् ।। अव धातारम् ।। अवानूचानमवीशष्यम् ।। अव पश्चात्तात् ।। अव पुरस्तात अवोत्तराचात् ।। अव दक्षिणात्तात ।। अव चोर्ध्वात्तात् ।। अवाधरात्तात् ।। सर्वतो मांपाहि पाहि समन्तात् ।। ३ ।।

મને ને વક્તાને, શ્રવણ કરતા, દાન કરતા, સહે તેવા રક્ષો ગુરુજન તથા શિષ્ય-ગણને; પ્રતીચી પ્રાચી ને અસુર-દિશને સૌમ્ય-દિશામાં કરો મારી રક્ષા સકલદિશ મધ્યે સહજમાં. ૩

મારું રક્ષણ કર. વક્તાનું રક્ષણ કર. શ્રોતાનું રક્ષણ કર. દાતાનું રક્ષણ કર. ધારણ કરનારનું રક્ષણ કર. ભણી ચૂકેલાનું (ગુરુનું) રક્ષણ કર. શિષ્યનું (ભણનારનું) રક્ષણ કર. પશ્ચિમથી રક્ષ. પૂર્વથી રક્ષ. ઉત્તરથી રક્ષ. દક્ષિણથી રક્ષ. ઉપરથી રક્ષ. નીચેથી રક્ષ. બધી બાજુથી, ચારે તરફથી મારું રક્ષણ કર. ૪

### ૪. ગણપતિનું આધ્યાત્મિક સ્વરૂપ

त्वं वाङ्मयस्त्वं चिन्मय : ।। त्वमानन्द मयस्त्वं ब्रह्ममयः ।। त्वं सच्चिदानन्दद्वितीयोऽसि ।। त्वं प्रत्यक्षं ब्रह्मासि ।। त्वं ज्ञानमयो विज्ञानमयोऽसि ।। ४।।

ખરે વાણી કરો વિભવ સહુ ચિદ્રૂપ પણ તું,
વળી બ્રહ્માનંદ-શ્રુતિ-ગત ચિંદાનંદ પણ તું;
અને છે પ્રત્યક્ષે નજર પડતું બ્રહ્મ પણ તું,
ભરેલો જ્ઞાને ને વરદવર વિજ્ઞાનમય તું. ૪

તું વાણીરૂપ છે, તું ચિદ્રૂપ-જ્ઞાનરૂપ છે. તું આનંદમય છે. તું બ્રહ્મમય છે. તું સત્-ચિત્-આનંદથી અભિન્ન છે. (અદ્વિતીય-બીજો નહિ એવો અર્થાત્ સચ્ચિદાનંદ તું પોતે જ છે.) તું પ્રત્યક્ષ બ્રહ્મ છે. તું જ્ઞાનમય અને વિજ્ઞાનમય છે. ૪

### ૫ ગણપતિનું વિશ્વરૂપ

सर्वं जगदिदं त्वत्तो जायते ।। सर्वं जगदिदं त्वत्तस्तिष्टति ।। सर्वं जगदिदंत्वयि लयमेष्यति ।। सर्वं जगदिदं त्वयि प्रत्येति ।। त्वं भूमिरापोऽ-नलोऽनिलो नमः ।। त्वं चत्वारि वाक्पदानि ।। ५ ।।

બધું આ તારાથી જગ જનમતું ને સ્થિર થતું,
વળી તારા માંહી લય થઈ તહારી પ્રતિ જતું;
ધરા, પાણી, અગ્નિ ત્યમ અનિલ આકાશ પણ તું,
પરાને પશ્યન્તી હૃદિ-મુખ-વસી વાણ પણ તું. ૫

આ બધું જગત તારા(માં)થી ઉત્પન્ન થાય છે. આ બધું જગત તારા થકી ટકી રહ્યું છે. આ બધું જગત તારામાં લય પામશે. આ બધું જગત તારા પ્રતિ આવે છે. તું જ પૃથ્વી, જળ, તેજ, પવન અને આકાશ (એ પાંચ મહાભૂતો છે.) પરા, પશ્યન્તી, મધ્યમા અને વૈખરી એમ ચાર પ્રકારની વાણી તું જ છે. ૫

### ૬. આધ્યાત્મપ્રકાશક સ્વરૂપ

त्वं गुणत्रयातीतः ।। त्वमवस्थात्रयातीतः ।। त्वं देहत्रयातीतः ।। त्वं कालत्रयातीतः ।। त्वं मूलाधारस्थितोऽसि नित्यम् ।। त्वं शक्तित्रयात्मकः ।। त्वां योगिनो ध्यायन्ति नित्यम् ।। त्वं ब्रह्मा त्वं विष्णुस्त्वं रुद्रस्त्वमिन्द्रस्त्वमग्निस्त्वं वायुस्त्वं सूर्यस्त्वं चन्द्रमास्त्वं ब्रह्म भूर्भवः स्वरोम् ।। ६ ।।

ત્રણે દેહે, કાળે, ત્યમ ગુણ અવસ્થા રહિત છો,
વસો મૂલાધારે અચલ બનતાં શક્તિ ત્રણ છો;
ખરે યોગી ધ્યાયે હૃદય નિજ; દેવો સકલ છો,
વળી ભૂ-પાતાલ-સ્વરગ સઘળું ૐ (મ) પણ છો. ૬

તું સત્વ, રજ અને તમઃ એ ત્રણથી દૂર થયેલો (રહિત) છે. તું જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ એ ત્રણ અવસ્થાથી રહિત છે. તું સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણે પ્રકારના દેહોથી રહિત છે. તું ભૂત, વર્તમાન અને ભવિષ્ય એ ત્રણે કાળથી રહિત છે. તું મૂલાધારામાં નિરંતર રહેલો છે. તું શારીરિક, માનસિક અને બૌદ્ધિક એમ ત્રણે પ્રકારની શક્તિ સ્વરૂપ છે. યોગી લોકો તારું જ ધ્યાન કરે છે. બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, ઈન્દ્ર, અગ્નિ, વાયુ, સૂર્ય, ચન્દ્રમા, બ્રહ્મ, ભૂઃ, ભુવઃ, સ્વઃ અને ૐ તું જ છે. ૬

### ૭. ગણેશવિદ્યા

गणादिं पूर्वमुच्चार्य वर्णादिस्तदनन्तरम् ।। अनुस्वारः पर तरः ।। अर्धे न्दुलसितम ।। तारेण रुद्धम् ।। एतत्तव मनुस्वरूपम् ।। गकारः पूर्वरूपम् ।। अकारो मध्यमरुपम् अनुस्वरश्चान्त्यरुपम् । बिन्दुरुत्तरुरुपम् । नादः सन्धानम् ।। संहिता सन्धिः ।। सैषा गणेशविद्या ।। गणकऋषिः ।। निचृद्गायत्रीच्छन्दः ।। गणपतिर्देवता ।। ॐ गं गणपतये नमः ।।७।।

લઈ ત્રીજો વર્ણ ત્યમ ઉપર બિંદી વિસલતાં,
થયું गं, ॐ મૂકી સુ-થણપતયે યુક્ત કરતાં;
નમઃ એવું બોલી ગણક ઋષિ તારો મનુ સૃજે
નિચૃદ્ગાયત્રીથી ગણપતિ ગણી દૈવત તને. ૭

ગણનો આદિ અક્ષર 'ગ્' તેનો પહેલાં ઉચ્ચાર કરીને ત્યાર પછી વર્ણોનો આદિ 'અ' તેનો ઉચ્ચાર કરવો. ત્યાર પછી અનુસ્વાર અને (ઉપર) અર્ધચન્દ્ર મૂકવો. આગળ ॐથી યુક્ત કરવો. આ તારા મંત્રનું સ્વરૂપ (ॐ र्ग) છે. ગકાર પ્રથમ, અકાર મધ્યમાં, છેડે અનુસ્વાર અને ઉપર બિન્દુ એટલે (અનુનાસિક ઉચ્ચારવા માટે) અર્ધચન્દ્ર મૂકી તેનો એકી સાથે ઉચ્ચાર કરવો. અને પછી લગાતાર ઉચ્ચાર કરી નાદ જગાવવો. આ ઉચ્ચાર ॐ र्ग એમ કરવા જતાં गाँउम् (ग्+अ+ओउम) એવો લગાતાર ઉચ્ચર કરવા જતાં (નાદ) બને છે. આ ગણેશવિદ્યા છે, તેના ગણક ઋષિ, નિચદ્ગાયત્રી છંદ અને ગણપતિ દેવતા છે. એટલે સંપૂર્ણ મંત્ર ॐ गँ गणपतये નમઃ એમ બને છે. ૭

## ૮. ગણેશગાયત્રી

एकदन्ताय विद्महे । वक्रतुण्डाय धीमहिं । तन्नो दन्ती प्रचोदयात् ।।

અમે સૌ જાણીએ છીએ ફકત ધરતા 'એકરદ' ને ધરંતા ધ્યાને રે દનુજદળતા, વક્રશિરથી; અમો સૌને પ્રેરો શુભકૃતિમહી એમ વદતાં તમારી ગાયત્રી હૃદય અમ રે' જો વિલસતાં. ૮

એકદંતને અમે જાણીએ છીએ. વક્રતંડનું અમે ધ્યાન કરીએ છીએ. તે દંતી (ગણપતિ) અમને સત્કર્મમાં પ્રેરણા કરો. ૮

## ૯. ગણપતિનું ધ્યાન

एकदन्तं चतुर्दहस्तं पाशमङ्कुशधारिणम् ।
रदञ्च वरदं हस्तैर्विभ्राणं मूषकध्वजम् ।।
रक्तं लम्बोदरं शूर्पकर्णकं रक्तवाससम् ।
रक्तगं–धानुलिप्ताङ्गं रक्तपुष्पै : सुपूजितम् ।।
भक्तानुकम्पिनं देवं जगत्कारणमच्युतम ।
आविर्भूतञ्च सृष्टयादौ प्रकृतेः पुरुषात्परम् ।।
एवं ध्यायति यो नित्यं स योगी योगिनां वरः ।।९।।

એકદંત ચતુર્હસ્ત પાશ-અંકુશ-ધારી ને
દંત અભય મુદ્રાને ધારતા મૂષકધ્વજી.
રક્ત લંબોદરી શૂપકર્ણક રક્તવસ્ત્રભૃત્
રક્તચંદન ધારી ને રક્ત પુષ્પે સુપૂજિત.
દયાળુ ભક્તિવાળા ને જગત્કારણ અચ્યુત
આવિર્ભૂત થતા અગ્રે પ્રકૃતિ ને પુમાનથી.
આ પ્રમાણે ધરે ધ્યાન તે યોગી યોગિરાજ છે.

(મુખમાં) એક દાંત, (અનુક્રમથી ચાર હાથોમાં) પાશ, અંકુશ, દાંત તથા અભયમુદ્રા ધારણ કરનારા, ચાર હાથ, મૂષક ધ્વજ, લાલ રંગનું શરીર, લંબોદર તથા સૂપડા જેવા કાનવાળા, લાલ વસ્ત્ર ધારણ કરનારા, લાલ ચંદન લગાવેલા, લાલ પુષ્પોથી પૂજાતા, ભક્તો ઉપર કૃપા રાખનારા, જગતના કારણરૂપ, અચ્યુત, સૃષ્ટિની આદિમાં ઉત્પન્ન થયેલા, પુરુષ અને પ્રકૃતિથી પર એવા શ્રી ગણેશ છે. જે આવી રીતે એમનું ધ્યાન કરે છે. તે યોગી યોગીઓમાં શ્રેષ્ઠ છે.

## ૧૦. નમન

नमो व्रातपतये नमो गणपतये नमः प्रमथपतये नमस्तेऽस्तु लम्बोदरायैकदन्ताय विघ्ननाशिने शिवसुताय वरदमूर्तये नमः ।।

નમસ્કારો હોજો વરદવપુને વ્રાતપતિને,
નમસ્કારો હોજો ગણપતિ તને વિઘ્નહરને;
નમસ્કારો હોજો પ્રમથપતિ લંબોદર તને,
નમસ્કારો હોજો શિવસુત તને એકરદને. ૧૦

વ્રત પાલન કરનારાઓના અધિપતિને નમસ્કાર છે. ગણપતિ લોભાથી) આપશે તે પાપભંગી થશે. આના સહસ્ત્રપાઠથી જે જે મનોરથની વાંચ્છા હોય તે દરેક સિદ્ધ કરી શકાય છે. ?

## ૧૧. ફલશ્રુતિ

एतदथर्वशीर्ष योऽधीते स ब्रह्मभूयाय कल्प्यते । सर्वविघ्नैर्न बाध्यते । स सर्वत्र सुखमेधते । स पञ्चमहापापात्प्रमुच्यते । सायमधीयानो दिवसकृतं पापं नाशयति । प्रातरधीयानो रात्रिकृतं पापं नाशयति । सायं प्रातः प्रयुञ्जानोऽपापो भवति । सर्वत्राधीयानोऽपविघ्नो भवति । धर्ममर्थ कामं मोक्षं च विन्दति । इदमथर्वशीर्षमशिष्याय न देयम् । यो यदि मोहाद् दास्यति स पापीयान् भवति सहस्त्रावर्तनाद्यं यं काममधीते तं तमनेन साधयेत् ।। ११ ।।

ભણતાં પ્રેમથી ઉપનિષદ, સાંજે દિન તણાં,
પ્રભાતે રાત્રીનાં, વિલય સઘળાં પાતક થતાં;
લહે ચારે અર્થો ધન-ધરમ-કામાદિક વળી,
મળે જે ઈચ્છે તે દશ-શત જ આવર્તન કરી.

આ અથર્વશીર્ષને જે ભણે છે, તે બ્રહ્મરૂપને પ્રાપ્ત થાય છે. તેને કોઈપણ વિઘ્ન નડતું નથી. તે બીધ જગ્યાએ સુખી થાય છે. તે પંચ મહાપાપમાંથી મુક્ત થાય છે. સાયંકાળે આનો જપ (પાઠ) કરનારો દિવસે કરેલાં પાપોનો નાશ કરે છે. પ્રાતઃકાળે પાઠ કરનાર રાત્રીએ કરેલાં પાપોનો નાશ કરે છે. સવાર-સાંજ પાઠ કરનાર નિર્વિઘ્ન બને છે. અને ધર્મ, અર્થ કામ તથા મોક્ષને પામે છે. આ અથર્વશીર્ષ દુષ્ટ શિષ્યને ન ભણાવવું. જે મોહથી (દ્રવ્યાદિના લોભથી) આપશે તે પાપભાગી થશે. આના સહસ્ત્રપાઠથી જે જે મનોરથની વાંચ્છા હોય તે દરેક સિદ્ધ કરી શકાય છે.

## ૧૨ પ્રયોગ -અભિષેક -જપાત્મક

अनेन गणपतिमभिषिञ्चति स वाग्मी भवति । चतुर्थ्या मनञ्जपति स विद्यावान् भवति । इत्यथर्वणवाक्यम् । ब्रह्माद्यावरणं विद्यात् । न बिभेति कदाचनेति ।। १२ ।।

બને વક્તા આથી પ્રભુ પર અભિષેક કરતાં,
નિરાહારી ચોથે કવિજન બને પાઠ કરતાં;
અથર્વા ભાખે આવરણ સહુનું જ્ઞાન મળતાં,
ડરે ના કોઈથી પરમ પદ પામે સહજમાં. ૧૨

આ અથર્વશીર્ષ થી જે ગણપતિના મસ્તિષ્ક ઉપર અભિષેક કરે છે, તે વાગ્મી (વક્તા) થાય છે. ચતુર્થીને દિવસે ઉપવાસ કરી જપ કરે છે, તે વિદ્વાન થાય છે. આમ અથર્વણ (ઋષિ) નું વાકય છે. તે બ્રહ્માદિની માયાના આવરણને ઓળખી શકે છે. (તેથી) કદાપિ બીતો નથી.

## ૧૩. પ્રયોગ - હોમાત્મક

य दूर्वाङ्कुरैर्यजति स वैश्रवणोपमो भवति । यो लाजैर्यजति स यशोवान् भवति स मेधावान्भवति। यो मोदक सहस्त्रेण यजति स वाञ्छितफल मवाप्नोतियः साज्यसमिद्भिः र्यजति स सर्व लभते स सर्व लभते ।।

ચઢાવે દૂર્વા તો ધનપતિ સમો તે નર થતો,
યશસ્વી, મેધાવી, અબુધ પણ લાજા અરપતાં;
મળે છે. ઈચ્છેલું દશ-શત અહો મોદક થકી,
બધું યે પામે રે હવન કરતાં ઘી-સમિધથી. ૧૩

જે દૂર્વાંકુરોથી હોમ (પૂજન) કરે છે, તે કુબેર જેવો ધનવાન થાય છે. જે ડાંગરથી હોમ કરે છે, તે યશસ્વી તેમજ મેધાવી (બુદ્ધિમાન) થાય છે. એક હજાર મોદક-(લાડુ) થી હોમ (પૂજન) કરે છે, તે વાંચ્છિત ફળ મેળવે છે. જે ઘી અને સમિધથી હોમ કરે છે તે દરેક વસ્તુ મેળવે છે. તે દરેક વસ્તુ મળેવે છે.

## ૧૪ પ્રયોગ અનુષ્ઠાન

अष्टौ ब्राह्मणान्सम्यग् ग्राहयित्वा सूर्यवर्चसवी भवति । सूर्यग्रहे महानद्यां प्रतिमासन्निधौ वा जप्तवा सिद्धमन्त्रो भवति । महाविघ्नात्प्रमुच्यते । महादोषात्प्रमुच्यते । महाप्रत्यवायात्प्रमुच्यते । स सर्वविद्भवति स सर्वविद्भवति । य एवं वेद इत्युपनिषद् ।। १८ ।।

।। इति श्रीमद्गणेशाथर्वशीर्षोपनिषत्समाप्ता ।।

ભણાવી વિપ્રોને પ્રખર રવિ જેવો જ બનતો,
નદી કે મૂર્તિની સમીપ ભણતાં સિદ્ધ બનતો;
ઘણાં મોટા વિઘ્નો ત્યમજ સઘળા દોષ ટળતાં,
બને છે સર્વજ્ઞ ઉપનિષદ સાચું સમજતાં. ૧૪

આઠ બ્રાહ્મણોને સારી રીતે ભણાવવાથી સૂર્યના જેવો વર્ચસ્વી થાય છે. સૂર્ય ગ્રહણ વખતે મોટી નદીમાં (પ્રવાહાભિમૂખ બેસીને) સિદ્ધ થાય છે. અને તેથી જપ કરનાર મોટા વિઘ્નમાંથી મુક્ત થાય છે. મહાદોષથી મુક્ત થાય છે. મહાન પ્રાયશ્ચિતમાંથી મુક્ત થાય છે. જે આ પ્રમાણે જાણે છે, તે સર્વજ્ઞ થાય છે. તે સર્વજ્ઞ થાય છે. એ પ્રમાણે ઉપનિષદ છે.

આ પ્રમાણે શ્રીગણેશની અથર્વશીષ ઉપનિષદ્ સમાપ્ત થઈ.

★★★

## શ્રી ગણેશબંધુ કાર્તિક

ગંગાનો પવિત્ર કિનારો, દર્શનમાત્રથી પાપ દૂર થાય એવી રમણીયતા. શરવણ નામના ઘાસનું બાજુમાં જ હરિયાળું મેદાન. જોડે મજાનું વનશ્રી વિલોલ ઉપવન.

ઉપવનમાં છ રૂપસુંદર સ્ત્રીઓ ફૂલ વીણતી હતી. તેઓ કૃતિકા નામથી ઓળખાતી એવી માતૃકાઓ હતી. ફૂલ વીણતી આ કૃતિકાઓ ગંગાઘાટે આવી ચઢી.

ત્યાં એક અચરજ થયું. કોઈએ જાણે ગંગાનાં પારણાની જેમ ઉછળતાં ધીમાં જળમાંથી ઉલાળીને એક રઢિયાળા બાળકને આ કૃતિકાઓની વચ્ચે લાવી મૂકયો. બાળકને ઉલાળી મૂકનાર કોણ હતું એની આ નારીવૃંદને ખબર જ ન પડી. તેઓ તો ગલગોટાશા બાળકની ફરતે વીંટળાઈ વળી.

એમણે જોયું તો બાળકને છ મોઢાં હતાં. એને બાર માથાં, બાર કાન, એક કંઠ, અને એક ઉદર હતાં. માતૃકાઓ પણ છ જ હતી ને બાળકનાં છયે મોંઢાં ખિલખિલ કરતાં મુગ્ધ નજરથી દરેક માતૃકાને જોઈ રહ્યાં હતાં. કૃતિકાઓને વહાલ ઊભરાયું ને એમણે એ બાળકને ઘરે લઈ જઈ વારાફરતી ઉછેર્યો.

એવામાં ભગવાન શિવ ને માતા પાર્વતી કૈલાસ છોડી ફરતાં-ફરતાં આ કૃતિકાઓના વાસમાં આવ્યાં. પાર્વતીને શિવ કહેવા લાગ્યા, હું તમને મહાબળવાન પુત્ર આપવા માગું છું, એ આ કૃતિકાઓ ઉપાડી લાવી છે. પછી પેલી કૃતિકાઓને સંબોધી શિવ બોલ્યા, 'અરે, તમે ઉછેર્યો છે એ મારો પુત્ર છે. અગ્નિએ મારી શક્તિ દ્વારા પુત્ર પ્રાપ્ત થયેલો તે તમારા હાથમાં આવ્યો છે. હવે એનાં ખરાં માબાપ એવાં અમે આવ્યાં છીએ તો અમને એની સોંપણી કરો. પાર્વતીને એના પુત્રનું લાલનપાલન કરવું છે.'

કૃતિકાઓનું શું ચાલે ? બાળકને સોંપતાં એમને ભારે વેદના અને વિમાસણ થઈ.

પાર્વતીએ કહ્યું, 'બહેનો ! હું તમારી લાગણી સમજી શકું છું. તમારું નામ ને કામ ભૂંસાવા નહિ દઉં. હું આનું નામ તમારા નામ ઉપરથી કાર્તિકયે રાખીશ.'

પાર્વતી પાસે કાર્તિકેય ઊછરવા લાગ્યો. શિવ પણ એને એટલાં જ લાડથી હુલાવતા-ખેલાવતા રહ્યા. કાર્તિક ભારે મસ્તીખોર. બળિયો પણ એવો એટલે તોફાની પણ ભારે. શિવના ગણ વૃદ્ધ નંદીનાં શિંગડાં પકડી તેનું માથું હચમચાવતો. કોઈ વખતે તે પાર્વતીને બેસવાના સિંહની યાળ પકડી તેના ઉપર ચઢી બેસતો. કોઈ વખતે તે શિવના જટાધારી ગણોની જટા પકડી કે વાળવાળી દાઢી પકડી ખેંચીને ત્રાસ આપતો. કોઈ વખતે શિવના ગળામાંના નાગને પકડી તેનું મોઢું ખોલી તેમાંના દાંત ગણવા મથતો. આમ જાતજાતનાં અળવીતરાં કરતો તે મોટો થવા લાગ્યો. તેને મોર ઉપર સવારી કરવી બહુ ગમી એટલે માતપિતાએ એક રૂપાળો મોર જ એને લાવી આપ્યો.

શિવે એના વિદ્યાભ્યાસ અને શસ્ત્રના અભ્યાસ અંગે પૂરી જહેમત લીધી. બધી કળાઓમાં એને પારંગત કર્યો.

ખરેખર તો દેવોને આ સમર્થ શિવકુમારની જરૂર હતી. દેવો અને અસુરો વચ્ચે સંગ્રામ ચાલ્યા કરતો. કયારેક દેવો અને કયારેક અસુરો એમાં જીતતા. આ વખતે અસુરોની જીત થઈ હતી. દેવોને હરાવનાર અસુર રાજ તારકાસુર હતો. એણે બ્રહ્મા પાસેથી વરદાન મેળવ્યું હતું : 'સાવ બાળવયના કુમાર સિવાય બીજા કોઈથી મારું મૃત્યુ ન થાય.'

બ્રહ્મા પાસેથી વરદાન મળ્યા પછી તારકાસુરે દેવલોક એકલો નહિ પણ બાકીના બંને લોક જીતીને ઉપદ્રવ કરવા માંડયા હતા. દેવોએ શિવ પાસે આવી અસુરરાજ તારકાસુરને હરાવનાર પુત્રની માગણી કરી હતી. અરે, એટલા માટે તો શિવ ને પાર્વતીનો પરિણય રચાયો હતો.

પાર્વતી આમ પ્રતાપી પુત્ર તો પામ્યાં પણ એને તરત દેવોનો મોવડી બનાવી અસુરો સામે યુદ્ધ કરવા મોકલવો પડયો હતો. જુદા જુદા દેવોએ એને વિવિધ ભેટો આપી પોતાના દળનો સેનાપતિ બનાવ્યો હતો.

તારકાસુરને સમાચાર મળ્યા કે કાર્તિકને સેનાપતિ બનાવી દેવો એની સામે લડવા આવી રહ્યા છે. એટલે એ વિશાળ અસુર સૈન્ય સાથે કુમાર કાર્તિક સામે લડવા મેદાનમાં ધસી ગયો.

તારકાસુરે કાર્તિકની સામે પેતરો રચી કહ્યું, 'હજુ તારા દાંતમાં તારી માતાનું ધાવણ સુકાયું નથી. જા, હું તને છોડી દઉં છું તારે માત્ર મારી માફી માગવાની જ રહે છે.'

કાર્તિકે તારકાસુરના ગર્વભર્યા બોલ સાંભળી કહ્યું 'ઘમંડી દૈત્યરાજ ! માફી તો તારે માગવાની હોય, ભય તો તને છે.'

તારકાસુર છંછેડાયો. એ કાર્તિક ઉપર શસ્ત્રપ્રહાર કરી બેઠો. ઘડી ભર બધાને થયું કે કાર્તિક હેઠો પછડાયો ને તારકાસુરની વજ્ર જેવી તાકાત થી મરાયો. પણ વાસ્તવમાં ઘા ચૂકવવા કાર્તિક સહેજ નીચો જ નમ્યો હતો અને તરત જ ઉછળીને એણે તારકાસુરની છાતીમાં શક્તિશાસ્ત્ર ઝીકી દીધું.

તારકાસુર ઉછળીને હેઠો પડયો. એનાં ધડ ને માથું બેય છૂટા પડયા. થોડી વારમાં એના પ્રાણ નીકળી ગયા ને અસુરો ભાગ્યા. કાર્તિકનો વિજય થયો. દેવોમાં હર્ષનાદ થઈ રહ્યો.

દેવોને વિજય અપાવી કાર્તિકે શિવપાર્વતીને મળવા ઘરની વાટ લીધી.

અહીં તો શિવપાર્વતીને બીજા પુત્ર ગણેશની પ્રાપ્તિ થઈ હતી. શંકરના વરદાનથી પાર્વતીને આ પુત્રની પણ પ્રાપ્તિ થઈ હતી.

શિવપાર્વતીને કાર્તિક અને ગણેશ બંને આંખના રતન બરાબર હતા. બંને પર સરખું વહાલ હતું. કાર્તિક પાતળો ઊંચો ને મજબૂત હતો. તો ગણેશ ગોળ-મટોળ દુંદાળો અને વજનદાર શરીરવાળો હતો. કાર્તિકે પોતાના વાહન તરીકે મોરને અને ગણેશે પોતાના ઉંદરને પસંદ કર્યા હતા.

એક વાર માતપિતાએ બંનેને પરણાવવાની દરખાસ્ત મૂકેલી છે. બંનેમાંથી કોણ પહેલું પરણે એ પ્રશ્ન ઉપર બંને ભાઈ વાદે ચડયા. શિવે ચુકાદો આપ્યો, 'તમારામાંથી જે પૃથ્વીની પ્રદક્ષિણા પહેલી પાર પાડે એને પહેલો પરણાવીશું ?

કાર્તિક તો પોતાના વાહન મોરને લઈ એ ઘડીએ જ પૃથ્વીની પ્રદક્ષિણા માટે નીકળી પડયો.

ગણેશ ભેજાબાજ એટલે એણે ચાલાકી કરી. શિવ-પાર્વતીને વચ્ચે બેસાડી એમની જ પ્રદક્ષિણા કરી અને કહી દીધું 'માતપિતાની પ્રદક્ષિણા અડસઠ જાત્રાની બરાબર છે. મારી પૃથ્વીપ્રદક્ષિણા વહેલી પૂરી થઈ. શિવપાર્વતીને ગણેશની દલીલ માન્ય કરવી પડી. કાર્તિક તો હજુ દેશ-દેશાંતર ફરતો કેટલેય દૂર હતો.

શિવપાર્વતીએ ગણેશનાં લગ્ન લીધાં, સિદ્ધિ અને બુદ્ધિ નામની કન્યાઓ સાથે ધામધૂમથી લગ્ન કર્યા.

કાર્તિકસ્વામી પૃથ્વીપ્રદક્ષિણા પતાવી ઘર તરફ આવી રહ્યા હતા. ત્યાં રસ્તામાં જ કલહપ્રિય ભક્તરાજ નારદ મળી ગયા. એમણે સમાચાર આપી દીધા, 'કુમાર ! હવે ઘેર પાછા જવાનો અર્થ નથી. તમારાં માતાપિતાએ તમને અન્યાય કરી ગણેશને પ્રથમ પરણાવી દીધા છે. એટલું જ નહિ અત્યારે તો ક્ષેમ અને લાભ નામના બે પુત્રોના પિતા પણ બન્યા છે.'

કાર્તિકને માઠું લાગ્યું ને એમણે દક્ષિણ દિશાની વાટ લીધી.

નારદે પાછા શિવપાર્વતી પાસે પહોંચી જઈ કાર્તિક રિસાયાની જાણ કરી. એટલે શિવ અને પાર્વતી બંને ધસમસતાં પુત્ર કાર્તિકને મનાવવા સંચર્યા. પણ કાર્તિક ન માન્યા અને કાયમને માટે કૃષ્ણા નદીને કિનારે શૈલિ પર્વત ઉપર જ રહી પડયા.

દક્ષિણ ભારતમાં આજે પણ કાર્તિકેય સ્કંદ કે સુબ્રહ્મણ્ય નામથી મોટા પાયે દક્ષિણવાસીઓ દ્વારા દેવકુમાર તરીકે પૂજાય છે.

**રતિલાલ સાં. નાયક**
**૨૩, રચના સોસાયટી,**
**સેટેલાઈટ રોડ, અમદાવાદ-૧૫.**

## ગણેશજીના આઠ મુખ્ય અવતારો અને કાર્યો

ભારતીય સંસ્કૃતિમાં શ્રી ગણેશજીનું સ્થાન અદ્વિતીય છે. બધાં કાર્યો નિર્વિઘ્ને પૂરાં કરવામાં તથા સંકટ દૂર કરવામાં એમની ઉપાસના અનિવાર્ય મનાઈ છે. મુદ્‌ગલપુરાણમાં તેમના વિવિધ અવતારો વિષે સુંદર માહિતી અપાઈ છે. તેમાંથી અહી મુખ્ય આઠ અવતારો અને કાર્યો વિષે માહિતી આપી છે.

(૧) વક્રતુંડ ગણપતિ-એમનું વાહન સિંહ છે. અને તેમણે મત્સરાસુરનો વિનાશ કર્યો છે.

(૨) એકદંત ગણપતિ-એમનું વાહન ઉંદરનું છે. અને તેમણે મદાસુરનો વિનાશ કર્યો છે.

(૩) મહોદર ગણપતિ-એમનું વાહન ઉંદરનું છે. અને તે જ્ઞાન દાતા ગણાવ્યા છે. તેમણે મોહાસુરનો નાશ કર્યો છે.

(૪) ગજાનન ગણપતિ - તેમનું વાહન ઉંદરનું છે. તેમણે સાંખ્યવાદીઓને સિદ્ધિ આપી છે અને લોભાસુરનો નાશ

કર્યો છે.

(૫) લંબોદર ગણપતિ - તેમનું વાહન ઉંદર છે. અને તેમણે ક્રોધાસુરનો નાશ કર્યો છે.

(૬) વિકટ ગણપતિ - તેમનું વાહન મોર છે. અને તેમણે કામાસુરનો નાશ કર્યો છે.

(૭) વિઘ્નરાજ ગણપતિ -તેમનું વાહન શેષ છે અને તેમણે મમાસુરનો નાશ કર્યો છે.

(૮) ધૂમ્રવર્ણ ગણપતિ-તેમનું વાહન ઉંદર છે. અને તેમણે અહંતાસુરનો નાશ કર્યો છે.

ઉપરનાં આઠેય સ્વરૂપો વિષે ઊંડો વિચાર કરીએ તો મનુષ્યને નડતા અંતઃ શત્રુઓ જ ઉપાસના માર્ગમાં દુશ્મનો જ બહારના દુશ્મનો કરતાં સાધકને વધુ પજવણી કરે છે. અને સફળ થવા દેતા નથી. માટે જ કહેવાયું છે કે સાધક જ્યારે અંતર્મુખ બને મતલબ કે પોતાની ખામીઓ વિષે સમાન પણે વિચાર કરે ત્યારે જ સાધના માર્ગનાં રહસ્યો ધીરે ધીરે ખુલ્લાં થાય. આમ ગણપતિની ઉપાસના આત્મપરીક્ષણ માટે અને ગંભીર રહસ્યોના ઉદ્દઘાટન માટે અનિવાર્ય છે.

## ૐ ગણપતિ આહ્‌વાન અને સંકષ્ટ નાશન ગણેશસ્તોત્ર

(મુદ્‌ગલપુરાણ)

**સંકલનકર્તા અને અનુવાદક -**

**પ્રા. ડૉ. નરેન્દ્રભાઇ મહેતા, હાંસાશેરી, કડી.**

હરિ : ૐ ।। ગણાનાન્ત્વા ગણપતિ ગૂંહવામહેપ્રિયાણાન્ત્વા પ્રિયપતિ ગૂંહવામહે નિધીનાન્ત્વા નિધિપતિગૂં હવા મહે વ્સોમમ । આહમ જાનિગર્ભધમાત્ત્વમજાસિ ગર્ભ ધમ્ ।।

હે જન સમૂહોના પાલક-સર્વ પદાર્થોના સ્વામિ ! અમે તમારું આહ્‌વાન કરીએ છીએ. હે સર્વ વહાલાં પ્રાણીઓનું રક્ષણ કરનાર - સર્વપ્રિય (મનગમતા) પદાર્થ આપનાર - સર્વ ઈષ્ટ - મિત્ર-સંબંધીઓના રક્ષક, હે પ્રભુ ! દેવોના અગ્રણી ! તમને અમે આમંત્રીએ છીએ સર્વનિધિઓ-સિદ્ધિઓના અધિપતિ ! અમે તમને પધારવા વિનવીએ છીએ. હે સર્વ વ્યાપક ઈશ્વર । અમારી મધ્યે નિવાસ કરો - અમારું રક્ષણ કરો. આપે અમારું ગર્ભમાં રક્ષણ કરી અમને સુખ રૂપ જન્મ આપ્યો છે, પરંતુ આપ જાતે તો અજન્મા - અનાદિ છો અને સર્વના ઉત્પન્ન કરનાર છો.

હરિ : ૐ

ગણો તણા શ્રેષ્ઠ પતિ ગણેશ !
આવાહિએ પ્રિયતણા પ્રિયેશ !
નિધિપતિ, નાથ ! નિધિ સ્વરૂપ,
સત્કારિએ ગર્ભજ, હે અગર્ભ !

श्री गणेशाय नमः ।। नारद उवाच ।।

શ્રી ગણેશને નમસ્કાર ! નારદ મુનિ બોલ્યા

प्रणम्य शिरसादेवं गौरी पुत्रं विनायकम् ।
भक्तावासं स्मरेन्नित्यमायुः कामार्थ सिद्धये ।। १ ।।

ભક્તો વચ્ચે આવાસ કરનારા દેવ - ગૌરી પુત્ર વિનાયક ને મસ્તક વડે પ્રણામ કરીને આયુષ્ય કામ અને અર્થની સિદ્ધિને માટે તેમનું (વિનાયકનું) સર્વ પ્રથમ સ્મરણ કરવું જોઇએ ।। ૧ ।।

प्रथमं वक्रतुण्डं च एकदंतं द्वितीयकम् ।
तृतीयं कृष्णपिंगाक्षं गजवक्त्रं चतुर्थकम् ।। २ ।।

ગૌરી પુત્ર વિનાયકનું પ્રથમ નામ વક્રતુણ્ડ, બીજુંનામ એક દંત, ત્રીજું નામ કૃષ્ણ પિંગાક્ષ અને ચોથું નામ ગજવક્ત્ર છે. ।। ૨ ।।

लम्बोदरं पंचमं च षष्ठं विकटमेव च ।
सप्तमं विघ्न राजं च धूम्रवर्ण तथाऽष्टकम् ।। ३ ।।

પાંચમું નામ લંબોદર, છઠ્ઠું વિકટ, સાતમું વિઘ્નરાજ અને આઠમું નામ ધૂમ્રવર્ણ છે. ।। ૩ ।।

नवमं भालचन्द्रं च दशमं तु विनायकम् ।
एकादशं गणपतिं च द्वादशं तु गजाननम् ।। ४ ।।

નવમું નામ ભાલચંદ્ર, દશમું નામ વિનાયક, અગિયારમું નામ ગણપતિ અને બારમું નામ ગજાનન છે.

द्वादशैतानि नामानि त्रिसंध्यं यः पठेन्नर ।

न च विघ्नभयं तस्य सर्वसिद्धिकरं परम् ।।५।।

(ઉપર કહ્યા તે) આ બારે નામો જે મનુષ્ય ત્રણે સંધ્યા (પ્રાતઃ મધ્યાહ્ન અને સાયં) કાળે પાઠ કરે છે તેને વિઘ્નનો ભય રહેતો નથી અને દરેક પ્રકારની શ્રેષ્ઠ સિદ્ધિઓને આપનાર બને છે. (આના મો) બને છે. ॥ ૫ ॥

विद्यार्थीलभते विद्यां धनार्थी लभते धनम् ।

पुत्रार्थी लभते पुत्रान्मोक्षार्थी लभते गतिम् ।। ६ ।।

આ બાર નામોનો પાઠ કરનાર વિદ્યાર્થી વિદ્યાને પ્રાપ્ત કરે છે, ધનની ઈચ્છા વાળો ધન મેળવે છે. પુત્રની ઝંખના વાળો પુત્રો પ્રાપ્ત કરે છે અને મોક્ષની ઈચ્છા વાળો મોક્ષ ગતિને પામે છે. ॥ ૬ ॥

जपन् गणपति स्त्रोतं षड्गिर्मासैः फलं लभेत् ।

संवत्सरेण सिदिर्च लभते नात्र संशयः ।। ७ ।।

છ મહિના સુધી આ ગણપતિ સ્ત્રોતનો પાઠ કરનાર (પોતાની ઈચ્છાનુસાર) ફળને પ્રાપ્ત કરે છે અને એક વર્ષ સુધી પાઠકરનાર સિદ્ધિને મેળવે છે. એમાં કોઈ સંશય નથી ॥ ૭ ॥

अष्टानां ब्राह्मणानां च लिखित्वा यः समर्पयेत् ।

तस्य विद्या भवेत् सर्वा गणेशस्य प्रसादतः ।। ८ ।।

જે વ્યક્તિ આ સ્તોત્ર લખીને આઠ બ્રાહ્મણોને આપે છે તેને ગણેશની પ્રસન્નતા થી સર્વ પ્રકારની વિદ્યાઓ પ્રાપ્ત થાય છે. ॥ ૮ ॥

इति श्री नारद पुराणे संकष्टनाशनं गणेशस्तोत्रम् ।

## શ્રી ગણેશ સ્વરૂપ દર્શન રહસ્ય

॥ શ્રી : ॥

**શ્રી ગણેશાય નમઃ ॥**

### એકદન્ત :

ગણેશજી એક દન્તઃ કહેવાય છે. એમને જમણો દાંતજ છે. પુરાણોમાં એમના ડાબા દાંતની તૂટવાની કથા મળે છે. ગણેશજીને ભગ્નવામ રદ : ડાબો દાંત તૂટેલો છે એવા કહ્યા છે.

"એક" શબ્દ અહીં માયાનો બોધક છે. તથા "દન્તઃ" શબ્દ સત્તાધારક માયાને ચલાવનાર બ્રહ્મનો દ્યોતક છે. તેથી આ નામથી સ્પષ્ટ થાય છે કે ગણપતિ સૃષ્ટિ માટે માયાને પ્રેરણા કરનાર સમસ્ત સત્તાના આધારભૂતં પરબ્રહ્મ છે.

### વક્રતુંડ :

ગણેશનું બીજું નામ 'વક્રતુંડ' છે. આત્મા આ જગતથી સર્વથા ભિન્ન છે. અલગ છે. ટેઢો છે. તેથી અહીં 'વક્ર' શબ્દથી વાણીહીન, ચૈતન્ય આત્માનો બોધ થાય છે. આત્મા ગણેશજીનું મુખ છે. મસ્તક છે. ગજાનનના કંઠ નીચેનો ભાગ જગત છે. અને ઉપરનો અંશ આત્મા છે.

### ગણેશજીની ચાર ભુજાઓ :

ગણેશજીની ચાર ભુજાઓ ભિન્ન ભિન્ન લોકોના જીવોની રક્ષા અભયદાન આપીને કર્યા કરે છે. એક ભૂજા સ્વર્ગના દેવતાઓની રક્ષા કરે છે. બીજી ભુજા પૃથ્વી તલના માનવોની રક્ષા કરે છે. ત્રીજી ભૂજા અસુરોની રક્ષા કરે છે. અને ચોથી ભુજા નાગલોકોની રક્ષા કરે છે.

ચાર ભુજાઓમાં ચાર ચીજો :

ગણેશજીની ચાર ભૂજાઓમાં પોતાના ભક્તોના કલ્યાણ માટે ચાર ચીજો ધારણ કરી રાખી છે. પાશ, અંકુશ, રદ અને વર

પાશ મોહ નાશક છે. ભક્તોનો મોહ હટાવવા રાખ્યો છે. અંકુશનું કામ નિયંત્રણ કરવાનું છે. 'રદ' (દાંત) દુષ્ટનાશક છે. તે સઘળા શત્રુઓનો વિનાશ કરનાર છે. 'વર' ભક્તોને અભીષ્ટ પૂરક બ્રહ્મનું રૂપ છે.

### લંબોદર :

આદિમાં જગતના સષ્ટા તથા અંતકાલમાં સઘળા વિશ્વને પોતાના ઉદરમાં વાસ કરાવનાર - પ્રતિષ્ઠિત કરાવનાર જગતના ચાલક ગણેશનું લંબોદર હોવું ઉપયુક્ત છે.

સૂર્પકર્ણ :

જ્યાં સુધી ધાન ભૂસા સાથે ભળેલું હોય છે. ત્યાં સુધી તે મેલું હોય છે. સૂપડાથી ઝાટકવાથી ધાનમાંથી ભૂસું જુદુ પડે છે. અને અસલી રૂપનું દર્શન થાય છે. ધાન ભૂસાથી અલગ થવાથી ચમકવા લાગે છે. શુદ્ધરૂપને પામે છે. એ રીતે સદ્દગુરુના મુખથી નીકળેલું ગણેશનામ કાન દ્વારા મનુષ્યના હૃદયમાં પ્રવેશ કરીને સૂપડાની જેમ

પાપ-પુણ્યને અલગ કરી દે છે. તથા ભગવાન 'સૂર્યકર્ણ' (સૂપડા જેવા કાનવાળા)ની ઉપાસના માયાને બિલકુલ હટાવીને ચૈતન્ય બ્રહ્મની પ્રાપ્તિ કરાવે છે.

**મૂષક વાહન - મૂષક ધ્વજ**

મૂષક-ઉંદર સામેની વસ્તુને કાપી નાખે છે. જે વસ્તુએની સામે રાખીએ તો એના અંગ પ્રત્યંગનું વિશ્લેષણ કરી દે છે. મિમાંસા કરે છે. વિશ્લેષણ કારિણી બુદ્ધિ (નિશ્ચયાત્મક બુદ્ધિના) દેવ છે. તેથી જે તાર્કિક બુદ્ધિ દ્વારા વસ્તુ તત્ત્વનો પરિચય પ્રાપ્ત થાય છે. ગણેશજી બુદ્ધિના દેવ છે. તેથી જે તાર્કિક બુદ્ધિ દ્વારા વસ્તુ તત્ત્વનો પરિચય પ્રાપ્ત કરી શકાય છે. તથા સાર અથવા અસાર અંશને પૃથક કરે છે. તેથી મૂષકને વાહન બનાવ્યું છે. તે અત્યંત ઔચિત્યપૂણ છે.

ઈશ્વર સર્વના અંતઃ કરણમાં હૃદયમાં વસી ભોગ ભોગવે છે. - પણ મનુષ્ય અહંકાર વશ થઈ એમ સમજે છે કે હું ભોગ ભોગવું છું ઈશ્વરની જેમ મૂષક ઉદરની કાર્યપદ્ધતિ પણ એવી જછે. ઉંદર ઘરમાં - ઘરની ભીતર રહી ઘરની વસ્તુઓ ભોગવે છે. પણ માલિકને એનું દર્શન થતું નથી.

આ રીતે મૂષકરૂપે ઈશ્વરનો સંકેત છે. પૂરાણોમાં ગણેશની સેવા કરવા ઈશ્વર-મૂષકરૂપ બની ગયાની કથા પણ મળે છે. પરબ્રહ્મ ગણેશ સેવાર્થે -ઈશ્વરસેવાર્થે વાહનરૂપ ઉંદર સ્વીકાર કરવાની કથા આંધ્યાત્મિક દૃષ્ટિથી પણ ઉપર્યુક્ત છે.

ગણેશજી ચિન્મય છે. આનંદમય છે. બ્રહ્મમય છે. સચ્ચિદાનંદ સ્વરૂપ છે. એમનાથી ગતની ઉત્પત્તિ થાય છે. એમનાથી જગતની સ્થિતિ છે. અંતમાં એમનામાં આ વિશ્વનો લય થઈ જાય છે. આવા પરમાત્માનો સકલ શુભ કાર્યોમાં આરંભમાં સ્મરણ તથા પૂજન કરવું સર્વથા ઉપર્યુક્ત જ છે. શ્રી ગણેશની મૂર્તિ સાક્ષાત્ ૐ જેવીજ માલૂમ પડે છે. શાસ્ત્રોમાં પણ ગણેશજી ૐ કારાત્મક માનવામાં આવ્યા છે.

ૐકાર હોવાના કારણે ગણેશજીને સર્વ દેવતાઓમાં પ્રથમ પૂજન અને સત્કાર યોગ્ય જ છે.

સંપૂર્ણ જગતના પરમ તત્ત્વનેજ 'ગણપતિ તત્ત્વ' કહેવાય છે.

★★

## ગણ-અધિનાયક ગણેશ

"સર્વદેવોમાં તારું જ પૂજન પ્રથમ થશે. જે કોઈ તને પૂજશે તેનાં તમામ કષ્ટ દૂર થશે. પાર્વતીએ પુત્રને આશીર્વાદ આપ્યા છે.

શિવે ગણેશને પોતાના ખોળામાં લઈ શિર પર હાથ ફેરવી આશિષ આપ્યા છે." તું મારો બીજો પુત્ર છે. સર્વ દેવોની"ઉપસ્થિતિમાં શિવે કહ્યું છે" લોકોએ પ્રથમ પૂજન ગણેશનું કરવાનું એ પછી જ અમારું પૂજન કરવાનું. આ કથનને કોઈ ઉથાપશે અને માત્ર અમારું જ પૂજન કરશે અને ગણેશનું પૂજન નહી કરશે તો તેને કોઈ ફળ પ્રાપ્ત થશે નહિ.. દેવોએ 'તથાસ્તુ' કહ્યું છે.

શિવે પોતાનાં વચનનું પાલન કરીને સર્વ પ્રથમ ગણેશનું પૂજન કર્યું. શિવે પૂજન કર્યું એટલે બ્રહ્માએ વિષ્ણુએ પણ ગજેશ પૂજન કર્યુ. આમ સર્વ દેવોએ ગણેશને આરાધ્યા. શિવે કહ્યું। જેઓ તમારું વ્રત કરશે તેમને ઘેર મંગલ વરતાશે. પાર્વતી પુત્રની આ સિદ્ધિ જોઈ પ્રસન્ન થયાં. ભગવાન શંકરે તેમને ગણોના આધિનાયક તરીકે સ્થાપ્યા. આંશીર્વાદ આપ્યા. માતાએ પણ પુત્રને આશિષ આપી.

ગણ આધિનાયક ગજાનન ગણપતિદાદાનો જય હો, જય હો, જય હો.

મોકલનારને આ દિવ્ય દૃષ્ટાંત કંઈક પ્રકાશ આપી જાય છે. "માતૃ-પિતૃભક્ત-સાચું તીર્થ માતા પિતાને સમજનાર અને સમજાવનાર ગણેશજીને "હાર્દિક વંદન" વિશ્વરૂપની બે દેવાંગી કન્યાઓ સિદ્ધિ અને બુદ્ધિની સાથે ગણેશજીના લગ્ન થયા.

**સાચું તીર્થ માતા પિતા**

કાર્તિકેય અને ગણેશનાં લગ્નનો પ્રશ્ન છે. પ્રથમ કોને પરણાવવો અને લગ્ન કેવી રીતે કરવાં ? એમણે એક યુક્તિ કરી કે જે પુત્ર આખી પૃથ્વીની પ્રદક્ષિણા કરી સર્વ પ્રથમ આવે તેને પહેલો પરણાવી દેવો. બંને એને આ નિર્ણય કબૂલ હતો.

તરત જ કાર્તિકેય પૃથ્વી પ્રદક્ષિણા કરવામાં વર્ષોનાં વર્ષો વીતી જાય. ગણેશજીતો બુદ્ધિના દેવ છે. ચતુર છે. તેમણે યુક્તિ શોધી કાઢી. માતાપિતાને બોલાવી લાવ્યા અને કહ્યું" આપ બન્ને મારા તીર્થરૂપ છો. અહીં આ પાટલા પર બેસો.

● ગણેશે બંનેની પૂજા કરી તેમની પ્રદક્ષિણા કરી અને સાષ્ટાંગ પ્રણામ કર્યા. બોલ્યા વેદ અને ધર્મશાસ્ત્રનું પણ કથન છે કે માતાપિતા તીર્થરૂપ છે. તેમની જે પ્રદક્ષિણા કરે છે તેને પૃથ્વીની પ્રદક્ષિણા કર્યાનું પુણય પ્રાપ્ત થાય છે. જે માતાપિતાને ત્યજી પૃથ્વીપરિક્રમા કરવા નીકળી પડે છે તેને એનું પુણ્ય મળતું જ નથી. શિવપાર્વતીને ખૂબ જ આનંદ થયો. પ્રથમ લગ્ન ગણેશનાં કર્યા ગણેશે વેદના સિદ્ધાંત "માતૃદેવો ભવ" "પિતૃ દેવો ભવનું પાલન કર્યુ છે, ઘરડાંના ઘરે માતા-પિતાને સિદ્ધિથી 'ક્ષેમ' અને બુદ્ધિથી લાભ' એમ બે પુત્રો થયા.

### ગણેશનું વેદાધ્યયન

ગણેશ આઠ વર્ષના થયા. હવે વેદોનું અધ્યયન શરૂ કર્યુ. યજુર્વેદ અને ઋગ્વેદનું અધ્યયન પૂર્ણ કર્યું. સામવેદ શીખવા માંડયો અને તે પૂર્ણ થતાં જ અથર્વવેદનો આરંભ કર્યો આમ જ્યારે ચારે વેદોનું શિક્ષણ પૂરું થયું ત્યારે ગણેશ વિદ્યાના પ્રતાપથી ઝળહળવા લાગ્યા.

### ગણેશ મયૂરેશ થયા.

શિખંડીએ કહ્યું : દેવ ! મને પણ કંઈ વરદાન આપો. ગણેશે પૂછ્યું, "તારે શી ઇચ્છા છે ?"

કહ્યું હું મારા નામની પ્રસિદ્ધિ ઈચ્છુ છું" મારા નામ સાથે આપનું નામ જોડાય તેવી મારી કામના છે. ગણેશે કહ્યું, 'તથાસ્તુ'

અને એજ દિવસથી ગણેશ 'મયૂરેશ' નામથી પ્રસિદ્ધ થયા.

### પરાશર મુનિએ ગણેશને ગણેશ વિદ્યા શીખવી

પાર્વતીનું બાળક હાથીની મુખાકૃતિવાળું અને વિચિત્ર હતુ. પાર્વતીએ આવા બાળકથી દુઃખ થયું. શંકર એ બાળકને વરેણ્ય નામના એક નિઃસંતાન રાજવીના રાજ્યમાં લઈ આવ્યા.

આજ સમયે રાજાની એક રાણીએ પ્રસવ કર્યો. રાણી અચેતન હતી તે જ વખતે એક રાક્ષસ એ બાળકને હરી ગયો. બરાબર આ જ સમયે શિવે પાર્વતીના બેડોળ પુત્રને રાણીની સોડમાં મૂકી દીધો રાણી મૂર્છામાંથી જાગી અને બાળકના તરફ દૃષ્ટિ કરી તો એ ચોંકી ગઈ. બાળકનું બેડોળ સ્વરૂપ જોઈ તેને મહાદુઃખ થયું તેણે રાજાને વાંઝણી રહું. આપ તેને ગમે ત્યાં ફેંકી આવો.'

રાજાએ બાળકને લીધું અને ચૂપચાપ જઈ પરાશર મુનિના આશ્રમમાં મૂકી દીધું.

મુનિ સમાધિ લેવા વનમાં ગયા હતા ત્યાં તેમણે બાળકનું રૂદન સાંભળ્યું જોયું તો તરતનું જ જન્મેલું બાળક દેખાયું. મુનિએ તેને ઉચકી લીધું, તેને પાળ્યું-પોષ્યું અને નામ રાખ્યું ગણેશ. અહીં રહી ગણેશ વિદ્યા અને શસ્ત્રકુશળતા પ્રાપ્ત કરી.

### ચાર યુગ-ચાર અવતાર

ગણેશપુરાણ અનુસાર ગણેશે જુદા જુદા સમયે જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે ત્યારે અવતારો લીધા છે.

સત્યયુગમાં કશ્યપના પુત્ર તરીકે જન્મ્યા. અને સિંહનું તેમણે વાહન કર્યુ.

ત્રેતાયુગમાં ગણેશ તરીકે જન્મ લીધો અને મયૂરેશ્વર-મયૂરેશના નામથી પ્રસિદ્ધ થયા. મયૂર તેમનું વાહન થયું.

દ્વાપરમાં શિવપુત્ર તરીકે અવતાર લઈ ગજાનન નામ ધારણ કર્યુ અને સિંદૂરાસુરને માર્યો અને વરેણ્ય રાજાને 'ગણેશગીતા' કહી સંભળાવી.

ચોથા યુગમાં એટલે કલિયુગમાં અશ્વ ઉપર બેસનારા ધુમકેતુ તરીકે અવતાર લઈને તેઓ મ્લેચ્છનો નાશ કરશે.

ગણેશ પુરાણમાં જણાવ્યા પ્રમાણે આ ત્રણ અવતારો થઇ ગયા છે. ચોથો અવતાર હજુ બાકી છે.

### પાર્વતીના શકિત પ્રતીક સ્વરૂપે શ્રી ગણેશ

મહા ગણપતિ સ્વયં જગદંબાના શ્રી અંગમાંથી ઉત્પન્ન થયા છે. મા એ પોતાનો દેહ મસળ્યો. મેલ નીકળ્યો અને એમાંથી જ એક સુંદર યુવાન બની ગયો. યુવાન તેજસ્વી સશક્ત અને પરાક્રમી હતો. એમની આંખોનું તેજ અદ્ભુત હતું. મા પાર્વતીએ પોતાનો આવાસ સાચવવા મહેલનો દ્વારપાળ નિયુક્ત કર્યો છે. નામાભિધાન ગણેશ રાખ્યું. અપ્રતિમ ઝળહળી રહ્યા હતા. પુત્રના હાથમાં આયુષ્ય માટે એક મજબૂત યષ્ટિકા (દંડો) આપી.

ગણેશતો એકજ વાત સમજેલા. માતાની આજ્ઞા એજ આજ્ઞા. ગણેશ માતૃભક્ત છે. ગણેશ નિર્ભિક છે, યુદ્ધમાં મહાચતુર ! શિવનું પ્રતીક શિવના હજારો ગણો હજારોની સંખ્યામાં હતા. છતાં હારી ગયા. ગણેશની પ્રચંડશક્તિને અપૂર્વ અતુલ સામર્થ્ય અને હિંમતમાં પાર્વતીનું પીઠબળ હતું.

માતાએ જ પોતાનો પુત્રમાં બળ ઉત્પન્ન કરાવી તેને વિજય વરાવ્યો હતો. પાર્વતીના શક્તિના પ્રતીક તરીકે

ગણેશ હતા. આ વિજય હતો ગણેશનો પણ ખરી રીતે તો તેને શિવની સામેનો પાર્વતીનો જ વિજય કહી શકાય. તેમનામાં મહાદેવીનું બળ પ્રવેશ્યું હતું.

ગણેશના પરમ ઉપાસક ભુશુંડિ મુનિ હતા. મુનિ તેજસ્વીતો હતા જ પણ ખૂબ ક્રોધી અને ઉગ્ર પણ ખરા. તેમના તપની ઉગ્રતાથી એમના ભ્રૂમધ્યમાંથી શૂંઢ નીકળી હતી અને આથી જ આ મુનિ ભુશુંડિ નામથી ઓળખાતા હતા.

**શ્રી ગણેશ ઉપાસના**

ઘણા પ્રાચીન કાળથી પરબ્રહ્મનું શ્રી ગણેશ સ્વરૂપે આરાધન થતું આવ્યું છે અને અનંતકાળ પર્યન્ત આરાધન થયા કરશે. ગણેશ ઉપાસનામાં દર્ભાસનને મુખ્ય માનેલું છે.

ભગવાનને સિંદુર આદિ સૌભાગ્ય દ્રવ્ય ચઢાવવાં, ગુગળનો ધૂપ કરવો.

પ્રવાળ (પરવાળા)ની માળાથી જપ કરવા. પ્રવાળ ન હોય તો રૂદ્રાક્ષની માળા લેવી પૂજા સામગ્રીને ગણેશ ગાયત્રીથી પ્રોક્ષણ કરી શુદ્ધ કરી લેવાનાં હોય છે.

મુદ્દ્ગલપુરાણોક્ત શમી (ખીજડો) અને મંદાર (શ્વેતાર્ક ધોળા આકડા) ની પુષ્પ માળાથી પૂજન ૧૦૮ નામનું સ્મરણ ગકારાદિ ગણેશ સહસ્ર નામ સ્તોત્ર છે. નામોનો યથાર્થ અર્થ જાણવાથી માણસે પ્રત્યેગ આદર વધે. ગણપતિ સૂક્તથી ગણપતિને પ્રસન્ન કરવાથી દેવતારાધનામાં વિઘ્ન આવતાં નથી. નિદ્રા, આલસ્ય, ક્ષુધા. ક્રોધ, લોભ, મોહ, કામવિકાર, પ્રમાદ, રોગ આદિ વિઘ્નો મંત્રારાધન કરતાં થાય છે. તેમની નિવૃત્તિ માટે ગણેશારાધન પ્રથમ કરવું જોઈએ.

**મદગલ પુરાણોક્ત ગણેશ હૃદય સ્તોત્ર**

આ સ્તોત્ર ઘણું જ મહત્ત્વનું છે. તેના શ્લોક ૧૫ થી ૧૯માં શ્રી ગણેશનાં એકવીસ નામ કહી શ્લોક ૨૦ થી ૪૧ સુધીમાં તેમની સુંદર વેદાન્તની રીતિથી વ્યાખ્યા કરેલી છે. ત્યાર પછી શ્લોક ૪૩ થી ૫૪ સુધીમાં તેને સિદ્ધ કરવાની વિધિ બનાવેલી છે. અને પાછળ જતાં ફલ શ્રુતિ બનાવેલી છે. એકવીસ દિવસ પર્યન્ત દરરોજ એકવીશ વખત આ સ્તોત્રનો પાઠ કરવાથી તે ફળ આપનારું બને છે.

**કળિયુગમાં દેવી અને ગણપતિ**

**कलौचण्डी विनायको**

**ગણપતિ દેવોપારાના**

માણસની વિચારશક્તિ બુદ્ધિ શક્તિ તેમજ સારાસાર વિવેકની બુદ્ધિ તીવ્ર બનતી જાય છે, ઉન્નતિના માર્ગે પ્રગતિ કરતો જાય છે. આમ છતાં કોઈ કોઈ વાર જો પ્રગતિ રુંધાય તો અને બુદ્ધિગમ્ય માર્ગ ન જડે તો દેવતાઓનું શરણું શોધે છે. દેવતાઓજ સહાય કરે છે. બુદ્ધિ જેની દાસી છે તેવા ગણપતિ મહારાજનું શરણું લેવું તે વધુ યોગ્ય છે કારણ કે બુદ્ધિના અધિષ્ઠાતા દેવ કુંઠિત થયેલી બુદ્ધિને હંમેશા યોગ્ય માર્ગે દોરે છે.

ઉપાસના ચિત્ત શુદ્ધિ માટે કરવી. દેવને વશકરવા, પોતાનું ધાર્યું કામ કરાવવા ઉપાસના કરવી એ ઈષ્ટ નથી. ઉપાસનામાં અતિ શુદ્ધ પવિત્ર રહી પૂર્ણ વિધિસર શુદ્ધ હૃદયથી ઉપાસના કરવી. પૂર્ણ શ્રદ્ધા અને પવિત્રતા જોઈએ. જો કોઈ ઉપાસકને યોજવામાં આવે તો તે કર્મનિષ્ઠ પવિત્ર જોઈએ. ડંખીલા હોય કે સ્વાર્થી, પ્રપંચી હોય તે ઈષ્ટ નથી.

★★★

## શ્રી ગણેશ પ્રાગટ્ય

**શંકરલાલ મણીલાલ નાયક - કડી**

શિવપુરાણની સાત સંહિતાઓ છે. જેમાં રૂદ્રસંહિતા ઘણી જ રહસ્યમય છે. લોકો કહે છે કે ગણપતિ શિવ પાર્વતીના પુત્ર છે. પરંતુ શાસ્ત્રોમાં જણાવ્યા મુજબ કોઈ દેવદેવી પુત્ર કે પુત્રીનો જન્મ આપ્યો હોય તેવી કોઈ કથા કે પ્રસંગ આજદીન સુધી એટલે કે આદિ અનાદીથી જોવા મળ્યો નથી. કેવળ ઋષિમુનિઓ અને સાધુ-સંતોના સ્વમુખે સાંભળવા મળ્યો છે. તેવી જ રીતે ગણેશની ઉત્પત્તિ કથા આ પ્રમાણે છે.....

ભગવાન શિવજીનો મા પાર્વતી સાથેનો વિવાહ થયો ત્યારે ગણપતિનું સ્થાપન કરવાની જરૂર પડશે તે સમયે નારદજીએ શિવજીને કહ્યું પ્રભુ ગણેશજીને હિમાલયને ત્યાં મોકલો ત્યારે શિવજીએ પોતાના માનસમાંથી ગણને પ્રગટ કર્યો તે સાથે એક પુત્રી પણ પ્રગટ થઈ. આ બંનેના નામો મહાદેવજીએ પોતાના મનની ઈચ્છાથી પ્રગટ કર્યા એટલે નામ પણ પોતે જ આપ્યાં. ગણને પ્રગટ કરી હિમાલયને ત્યાં મોકલ્યો તેનું નામ ગણપતિ રાખ્યું તે આદ્ય ગણપતિ કહેવાયા. અને પુત્રી પણ માનસમાંથી પ્રગટ થઈ હતી. તેને મનંસા (મન્છા) દેવી એવું નામ આપ્યું અને પોતાની પાસે રાખી. જ્યારે

શિવપાર્વતીના વિવાહ થયા ત્યારે હિમાલય અને મેના ને ત્યાં ગણેશને ઘી ગોળના બાજટે બેસાડયા અને તેની પુજા થઈ તે આ બંનેના લગ્નના સાક્ષી બન્યા. જ્યારે મનસાદેવી ભગવાન શિવથી નારાજ થઈ પ્રતિમા બની ગઈ. આવી એક ગુઢ રહસ્યમય કથા છે. અને ત્યાર પછી શિવપાર્વતી પોતાને ઘેર આવ્યા બાદ ભગવાન શંકર જ્યારે બીજી વતખ તપ કરવા ગયા ત્યારે આધ્ય ગણશે જે પોતાનો માનસ પુત્ર હતો તેને (ગણને) પોતાનામાં સમાવી લીધો. આથી પાર્વતિએ વિચાર્યું કે પોતાની પાસે એક બુધ્ધિમાન અને આજ્ઞાંકિત સેવક હોય તો કેવું સારું ? ત્યારે પાર્વતીએ પોતાના શરીરમાંથી મેલઉતારી એક પુરૂષનું સર્જન કરી તેમાં પ્રાણ પૂર્યા. ગણેશે માતાને વંદન કરી કહ્યું કે, મારે શું કામ કરવાનું છે ? મને આજ્ઞા કરો. તેવી જ રીતે મેલમાંથી એક પુત્રી પ્રગટ કરી અને તેનું નામ ઓખા રાખ્યું. આમ શિવજીએ પાર્વતીની સાથેના લગ્ન પહેલાં પુત્ર અને પુત્ર પ્રગટ કરેલ પુત્ર-પુત્રી પોતાની પાસે રાખ્યાં.

એક દિવસ પાર્વતી સ્નાન કરવા બેઠાં અને બંને બાળકોને દ્વારે બેસાડ્યાં કે હું સ્નાન કરીને આવું નહી ત્યાં સુધી કોઈ ઘરમાં પ્રવેશ ન કરે તેનું તારે ધ્યાન રાખવાનું છે. માતાનો આદેશ માની બંને ભાઈબહેન દ્વારે બેઠાં હતાં તે જોઈ નારદજી ભગવાન શિવજી પાસે પહોંચી ગયા અને યોગ સમાધિમાંથી જાગ્રત થતાં જ નારદજીએ કહ્યું કે, પ્રભુ આપની હાજરી વિના પાર્વતી તો બે છોકરાંની મા બની મઝા કરી રહ્યાં છે. અને આપનો પ્રભુ ભક્તિમાં ઘરબાર અને સંસાર બધુ જ ભૂલી ગયાં છો માટે ઘેર જઈને જુવો તો ખરાં કે આ બધુ દેવાધિદેવને ત્યાં અજુક્તું શું બની રહ્યું છે. કહેવાય છે કે મહાદેવજી ભોળા છે એટલે પાર્વતિ આપના ભોળપણનો લાભ ઉઠાવ્યો છે.

શિવજી ઘેર આવ્યા અને જોયું તો નારદની વાત સાચી લાગી ગુસ્સે થઈ તેમણે ઘરમાં પ્રવેશ કરવાનો વિચાર કર્યો. પણ માની આજ્ઞા શિરોમાન્ય ગણી ગણપતિએ મહાદેવજીને ઘરમાં જવા ન દીધા અને દ્વારે રોકયા ત્યારે મહાદેવજીનું ભયંકર સ્વરૂપ જોઈ ઓખા ત્યાંથી ભાગી અને અગરની કોટડીમાં સંતાઈ ગઈ, મહાદેવજી અને ગણપતિ વચ્ચે ભયંકર યુદ્ધ થયું અને શિવજીએ ત્રિશૂલ મારી માથું કાપી નાખ્યું અને ઘરમાં ગયા. પાર્વતિ કહેવા લાગ્યાં કે તમે આ શું કર્યુ મે તમારૂં સ્મરણ કરી આ પુત્ર પુત્રી અંગના મેલથી પ્રગટ કર્યા હતાં અને આપે પુત્રનો નાશ કર્યો, દેવીનું આકંદ અને માતૃપ્રેમ જોઈ મહાદેવજી એ ગજરાજ એટલે કે હાથીનું માથું કાપી તેથી પાર્વતીએ પોતાની આજ્ઞાના અનાદર બદલ શ્રાપ આપ્યો કે તારી કાયા મીઠા માં ઓગળી જશે અને તારો રાક્ષસ યોનીમાં જન્મ થશે.

આ જોઈ દેવતાઓએ ભેગા થઈ વિધિપૂર્વક ગણેશનો ગણોના આધિપતિ તરીકે અભિષેક કર્યો પછી દેવોએ ભક્તિ પૂર્વક શંકરને પ્રસન્ન કર્યા. પાર્વતીએ પોતાના ખોળામાં ગણેશને બેસાડયા, શિવે આશિર્વાદ આપ્યા, કે આ મારો બીજો પુત્ર છે. ગણેશે ઊભા થઈ માતા પિતાને વંદન કર્યા. ત્યારે શિવજીએ ગણશેને આશીર્વાદ આપ્યા કે, "હે વિનાયક ! તારી પૂજા સિવાય મંગલ કાર્ય અમંગલ બનશે. ત્રિદેવોના પૂજન અર્ચનમાં પ્રથમ તમે પૂજાશો, તમારી અગ્ર પૂજા કર્યા વિના કોઈનું કોઈ કાર્ય સિદ્ધ થશે નહી.

લિંગપુરાણના મત અનુસાર ગણેશનું બાહ્ય સ્વરૂપ પણ બદલાતું રહ્યું છે. સત્યયુગમાં ગણેશને દસ હાથ અને સિંહનું વાહન હતું. ત્રેતાયુગમાં છ હાથ અને મોરનું વાહન, અને દ્વાપર યુગમાં ચહેરો હાથીનો અને ચાર હાથ હતા, અને આખરે કલિયુગમાં બે હાથ અને ગૌરવર્ણ થયો. સત્યયુગ અને ત્રેતાયુગમાં "વિનાયક" અને દ્વાપરયુગ તેમજ કલિયુગમાં "ગજાનન" કહેવાયા.

## ગણનાથ-વિઘ્નેશ

સમગ્ર ભારત વર્ષ એશિયા અને વિશ્વના કેટલાક અન્ય સ્થળોએ એક યા બીજા સ્વરૂપે ગણેશજીની પૂજા થાય છે. ભારતમાં હરકોઈ શુભ કાર્યનો પ્રારંભ ગણેશ પૂજાથી જ થાય છે.

ગણપતિ એટલે ગણોના પતિ. આમ ગણપતિ ગણદેવતા છે. ગણપતિ જનસમુદાયના અધિપતિ દેવતા છે.

ગણપતિ એટલે જ્ઞાન, વિજ્ઞાન, વિવેક અને બુદ્ધિનો સમન્વય. વિઘ્ન હર્તા. કષ્ટભંજક, સુખદાયક ગણપતિ. પ્રારંભિક કાળમાં ગણપતિ દેવતાને આજનાજેવું મહત્ત્વ આપવામાં આવતું ન હતું. આવું મહત્ત્વ તો કાળ ક્રમે ધીમે

ધીમે અસ્તિત્વમાં આવ્યું હતું. ઉચ્ચવર્ગના લોકોને તે સ્વીકાર્ય ન હતા તેમનું વ્યક્તિત્વ વારંવાર બદલાતું રહ્યું છે. પણ ગણોના પતિ તરીકે આ સ્થાન અન્ય કોઈ દેવતાને પ્રાપ્ત થયું નથી. આ જ તેમની આગવી પ્રતિભાનું દર્શન કરાવે છે.

જૂના ધાર્મિક ગ્રંથોમાં ગણપતિ વિઘ્નહર્તા નહિ પરંતુ વિઘ્નોને જન્મ આપનારા દેવતા તરીકે વર્ણવવામાં આવ્યા છે. તેઓ સાક્ષાત કષ્ટમૂર્તિ હતા. કષ્ટભંજક નહિ. મહાભારતમાં અનેક ગણપતિઓને સંદર્ભ આપેલો છે. વિનાયકોના અનેક સંદર્ભો છે પણ ક્યાંય ગણેશ શબ્દ જોવા મળતો નથી. અનેક સૈકાઓ સુધી ગણપતિને અનિષ્ટના જન્મદાતા દેવતા તરીકે નિહાળવામાં આવતા હતા. તેમનું કાર્ય સારા કાર્યોમાં વિઘ્નો ખડા કરવાનું જ હતું. તે માટે જ તેમની નિયુક્તિ કરવામાં આવેલી હતી. કેટલાક ગ્રંથોમાં એવી પણ માહિતી આપેલી છે કે વિનાયકો માનવ જાતના સર્વ પ્રકારના સુખોના વિધ્વંસક દેવતાઓ હતા.

મનુએ ગણપતિને ત્રસ્ત માનવ સમુદાયના આધિપતિ દેવતા તરીકે વર્ણવેલા છે. આ ત્રસ્ત માનવ સમુદાય એટલે શુદ્રો, આમ મનુને ગણપતિ ઉપર ખૂબ જ તિરસ્કાર હતો તેવું લાગે છે. ગણપતિ માટે વિઘ્નકૃત, વિઘ્નેશ, વિઘ્નરાજ અને વિઘ્નેશ્વર એવાં નામોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ બધા જ શબ્દોના અર્થ વિઘ્ન હરનારા નહિ પરંતુ વિઘ્નો લાવનારા દેવતા એવો થાય છે. એક ઠેકાણે તો ચોકખે ચોકખું લખેલું છે કે વિનાયક ગણોના દેવતા બન્યા તેનો એક માત્ર હેતુ મુશ્કેલીઓ અને અડચણો ખડી કરવાનો હતો. એક અન્ય સ્થળે તેમના માટે માત્ર વિઘ્ન એટલે સાક્ષાત મુશીબત એવો શબ્દ પ્રયોગ કરવામાં આવેલો છે.

ઉપરોક્ત વર્ણનોનો વિચાર કરીએ ત્યારે એવું લાગે છે કે ગણપતિનો દેખાવજ એવો છે કે તેમને લોકો આવી નજરે જોવા પ્રેરાય, તેમની સરખામણીમાં વિષ્ણુ, શિવ વગેરેનાં સ્વરૂપો ઘણાં આકર્ષક દેખાય છે.

ધીમે ધીમે સમય જતાં ગણેશજીનું નકારાત્મક સ્વરૂપ હકારાત્મક બનતું ચાલ્યું અને એક તબક્કે તેઓ વિઘ્નમાંથી વિઘ્નહર્તા બની ગયા.

આપણે એવું અનુમાન કરી શકીએ કે, લોકનાયક કેટલી મુશ્કેલીઓ ખડી કરી શકે છે. તેનો સમાજના શાસકકર્તાને ખ્યાલ આવી ગયો હશે. અને તેમણે છેવટે તેમનો લોક નેતા તરીકે આદરપૂર્વક સ્વીકાર કરી લીધો હશે. કેમકે તે સિવાય બીજો કોઈ છૂટકો જ ન હતો.

લોકનેતા સાથે સહકાર સાધ્યા વગર સમાજની પ્રગતિને ટકાવી રાખવી મુશ્કેલ બની ગઈ હતી.

એક સમય એવો પણ હતો જ્યારે અન્ય દેવતાઓના પગ તળે ગણપતિને કચડાતા દેખાડવામાં આવેલા છે. આ એક પ્રતિકારાત્મક શેષ છે. કેટલાંય શિલ્પોમાં આવું દૃશ્ય જોવા મળે છે. પણ એજ ગણપતિને છેવટે ઉચ્ચસ્થાને બેસાડવાની ફરજ પડી અને ગણપતિની નિંદાના સ્થાને નવા ગ્રન્થોમાં તેમની ગુણગાથાઓનો જાણે મહાસાગર ઊમટી પડયો. ચોતરફ લોકનાયક ગણપતિની વાહવાહ થવા લાગી.

આ સમગ્ર પ્રચાર ખૂબ જ સુયોજીત અને વ્યવસ્થિત રીતે કરવામાં આવી રહ્યો હતો. પ્રારંભમાં તેમનો નગ્ન, ખુલ્લો દેહ, શણગાર રહિત વ્યક્તિત્વ જરાય આકર્ષે તેવા ન હતા પણ એકાએક નગ્ન દેહ ઉપર અદ્‌ભુત વસ્ત્રાભૂષણો અને આભૂષણો આવી ગયાં.

જે ધાર્મિક અને વિદ્વતાપૂર્ણ પ્રવૃત્તિનાં ધ્વંસક હતા તે એકાએક વિવેકબુદ્ધિના પ્રખર હિમાયતી, શાણપણનો અખૂટ ભંડાર અને મહાભારત જેવા મહાકાવ્યના લહિયાના સ્થાને સ્થાપિત થઈ ગયા. ગણેશ ગીતાનો પ્રાદૂર્ભાવ થયો.

એ જમાનાના વગદાર સમાજના કેટલાક બુદ્ધિશાળી લોકોએ આ હાથીના મસ્તકવાળા, ઉદર ઉપર સવાર કરનારા અતિસ્થૂળ અને દૂંદાળા હિંગુજીને જ્યારે સર્વસ્વીકૃત દેવતા તરીકે ગોઠવવા માટે અદ્‌ભૂત કથાઓ જોડી કાઢી આવી એક નહિ અનેક કથાઓ મોજુદ છે. એક કથા મુજબ તેમનો જન્મ સ્વાભાવિક અપ્રાકૃતિક રીતે શારીરિક સંયોગ વગર જ થયેલો હતો. આમ ગણપતિ શંકરના દત્તકપુત્ર છે. સ્વાભાવિક પુત્ર નથી.

લોક નાયક ગણપતિને દેવસ્થાન પ્રાપ્ત થતાં ઉચ્ચવર્ગના સમાજમાં પણ તેમનું બહુમાન થવા લાગ્યું અને ઘેર ઘેર તેમની મૂર્તિઓની સ્થાપના થવા લાગી.

## આરતી શ્રી ગણેશજી કી

જય ગણેશ, જય ગણેશ, જય ગણેશ દેવા ।
માતા તારી પાર્વતી પિતા મહાદેવા ।
લડ્ડુ અન્નકા ભોગ લગે સંત કરે સેવા ।। જય.
એકદન્ત દયાવન્ત ચાર ભુજા ધારી ।
મસ્તક સિન્દુર સોહે મૂષક કી સવાર ।। જય.
અધન કો આંખ દેત કોઢિન કો કાયા ।
બાંઝન કો પુત દેત નિર્ધન કો માયા ।। જય.
હાર ચઢે ફૂલ ચઢે ઓર મેવા ।
સબ કામ સિદ્ધ કરે શ્રી ગણેશ દેવા ।। જય.

### શ્રી ગણેશમંત્ર

सदानन्दं बिन्दुः कलयतु मदन्तः मृगुणतां
त्रिकोणं षट्कोणं षडरिविजयन्ते वसुदलम् ।
सुराणामैश्वर्यं नृपदलमिदं षोडशकलं
त्रिवृत्तं वेदास्त्रं त्रितयमपि सर्वार्थनिचयम् ।। २९ ।।

સદા સૌ આનંદો તુજ ભવનનું બિંદુ કરજો,
ગુણો આપો નિત્ય ત્રિભુજ, અરિ નાશો ૨જ ભુજે;
સુરોનાં ઐશ્વર્યો વસુદલ તથા પોડશદલ
કળા સોળે આપો, વલય ચતુરસ્ત્રાદિ સુખને. ૨૯

તારા યત્રમાં રહેલું બિંદુ મારા અંતઃકરણને સદા આનંદ આપો. ત્રિકોણ સદ્ગુણી બનાવો. ષટ્કોણ મોહ, મદ આદિ ષડ્રિપુ ઉપર વિજય અપાવો. અષ્ટદલ દેવતાઓનો વૈભવ આપો. ષોડશદલ સોળ કળાઓથી (ચંદ્ર જેમ સોળ કળાઓથી ખીલે છે, તેમ) ખીલાવો. ત્રણ વલય અને ચતુરસ્ત્ર ભૂપુરની ત્રણ રેખાઓ સકલ મનોરથના સમૂહો પૂર્ણ કરો. ૨૯

मयाकारि स्वामिस्तव वरदमूर्तेभगवतः
कृपातः कापीयं वचनरचनाभिः स्तुतिहि ।
त्वमङगीकुर्वेनां मयि च सततं प्रीतिमनया
यतो लोकः स्वान्तं सुखयति शिशूनां कलरवैः ।।५० ।।

રચી મેં તો સ્વામિન્ તુજ વરદમૂર્તે ! પ્રભુતણી કૃપાથી કોઈ આ વચનરચનાથી સ્તુતિ ખરી; લઈ તે સ્વીકારી અબુધ ઉપરે સ્નેહ કર જો પિતા તો બચ્ચાના કલરવ થકી હર્ષિત થતો. ૫૦

હે સ્વામિન્ ! વરદમૂર્તિ એવા તારી કૃપાથી મેં વાણી વડે તારી આ સ્તુતિ કરી છે. તું એને અંગીકાર કર અને મારા ઉપર સદા પ્રસન્ન રહે. કારણ સામાન્ય રીતે બાળકોની કાલીકાલી વાણીથી માબાપ આનંદ પામે છે. તું જગત્પિતા છે; તેથી મારી આ બાલોચિત સ્તુતિથી પ્રસન્ન થઈશ જ.

### પૂજન અર્ચન

○ ચૈત્રવદ પાંચમી
○ ચૈત્રગાસની વદ અષ્ટમી તા. ૩-૪-૯૪ 'બાલાપૂજન'
○ વૈશાખ વદ અષ્ટમી તા. ૧-૬-૯૪ 'મહા ગણપતિ પૂજન'
○ વૈશાખ વદ ચૌદસ તા. ૮-૬-૯૪ 'દુર્ગા પૂજન'

ચૈત્ર-વૈશાખ માસમાં પૂર્વ-આયોજિત પૂજનો બાલા, દુર્ગા, મહાગણપતિ, તેમજ પંચ-દશ પ્રકાર અને શ્રી વિદ્યાના પાત્રા સાદનપૂજનો શિક્ષિતોના મોટા સમૂહની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યાં.

★★

કોઈ માણસ જ્યારે બુરુ કામ કરે છે ત્યારે એ પોતાના મનથી વિરૂદ્ધ વર્તે છે. અત્યાર સુધીમાં કરોડો માણસો એકબીજા સાથે વેરભાવથી વર્તતા આવ્યા છે. એકબીજાનાં દુશ્મન બનીને લડી ચૂક્યા છે. છેવટે પોતાનાં મૃત્યુ સિવાય એમણે શું મેળવ્યું છે ?

માર્કસ ઓરેલિયસ

★★

જેઓ માતાપિતાને આદર આપતા નથી એમના માટે પરમાત્માના મંદિરના દ્વાર સદાને માટે બંધ રહે છે.

કોઈપણ ઊંચાઈએ પહોંચવા માટે કોઈ સીડીની જરૂર હોય છે. માતા પિતા પ્રત્યેના આદરની સીડીથી જ ઈશ્વર પ્રત્યે શ્રદ્ધાનો ભાવ જાગે અને પરમાત્મા સુધી પહોંચી શકીએ.

# આરોગ્ય

## બોન ટી. બી. પર ત્રિફલાગૂગળ

અમે ચાર ભાઈઓ હતા. હું સૌથી મોટો. ત્રીજા ભાઈનું નામ હતું બલવંતરાય. મારા પિતા ક્ષયરોગથી પીડિત થઈને દેવલાલી ગયા હતા. ત્યાં મારો ભાઈ બલવંત ત્રણ પૈડાંવાળી સાયકલ પરથી પડી ગયો. પીઠ તથા જાંઘમાં સોજો આવ્યો. એ વખતે બલવંતની ઉમર ચાર પાંચ વર્ષની હતી. આ વાત ઇ. સ. ૧૯૨૬ યા ૨૭ ની છે મુંબઈમાં જે. જે. હોસ્પિટલમાં બલવંતને બતાવ્યો. નવ મહિના હોસ્પિટલમાં બલવંતને બતાવ્યો. નવ મહિના હોસ્પિટલમાં રહ્યો ત્યાં એને પ્લાસ્ટર બાંધવામાં આવ્યું. નવ મનિા પછી બાંધેલા પટ્ટાની સાથે ઘેર લાવ્યા. પાટો ખોલતાં ખબર પડી કે કરોડ રજ્જુના બે મણકા સડી ગયા છે. એ જગ્યાએથી પરૂ નીકળવા માંડયું. પીઠમાં એક તથા બે જાંઘોમાં એક એક છિદ્ર થઈ ગયું. ત્રણ છિદ્રોમાંથી પરૂ રોજ નીકળતું હતું. છ મહિના પછી સૂરતની સિવિલ હોસ્પિટલમાં એક મહિનો રાખ્યો. ત્યાં રોજ પરૂ નીકળતું હતું. પરૂ નીકળ્યા પછી જ શાંતિનો અનુભવ થતો. વિશેષ લાભ ન થવાથી બલવંતને ઘેર લાવ્યા. ત્યાં પણ ઉપચાર તો ચાલું જ હતા. એક ડોસીએ પોતાનો એક અનુભૂત મલમ બતાવ્યો. આ મલમથી પરૂ નીકળવાનું દ્વાર બંધ થઈ જતુ હતું. પણ પછી બે ત્રણ મહિના બાદ પરૂ આવવા માંડતું હતું.

આ રીતે લગભગ દસ વર્ષ સુધી બલવંતનો ઉપચાર થતો રહ્યો. રોગ વચ્ચે વચ્ચે શાંત થઈ જતો હતો; પરન્તુ મૂળમાંથી જતો ન હોત. ઇ. સ. ૧૯૩૭માં હું ગુરૂકુલ કાંગડી (હરિદ્વાર)થી સ્નાતક થઈને ઘેર આવ્યો. જોયું તો ભાઈ બલવંત પથારીમાં સૂતો છે. પૂછવાથી જાણ્યું કે ભાઈને વરસમાં છ સાત મહિના પથારીમાં જ રહેવું પડે છે. મૂત્ર તથા મળત્યાગને માટે પણ ત્યાં જ વ્યવસ્થા કરવી પડે છે. લાંબી બિમારીથી ઘરના લોકો પણ તંગ આવી ગયાં હતાં. એ દિવસોમાં ગુજરાતના પ્રસિદ્ધ વૈદ્ય બાપાલાલભાઈ અમારા ગામ હાંસોટ (જિ. ભરૂચ)માં જ રહેતા હતા. હું એમને મળ્યો. એમણે મને કહ્યું કે આયુર્વેદમાં આને માટે દવા તો છે પણ લોકોમાં ધીરજ નથી જે રોગ દશ અગિયાર વર્ષથી થયો છે તે બે ચાર દિવસમાં મટાડી ન શકાય. તમને જો આયુર્વેદમાં શ્રદ્ધા હોય તો તથા ધીરજથી કામ કરી શકો તો બલવંતને કોઈપણ રૂપમાં ગૂગળનું સેવન કરાવો. ત્રિફળા ગૂગળ વધારે યોગ્ય છે.

વિચાર્યુ કે પરીક્ષણ કરવું છે તો હું પોતે જ આ કેમ ન બનાવું ? મેં ગૂગળને શુદ્ધ કર્યો. ગૂગળમાં ગાયનું ઘી મેળવીને એક લાખ આઘાત દ્વારા અધિક ગુણવાળું બનાવી પ્રક્ષેપ દ્રવ્ય નાખી ત્રિફળા ગૂગળ બનાવ્યું. દોઢ મહિને આ દવા તૈયાર થઈ. ત્રણ વાર ગોળીઓ સવાર સાંજ થોડા દૂધ કે પાણી સાથે આપવી શરૂ કરી મારી બનાવેલી ગોળીઓ એક વર્ષ સુધી ચાલી. પછી ઝંડુ ફાર્મસીએ બનાવેલ ત્રિફળા ગૂગળનો પ્રયોગ કરવામાં આવ્યો. પહેલાં બે મહિના ખાસ પ્રભાવ જોવા ન મળ્યો. કંઈક નિરાશા જેવું પણ લાગ્યું. પરંતુ ત્રીજા મહિનામાં પ્રભાવ સ્પષ્ટ માલુમ પડયો. પરૂ આવવું ઓછું થઈ ગયું. શરીરમાં સ્ફૂર્તિ માલુમ પડવા લાગી. આ પરિવર્તનથી સ્વયં બલવંતમાં શ્રદ્ધા ઉત્પન્ન થઈ. સાત આઠ મહિનામાં લગભગ સંપૂર્ણ સ્વસ્થ થઈ ગયો. તેમ છતાં સવાર સાંજ બે બે ગોળીઓ ચાલું રાખી આ રીતે દોઢ વર્ષ સુધી દવા ચાલું રાખી. પછી તો કયારેક કંઈક કસર જેવું લાગે તો થોડા દિવસ આ ગોળીઓનો ઉપયોગ કરવામાં આવતો.

દવાનાં વખતે, પહેલેથી જ બપોરનું એક વખતનું ભોજન કરવાનું કહેવામાં આવ્યું હતું. કોઈ દિવસ સાંજે બહુ ભૂખ લાગે તો હલકાં ખોરાકની છૂટ આપવામાં આવી હતી. નીચેની ચીજો અપથ્ય સમજીને છોડી દેવામાં આવી હતી, મગ સિવાય બધી દાળ, કેરી, ખાટા પદાર્થ તથા મિઠાઈ વગેરે ભારે પદાર્થ.

જે બળવંત વર્ષમાં છ સાત મહિમા પથારીમાં સૂઈ રહેતો હતો, તે એક વરસની દવા પછી અમારી મિઠાઈની દુકાનમાં બે બે કારીગરોનું કામ ભઠ્ઠી પર બેસીને કરવા લાગ્યો હતો.

આ વિષયમાં વિચાર કરતા લાગ્યું કે ગૂગળ પરૂ બનાવવાની પ્રક્રિયાને રોકનાર છે. પરૂનું બનવું બંધ થઈ જાય છે. ત્રિફલા નવજીવનદાતા છે. શરીરમાં પ્રત્યેક વિજાતીય દ્રવ્યને કાઢીને શરીરનાં કોપોને શુદ્ધ કરી એમને પ્રાકૃત સ્વરૂપમાં લાવી શરીરવિકાસમાં સહાયક થાય છે.

૧૯૪૮માં હું ગુરૂકુલ સોનગઢ (સૌરાષ્ટ્ર)માં હતો. એ દિવસોમાં ચારિત્ર્યવિજય જૈન આશ્રમમાં એક વિદ્યાર્થીને એડીમાં ઝેરી કાંટો વાગવાને કારણે પાકવાથી એવો ઊંડો ઘા થયેલો કે અંદરનું હાડકું પણ દેખાતું હતું.

વિદ્યાર્થી દશબાર દિવસથી પથારીમાં જ પડયો રહેતો હતો. રોજ પરૂ નિકળતું હતું. સ્થાનિક સરકારી હૉસ્પિટલથી સારૂ ન થતું જોઈ મેં આ વિદ્યાર્થીને રોજ ત્રિફલા ગૂગળની છ ગોળીઓ આપવાનું શરૂ કર્યું તથા એક ખાસ પ્રકારનું ડ્રેસિંગ શરૂ કર્યું. એક મહિના પછી આ વિદ્યાર્થી સ્કૂલમાં પણ જવા માંડયો. ત્યારથી કોઈ પણ જૂના ઘામાં જ્યારે પરૂં આવે છે તો ત્રિફલા ગૂગળનો પ્રયોગ કરૂં છું.

આયુર્વેદમાં જૂનામાં જૂના જે શ્રેષ્ઠ પદાર્થોનો ઉલ્લેખ છે. તેમાં ગૂગળ પણ એક છે. વેદોમાં પણ એનો ઉલ્લેખ છે. એમાં એ રસાયન છે. કેમ કે પ્રત્યેક રોગમાં પછી એ વાયુનો પિત્તનો કે કફનો હોય. વપરાય છે. આ જાતનાં દ્રવ્યોનાં આવા સુપરિણામોને જોઈને આવા દ્રવ્યોને રસાયન કહેવામાં આવ્યા છે, ગૂગળમાં મધુર, તૂરો તથા કડવો રસ પ્રધાન છે. જેથી એ ક્રમશઃ વાત, પિત્ત, તથા કફને શાંત કરે છે. વાયુના રોગોમાં તા એનો ઉપયોગ પ્રસિદ્ધ તથા સિદ્ધ જ છે. ગૂગળ રક્તશોધક છે. રક્તદોષનું શમન કરવાથી રક્તદોષથી ઉત્પન્ન થનારાં રોગોને દૂર કરે છે. નાડીવ્રણ, ભગંદર કંઠમાલા જેવા દુઃસાધ્ય વ્રણોમાં ઉપયોગી ગુણોને કારણે જ અન્ય રક્તશોધક દવાઓની સાથે એનો ઉપયોગ કરવામાં આવે છે.

બલવંતને માટે સૂરત સિવિલ હૉસ્પિટલમાં બોન ટી. બી. નું નિદાન કરવામાં આવ્યું હતું. પછી પાંચ છ વર્ષ સુધી વૈજ્ઞાનિક કહેવાતી એલોપથીના ઈલાજ થતા રહ્યા. પરંતુ ન મટયો. ત્યારે આયુર્વેદનાં સાધારણ દેખાતાં એક પ્રયોગ તથા પથ્યથી આં રોગ કાબૂમાં આવી ગયો. આયુર્વેદમાં બોન ટી. બી. ને કદાચ આંતર વિદ્રધિ કહેવામાં આવ્યો છે. આયુર્વેદમાં એને માટે જે ઔષધ બતાવાયા છે એમાં મુખ્ય છે ગૂગળ. શરીરમાં પચીને ગૂગળ શરીરને રોગનાં પ્રતિકાર માટે તૈયાર કરી દે છે. ગૂગળનાં ચંદ્રપ્રભા વગેરે પ્રયોગ પણ ખૂબ પ્રસિદ્ધ છે. સ્ત્રી તથા પુરૂષના બહુ જ રોગોમાં એનો પ્રયોગ કરવામાં આવે છે. ગૂગળ જ તુધ્ન પણ છે. એથી મંદિરો, મસ્જિદોમાં તથા યજ્ઞ યાગાદિમાં એનો ઉપયોગ થાય છે.

★★★

## શ્રી મુદ્ગલાવતાર મહાસિદ્ધપીઠાધીશ્વર બ્રહ્મભૂય શ્રી ગણેશયોગીન્દ્ર મહારાજ ગાણપત્યસંપ્રદાયના મૂર્ધન્ય આચાર્યવર્ય

સુપ્રસિદ્ધ પ્રભાસ પાટણની નજીકના નાનકડા આંબી ગામનાં તપોનિષ્ઠ દંપતિ શ્રી મોરેશ્વરભાઈ અને અ. સૌ. સુશીલાબહેને પુત્રપ્રાપ્તિની ઈચ્છાથી મોરગાંવમાં કરેલા તપથી પ્રસન્ન થયેલા શ્રી ગણેશ ભગવાનના તમારો મનોરથ સફળ થાઓ એવા વરદાન સાથે સ્વેદશમાં પાછા આવીને વસેલા તે માતાપિતાને ત્યાં સંવત ૧૬૩૪ના શ્રાવણ વદ પાંચમને મંગળવારે જન્મ લઈ પ્રભાસપાટણમાં વિદ્યાસર્જન કરી શ્રીશૃંગેરીપીઠાધીશ્વર જગદ્‌ગુરૂ શંકરાચાર્યનું શિષ્યપદ સ્વીકારી મોરગાંવમાં નિવાસ કરી, તે કાળમાં ભારતભરમાં લુપ્ત થઈ ગયેલા શ્રીમુદ્‌ગલપુરાણને વિવિધ સ્થળે શોધવા છતાં ન મળવાથી (પુનઃ પોતાના મોરગાંવના આશ્રમમાં આવી) ચિંતાતુર બનેલા આપને શ્રી ગણેશે બ્રાહ્મણરૂપે આવીને પોતાની પાસેથી મુદ્‌ગલ પુરાણની પ્રત આપી. તે ઉપરથી (તે ગ્રંથને પ્રતિચતુર્થીએ એક એક ખંડરૂપે પ્રાપ્ત કરી) તેની પ્રતિલિપિ તૈયાર કરી તેના ઉપર સંસ્કૃતમાં ભાષ્ય લખી આપે ગણેશ ભક્તો અને પુરાણના સંશોધકો ઉપર મહદ્ ઉપકાર કર્યો છે.

યોગનિષ્ઠ ! આપે મુદ્‌ગલપુરાણમાં આવતી યોગગીતા ઉપર પણ અમૂલ્ય ટીકા લખી યોગ માર્ગના જિજ્ઞાસુઓ ઉપર મહાન ઉપકાર કર્યો છે. યોગનિષ્ઠ જીવનમાં (સંવત ૧૬૩૪ થી સં. ૧૮૬૧ સુધી) ૨૨૭ વર્ષનું આયુષ્ય યોગ દ્વારા પ્રાપ્ત કરેલું તેથી આપની યોગેન્દ્ર સંજ્ઞાને આપે સાર્થક બનાવી છે.

**ગણપતિની પૂજાનું મહત્ત્વ :**

શાસ્ત્રો તથા પુરાણોને વિશે આપણા આદિઋષિઓ તથા મુનિઓ કહી ગયા છે કે, કળિયુગમાં અત્યંત ઉત્તમ ફળ આપનારા તથા તત્કાળ સિદ્ધિ આપનારા દેવતાઓ બે છે. "कलौ चंडी विनायकौ" આ સૂત્ર એમ દર્શાવે છે કે કળિયુગમાં દેવી ચંડિકા અને વિનાયક અર્થાત્ ગણપતિ આ દેવના પૂજનથી માણસની મનોકામનાઓ તત્કાળ સિદ્ધ થાય છે, આથી ઈચ્છા પ્રમાણેની કામનાઓની સિદ્ધિ માટે આ યુગમાં ગણપતિનું પૂજન એ શ્રેષ્ઠ માર્ગ છે. ઉન્નતિની ઈચ્છાવાળા દરેક માણસે સાચા દિલથી ગણપતિનું પૂજન કરવું જોઈએ તો તે અનન્ય સિદ્ધિ પામી શિવલોકમાં નિવાસ કરે છે. આ પ્રમાણે ગણેશ પૂજાનો મહિમા શાસ્ત્રોમાં વર્ણવેલો છે.

## સંસ્થા સમાચાર

**● આનંદ ગ્રંથાલય :**

આનંદ ગ્રંથાલયને ભેટ-પુસ્તકો દ્વારા શુભેચ્છકો દ્વારા અને અન્ય સહયોગ દ્વારા સુંદર આવકાર મળી રહ્યો. શ્રી જયરામભાઈ, શ્રી રમેશભાઈ ત્રિવેદી, શ્રી પ્રહ્લાદભાઈ નાયક, શ્રી કંચન બહેન (કીકીબહેન) શુક્લ. તેમજ પૂ. શ્રી દેવી બા પૂ. શિવગુરૂજી દ્વારા વિપુલ પુસ્તકોનો સહયોગ પ્રાપ્ત થયો છે.

**● શ્રી ઉપાસના**

વાર્ષિક તેમજ આજીવન સભ્યો બનાવવાની એક સઘન યોજના ટ્રસ્ટે ઘડી કાઢીને ઉત્સાહી સદ્‌ગૃહસ્થોને કામે વળગાડી દીધા છે. આ ઉમદા ઉદાહરણમાંથી અન્ય ભાવિકજનો પ્રેરણા મેળવશે તેવી શ્રદ્ધા છે.

**● શ્રી રાજરાજેશ્વરી પીઠમની સેવા યોજના :**

પ્રત્યેક માસના ધાર્મિક ઉત્સવોમાં સેવા આપવા ઈચ્છતા સેવકોની યાદી તૈયાર કરીને સમગ્ર વર્ષનું આયોજન કરીને અમલમાં મૂકવામાં આવ્યું છે.

**● ગુરુપૂર્ણિમા-મહોત્સવ : (૨૦-૭-૯૪ બુધવાર)**

આનંદધામમાં ગુરુપૂર્ણિમાં મહોત્સવ આષાઢ સુદ બારસને બુધવાર તા. ૨૦-૭-૯૪ના રોજ સવારે આઠ વાગ્યાથી પ્રારંભાશે. આ મહોત્સવમાં શ્રી પૂજન, શ્રી ગણપતિ, શ્રી બટુકદાદા, શ્રી બાલા, શ્રી દુર્ગાનાં પાત્રા સાદન પૂજન યોજવામાં આવેલ છે. આ શુભ પ્રસંગે જુદી જુદી સમિતિઓ દ્વારા સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

★★★

**શ્રી ઉપાસના આજીવન સભ્યોની યાદી**

(૧) કસ્તુરીબેન વી. ઘડિયાળી -અમદાવાદ
(૨) દેવિકાબેન ચંદ્રકાન્તભાઈ ઓઝા - અમદાવાદ
(૩) ગૌતમભાઈ મધુસૂદનભાઈ જાની-અમદાવાદ
(૪) કીકીબેન શ્યામલાલ શુક્લ- અમદાવાદ
(૫) જયશ્રીબેન અરવિંદકુમાર ઓઝા-અમદાવાદ.

★★

**..આનંદ ગ્રંથાલય શુભેચ્છકો..**

(૧) શ્રી કમળાબેન પોપટલાલ પટેલ, અમદાવાદ
રૂ. ૧,૧૧૧=૦૦
(૨) શ્રી ભાનુબેન રસિકલાલ ખમાર - લંડન
રૂ. ૧,૧૧૧=૦૦

## ભાવ – પ્રતિભાવ

**પૂજ્ય શ્રી દેવી બા,**

આદરણીય **શ્રી શિવગુરૂજી**, સંપાદક શ્રી રમેશભાઈ ત્રિવેદી તથા પરિવારના **સ્વજનો** મારી હૃદય વંદના સ્વીકારશો.

માર્ચ - એપ્રિલનો શ્રી ઉપાસના અંક મળ્યો. સાચે જ સ્પર્શી ગયો. સંપાદકશ્રીને અંતરના અભિનંદન.

પાન ૧૮ સિવાયના બધા લેખો મન ભાવક છે. એક એક લેખની સમીક્ષા કરવા બેસું તો તે એક લાંબો લેખ બની જાય પણ વાસ્તવમાં આ અંકની પ્રસાદી સાચેજ ઉત્તમ છે. વસ્તુ હંમેશાં સારી હોય પણ તે પ્રસાદરૂપે આવે તો તે ઉત્તમ બની જાય છે. આતો શ્રીદેવીબાની પ્રસાદી છે. એની મૂલવણી કરનાર હું કોણ?

છતાં તમારો સહિયારો પુરુષાર્થ ખૂબ ખૂબ અભિનંદનીય છે.

આભાર... **તમારા યશવંત કડીકરના પાય વંદના**

★★★

મે. સાહેબ, નમસ્કાર,

માર્ચ-૯૪નો શ્રી ઉપાસના અંક જોયો. પ્રથમ નજરે જ ગમી જાય તેવા આવરણ સાથેનો આ અંક લખાણ તથા લેખની સામગ્રી પણ તેટલી જ ઉચ્ચ કોટિની અને સાત્ત્વિક લાગી.

આજે જ્યારે માનવતા અને માણસાઈનો દુષ્કાળ પ્રવર્તે છે ત્યારે માણસના ઉંડાણમાં એક માત્ર 'ધર્મ' જ ઠંડક આપી શકશે. આ કામ શ્રી ઉપાસના કરી શકશે તેવું લાગે છે.

હું મારી તમામ શુભેચ્છાો પાઠવું છું અને તંત્રીશ્રીને મારા ધન્યવાદ આપું છું. આ સંસ્થા ફૂલે, ફાલે મહોરે અને મહેંકે તેવી હૃદયની અભ્યર્થના.

સદ્‌ગુરુ પૂજ્યપાદ શ્રી દેવી બા શ્રી ગુરુજી સંસ્કારનું આ વૃક્ષ ઉછેરી રહ્યા છે તે વટવૃક્ષ બની સમાજમાં અજવાળાં પાથરશે એમાં શંકા નથી.

**પ્રભુદાસ પટેલ**
આચાર્ય, શ્રી વિદ્યાનગર હાઈસ્કૂલ

"શ્રી ઉપાસના" સામયિકનો અભ્યાસ કરવાનું સદભાગ્ય પ્રાપ્ત થયું.

રૂપે રંગે તો સુંદર છે જ પરંતુ માહિતી પણ પ્રેરણાદાયી અને ઉપાસકો સાધકોને ઉપયોગી થાય તેવી છે. અભ્યાસપૂર્ણ લેખો મનનીય છે. સમાજને આ સદ્‌વિચાર પ્રેરક અને શ્રી વિદ્યાની સઘન માહિતી આપવાનો સ્તુત્ય અને આવકારદાયક કાર્ય થઈ રહ્યું છે. સમાજને આ સામાયિક ખૂબજ ઉપકારક બની રહેશે. સામાયિક ખૂબ જ પ્રગતિ કરી જ્ઞાનનો પ્રવાહ રેલાવે એ શુભ કામના સહ...

**સનતભાઈ મૂળજીભાઈ પટેલ**

॥ શ્રી ॥

## શ્રીસદ્‌ગુરુવે નમઃ

# "શ્રી વિદ્યાપૂર્વેની સજ્જતા"

આત્મીય દીક્ષિત અને ઉપાસક-આરાધક બંધુઓ, સાદર સવિનય ભાવ વંદના સહ.

શ્રી ઉપાસના દ્વારા આપણે સૌ ઉત્તમ માનવ જીવન જીવવાનો સમૃદ્ધ સાત્વિક વિચારોનો સદ્‌ગુરુએ સિંચેલો સંત, ઋષિ અને મનિષિઓથી પોષાએલો, આનંદવર્ધન કરનારો ખજાનો પ્રાપ્ત કરી રહ્યા છીએ.

આપણા સૌનો સહજ અનુભવ છે કે કૃષિકાર ખેડૂત ખેતરમાંથી સુંદર પાક પ્રાપ્ત કરવા બીજ વાવતાં પહેલાં ખેતરને ખેડીને, ખાતર ભરીને, ખેતરની સીમાઓને વાડ દ્વારા સુરક્ષિત કરીને યોગ્ય કાલે પાકનાં નક્ષત્રો પ્રમાણે બીજારોપણ કરીને, પાણી સિંચીને કૃષિવિષયક સઘળી કામગીરી વફાદારીથી બનાવીને જ સુંદર પાક પ્રાપ્ત કરે છે.

દીપોત્સવીનાં મંગલ પર્વો માણવા ઘરને સાફસૂફ કરીને, ધોળાવી, રંગાવીને વાસણોને માંજીને, ફર્નિચરની યોગ્ય સજાવટ કરીને ઘરમાં સઘળી સામગ્રી વસાવીને, મનરંજ વસ્ત્રોથી સજ્જ થવું ખૂબ જ જરૂરી અને અનિવાર્ય છે.

આ રીતે જીવનના તમામ ક્ષેત્રોમાં સારા કાર્યો માટે સજ્જતા જરૂરી છે. ભવ્ય ઈમારતો માટે ભવ્ય પાયો મજબૂત પાયો આવશ્યક અને અનિવાર્ય છે. પરણતાં પહેલાં વરરાજાને કેટલા સજ્જ થવું ખૂબજ જરૂરી અને અનિવાર્ય છે.

પરણતાં પહેલાં વરરાજાને કેટલા સજ્જ થવું પડે છે? માયરામાં પધરાવતાં પહેલાં કેટલું સુંદર થવું પડે છે! ત્યારે ભાઈ, આ તો શ્રદ્ધા સાથે સ્નેહ જોડવાનો છે. કહો કેટલી સજ્જતા જોઈએ?

આપણે પણ 'શ્રી ઉપાસના'ના આઠેય અંકો દ્વારા શ્રીવિદ્યાના દિવ્ય ધામમાં પ્રવેશવાની સજ્જતા કરી લીધી.

પ્રથમ અંકે પૂર્વ ભૂમિકાનાં દર્શન કરાવ્યાં, ગુરૂપૂર્ણિમાં અંક દ્વારા ગુરુની દિવ્ય શક્તિ પામવા કેવા સદ્‌ગુરુની અને સદ્‌શિષ્યની આવશ્યકતા છે તે જીજ્ઞાસાવૃત્તિને પોષી. દીપોત્સવી અંક દ્વારા જીવનમાં પ્રકાશ કેવી રીતે લાવવો એવી ઝાંખી કરી સદ્‌ગુરૂ શ્રીદેવીબા જન્મોત્સવ અંક દ્વારા ગુરૂ જીના ગુણો જાણ્યા. મહાલક્ષ્મી અંકથી જીવનનો ભૌતિક એવં આધ્યાત્મિક વૈભવ કેવી રીતે વધારવો તેનું દર્શન કર્યું. મહાસરસ્વતી અંક દ્વારા વાણીને મધુમતી બનાવવાની કલા પામવા પ્રયત્ન કર્યો. સદાશિવ અંક દ્વારા સદ્‌શક્તિને કલ્યાણ કાર્યોમાં પ્રયોજવાની રીત જાણી. ગુરુ-ગણપતિ અંકથી જીવનમાં આવતા વિઘ્નોથી કેમ બચવું એના સુંદર વિચારો જાણવા કોશિષ કરી.

ભુક્તિ-મુક્તિ પ્રદાયિની, દિવ્યતાના દાન દેનારી દિવ્ય વિદ્યા શ્રી વિદ્યા છે. શ્રી વિદ્યામાં પ્રવેશતાં પહેલાં આટલી પૂર્વ તૈયારી ખૂબ જ જરૂરી બની રહે છે.

આટલી સજ્જતા અનિવાર્ય છે. "મધુરતા પામતાં પહેલાં મધુર બનતું પડે છે.

★★★

વહાલા બંધુઓ,

સાદર વંદન,

શ્રીરાજરાજેશ્વરી પીઠમ્, આનંદ-ધામમાં મહિનામાં બે સત્સંગો યોજાય છે. શ્રીવિદ્યા તો સમૃદ્ધ ખજાનો છે. દિવ્ય ખજાનો છે. એનો લાભ ઉપાસકોને મળે તે દૃષ્ટિએ શ્રી સદ્‌ગુરૂ શ્રીદેવીબા અને શ્રીસદ્‌ગુરૂ શિવગુરૂજીના જીવનમાંથી પ્રેરણાપામી સત્સંગ પ્રગટ્યો.

સત્સંગમાં સર્વે દીક્ષિતો અને ઉપાસકો હાજર રહી ન શકે એ સ્વાભાવિક છે. વળી સત્સંગમાં શ્રી વિદ્યાનું વિશાળ જ્ઞાન આવરી લઈ શકાય નહિ. સત્સંગરૂપી ગાગરમાં શ્રીવિદ્યાનો સાગર કેવી રીતે સમાવી શકાય?

તે પરિસ્થિતિને ધ્યાનમાં લઈ કરુણાની દેવી સ્વરૂપ શ્રી દેવી બા અને કરુણાવતાર સદ્‌ગુરુ શિવગુરુજીની અસીમ કૃપા એવં કરુણારૂપે "શ્રી ઉપાસના રૂપી સરિતાના સ્વરૂપને સામાયિક હવે પ્રત્યેક દીક્ષિત એવં ઉપાસકોનું એ કર્તવ્ય બની રહે છે કે "શ્રી ઉપાસના" ના સભ્ય થવું અને અન્ય ઉપાસકને પણ આ લાભ મળે તે માટેનો પુરુષાર્થ કરવો જરૂરી છે. સદ્‌વિચાર પ્રચાર પ્રસારનું પુણ્ય રળી લેવાની તક ગુમાવવી આપણને પરવડે તેમ નથી. પ્રત્યેક દીક્ષિત આ દિવ્ય વિચારને દશ પરિવાર સુધી પહોંચાડી શ્રી ઉપાસનાના સભ્ય બનાવે.

સારા વિચારોની સુવાસ (ફોરમ) સુદૂર લઈ જવાનુ પુણ્ય કમાવા જેવું છે.

ગુરુપૂર્ણિમાએ આવતાં પહેલા આ શુભ સંકલ્પ કરી લેવા જેવો છે, દરેક દીક્ષિત ઓછામાં ઓછા બે આજીવન સભ્ય બનાવશે. પ્રયાસ કરે એ જરૂરી છે.

# ॥ कुर्यात् सदा मंगलम् ॥

મધુર વાણીમાં ભદ્ર લક્ષ્મી વસે છે. વાણી અને વિચારના વિવેક વ્યવહારથી સખ્ય મિત્રતા કેળવાય છે. માટે વાણીનું સૌંદર્ય ખીલવીએ.

સદ્ સાહિત્ય પળે પળે સ્વર્ગનો આનંદ આપે છે. " શ્રી ઉપાસના " આવું સાહિત્ય પીરસવાનો પ્રયાસ કરે છે.

" શુભ થાઓ આ સકલ વિશ્વનું " આ એક સુંદર પ્રાર્થના છે. આ ભાવના "कुर्यात सदा मंगलम् " ને પ્રેરે છે, ચાલો આપણે સૌ જનોના માટે હિતનાં હૈયાં કેળવીએ. ચાલો આપણે "સ્વસ્તિ પુણ્યાહ વાચન" ના મંત્ર જીવનમાં ચરિતાર્થ કરીએ.

સર્વ વિશ્વના કલ્યાણાર્થે ભગવતી સદા જાગતાં રહે છે. અને એની ઉપાસના कुर्यात सदा मंगलम् માટે પ્રેરે છે. વિશ્વના કલ્યાણની પ્રેરણા આપી તેથી વિશ્વામિત્ર કહેવાયા.

ગુરુપૂર્ણિમાના પાવનકારી પર્વે સદ્ગુરુના ચરણકમલોનો આશ્રય કરી મંગલ કાર્યો કરવાના શુભ સંકલ્પો કરી એને ચરિતાર્થ કરીએ.



શ્રી યંત્રરાજ